વર્ષ : ૬૩ ■ અંક : ૧૩ ■ તા.૦૧-૦૭-૨૦૨૩

# ગુજરાત


ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



## ‘એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય’ માટે યોગ

# યોગમય વિશ્વ - યોગમય ગુજરાત




બિપરજોય વાવાઝોડા સામે
રાજ્યના વહીવટીતંત્ર દ્વારા
યુદ્ધના ધોરણે
બચાવ - રાહત
કામગીરી

Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 63 ▪ Issue : 13 ▪ Date 01 - 07 - 2023

**તંત્રી** : ધીરજ પારેખ
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, સુનિલ પટેલ, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ વિભાગ** : બી. કે. પરમાર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯ - ૨૩૨૫૩૪૪૨
**ઈ-મેલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઈટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.

# શબ્દશઃ



- રાજ્ય સરકારે ગરીબો, વંચિતો, પીડિતોના સર્વગ્રાહી વિકાસને પ્રાથમિકતા આપી છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના માર્ગદર્શનમાં રાજ્યમાં મેડિકલ એજ્યુકેશનનો વ્યાપ વધ્યો છે.
- રાજ્યમાં દર વર્ષે અંદાજે સાત હજાર જેટલા નવા ડૉક્ટર્સ ઉપલબ્ધ થશે.
- ગ્રામ્ય સ્તરે પણ હવે મલ્ટી-સ્પેશ્યાલિટી હોસ્પિટલ્સની સુવિધાઓ મળતી થઈ છે.
- વડાપ્રધાનશ્રી એ ગરીબોને વિશ્વની સૌથી મોટી જન-આરોગ્ય સુરક્ષા યોજના 'આયુષ્માન ભારત'ની ભેટ આપી છે.
- 'આયુષ્માન ભારત'નો કરોડો લોકોને લાભ મળતો થયો છે.
- ગ્રામીણ કક્ષાએ પણ અદ્યતન સારવાર ઉપલબ્ધ બની છે.
- સુશાસનથી જનસેવાનો સંકલ્પ સાકાર થઈ રહ્યો છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના નવ વર્ષમાં વિકાસ છેક છેવાડાના ગામો સુધી વિસ્તર્યો છે.

(મુખ્યમંત્રીશ્રીએ 'આઓ ગાઁવ ચલે' અભિયાનના પ્રારંભ પ્રસંગે આપેલા વક્તવ્યના અંશો)

9 નવતર

11 વિકાસયાત્રા

42 G-20 વિશેષ

43 સાફલ્યગાથા


44 નિર્ણય

વિશેષ અહેવાલ

47 વિશ્વ પ્લાસ્ટિક બેગ મુક્ત દિવસ: પ્લાસ્ટિકરૂપી વિકરાળ રાક્ષસને નાથવો અનિવાર્ય - નીરવ રાવલ

48 વિશ્વ વસ્તી દિવસ - હર્ષદ રૂપાપરા

50 રાજ્યના ૧.૫ કરોડ લોકોને રોજગારી પૂરી પાડતું "બ્લ્યૂ રિવોલ્યુશન" - સુનિલ પટેલ

વાચકોનો અભિપ્રાય એ પત્રકારત્વનો પ્રાણ છે. તમારું માનીતું અને વિશ્વસનીય પાક્ષિક 'ગુજરાત' તમારા અભિપ્રાયના આધારે જ વધુ વાંચનક્ષમ અને રસપ્રદ બને છે. 'ગુજરાત' પાક્ષિકનો અંક કેવો લાગ્યો, તેની વાંચનસામગ્રી, ભાષા, વિચારો વગેરે વિશે તમારાં મંતવ્યો અમને મળે અને પાક્ષિકની વિકાસયાત્રા વધુ ગતિશીલ બને એ દિશામાં અમારો આ નમ્ર પ્રયાસ છે. આપનાં મંતવ્યો **તંત્રીશ્રી, ગુજરાત પાક્ષિક કાર્યાલય, પ્રકાશન શાખા, બ્લોક નં. ૧૯, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર**ના સરનામે સુવાચ્ય રીતે કાગળની એક બાજુ લખીને મોકલી આપવા વિનંતી છે.

- તંત્રી


6 **સંવાદ**
મન કી બાત








10 **સમીક્ષા**
ગુજરાતના મહત્વના વિકાસકાર્યોની સમીક્ષા કરતાં કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી

20 **આપત્તિ વ્યવસ્થાપન**
ગુજરાત સરકારે લીધેલાં સર્વોત્તમ પગલાં એ આપત્તિ વ્યવસ્થાપનનું ઉત્તમ ઉદાહરણ







34 **પ્રોત્સાહન**
ગુજરાતી ફિલ્મ ઉદ્યોગથી રોજગાર અને પ્રવાસન ઉદ્યોગ વેગવંતો બન્યો

36 **યોગ દિન વિશેષ**
'એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ'ના સૂત્ર સાથે ગુજરાત બન્યું યોગમય






# ગુજરાતે કરી આપત્તિ વ્યવસ્થાપનની નમૂનેદાર કામગીરી...

ધીમા પગલે વર્ષારાણીનું આગમન રાજ્યમાં થઇ ગયું છે. વરસાદના આગમન સાથે ધરતીપુત્રો પણ ખેતરમાં વાવેતર માટે સજ્જ થયા છે. કુદરતના પ્રચંડરૂપનાં દર્શન આપણને તાજેતરમાં સૌરાષ્ટ્ર કિનારે ત્રાટકેલા 'બિપરજોય' વાવાઝોડાએ કરાવ્યા. ભૂતકાળના અનુભવના ભાથાને આધારે અગાઉથી બચાવ માટેના લીધેલા પગલાઓને કારણે 'ઝીરો કેઝ્યુઅલ્ટિ' સાથે સમગ્ર દેશ પ્રેરણા લઇ શકે તે પ્રકારનું ઉત્તમ આપત્તિ વ્યવસ્થાપન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાત રાજ્યે કરી બતાવ્યું છે. કેન્દ્ર સરકારનું ઉત્તમ માર્ગદર્શન, તંત્રનું સંકલન, છેવાડાના માનવી માટેની સંવેદના, ઝડપી લોજિસ્ટિક્સનું સ્થળાંતર, એકપણ માનવ ખુવારી ન થાય તે પ્રકારનું ઝીણવટથી કાંતેલું વ્યવહારું વ્યવસ્થાપન આ બધાં પગલાઓને કારણે ગુજરાત બિપરજોયની આપદામાંથી સાંગોપાંગ બહાર નીકળી ગયું છે. તેની પ્રશંસા સમગ્ર રાષ્ટ્ર કરી રહ્યું છે.

વાવાઝોડા બાદ તરત જ કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે અસરગ્રસ્ત વિસ્તારનું હવાઇ નિરીક્ષણ તેમજ અસરગ્રસ્તોને મળીને રાહત બચાવ માટેના પગલાઓ માટેની તંત્રને સૂચના આપી હતી. જરૂરી મદદ-સહાયની પણ જાહેરાત કરી દેવામાં આવી હતી. તો, કૃષિ અને મકાનોને થયેલા નુકશાન માટેના સર્વેની કામગીરી પણ તુરંત જ હાથ ધરવામાં આવી હતી. સંવેદનશીલ સરકાર કોને કહેવાય તેનું ઉદાહરણ આ બધા કાર્યોમાં સુપેરે દેખાઇ આવે છે.

રાજ્ય ઔદ્યોગિક ક્ષેત્રે આગળ છે તેનું એક કારણ આવતી તકને ઝડપી લેવાની સજ્જતા છે. દેશ અને દુનિયામાં આજે સેમિકન્ડક્ટરની બોલબાલા છે. વિશ્વમાં સેમિકન્ડક્ટર ઉત્પાદન ક્ષેત્રની અગ્રેસર કંપની પૈકીની માઇક્રોન ટેક્નોલોજી ગુજરાતના સાણંદમાં રૂ. ૨૨,૫૧૬ કરોડનો પ્લાન્ટ સ્થાપશે. આમ, વિશ્વ પ્રવાહો સાથે ચાલીને આવનારા દિવસોમાં રાજ્ય સેમિકન્ડક્ટરના ઉત્પાદનનું હબ બનવા અગ્રેસર બન્યું છે.

યોગ એ પ્રાચીન ભારતની વિશ્વને ભેટ છે. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સંયુક્ત રાષ્ટ્રના હેડક્વાર્ટર ખાતે વિશ્વના ૧૩૫ થી વધુ દેશના પ્રતિનિધિઓ સાથે એકસાથે યોગ કરીને વિશ્વ રેકોર્ડ સ્થાપ્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આ અવસરે જણાવ્યું હતું કે, યોગ જીવન જીવવાની એક રીત છે ત્યારે સમગ્ર વિશ્વ તેના મહત્ત્વને પીછાણતું થયું છે. ગુજરાતમાં રાજ્યકક્ષાના યોગ દિવસની ઊજવણી સુરત ખાતે થઇ હતી. જેમાં એક સાથે ૧.૫૦ લાખ નાગરિકોએ યોગાભ્યાસમાં જોડાઇને ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં નામ નોંધાવ્યું.

વિકાસના વિવિધ પાસાઓ સાથે રાજ્યની કલાને પણ પ્રોત્સાહન મળે તે માટે તાજેતરમાં માહિતી ખાતા દ્વારા ચલચિત્ર પારિતોષિક વિતરણ કાર્યક્રમમાં શ્રેષ્ઠ નિર્માતા, શ્રેષ્ઠ નિર્દેશક, શ્રેષ્ઠ ચલચિત્ર તેમજ શ્રેષ્ઠ કલાકાર સહિતની વિવિધ ૪૬ કેટેગરીમાં આશરે ૧૮૧ ચલચિત્ર પારિતોષિક નાણા મંત્રી શ્રી કનુભાઇ દેસાઇ અને માહિતી અને પ્રસારણ વિભાગના સચિવ શ્રીમતી અવંતિકાસિંઘના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, આ અંકમાં રાજ્યમાં થયેલા વિકાસની વાત, યોગ દિવસની ઊજવણી, બિપરજોય વાવાઝોડામાં કરેલા બચાવ-રાહતની કામગીરી અને અસરગ્રસ્તોની વાતો વણી લેવામાં આવી છે. મને વિશ્વાસ છે કે, ગુજરાત પાક્ષિકનો આ અંક વાચકબંધુઓને મહત્ત્વપૂર્ણ જાણકારી મેળવવા માટે ઉપયોગી બની રહેશે.

જય જય ગરવી ગુજરાત...

**- ધીરજ પારેખ,** આઇ.એ.એસ.
**માહિતી નિયામક**

# Mann ki Baat

## જૂન - ૨૦૨૩

**લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેડિયોના માધ્યમથી જનતા સાથે સંવાદ**

# મન કી બાત



***વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ દિનપ્રતિદિન વધુ ને વધુ લોકપ્રિય બનતો જાય છે. વડાપ્રધાનશ્રી દેશના છેવાડાના માનવી સુધી હૃદયના ઊંડાણથી રેડિયોના માધ્યમ થકી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા વિવિધ વિષયો પર તેમના દીર્ઘદષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યની ઝલક પ્રસ્તુત છે.***

મારા વ્હાલા દેશવાસીઓ, નમસ્કાર,

મન કી બાતમાં ફરી એક વાર આપ સૌનું સ્વાગત છે. આમ તો, મન કી બાત દર મહિનાના છેલ્લા રવિવારે હોય છે, પરંતુ આ વખતે એક અઠવાડિયું વહેલા થઇ રહી છે. આપ સૌ જાણો છો જ કે, આવતા અઠવાડિયે હું અમેરિકામાં હોઇશ, અને ત્યાં ઘણીબધી દોડાદોડ પણ રહેશે. એટલા માટે મેં વિચાર્યું હતું કે, ત્યાં જતાં પહેલાં તમારી સાથે વાત કરી લઉં, અને તેનાથી વધુ સારું શું હોય કે, જનતા જનાર્દનના આશીર્વાદ, તમારી પ્રેરણા મળવાથી મારી ઊર્જા પણ વધતી રહેશે.

સાથીઓ, ઘણા લોકો કહે છે કે, વડાપ્રધાન તરીકે મેં આ સારું કામ કર્યું, પેલું મોટું કામ કર્યું. મન કી બાતના કેટલાય શ્રોતાઓ પોતાના પત્રોમાં ઘણીબધી પ્રશંસા કરે છે. કોઈ કહે છે આ કર્યું, કોઇ કહે છે પેલું કર્યું, આ સારું કર્યું, પેલું વધારે સારું કર્યું, આ બહેતર કર્યું, પરંતુ હું જ્યારે ભારતના અદના માનવીના પ્રયાસ તેમની મહેનત, તેમની ઇચ્છાશક્તિને જોઉં છું તો હું ખુદ અભિભૂત થઈ જાઉં છું. મોટામાં મોટું લક્ષ્ય હોય, મુશ્કેલમાં મુશ્કેલ પડકાર હોય, ભારતના લોકોનું સામૂહિક બળ, સામૂહિક શક્તિ દરેક પડકારનો ઉકેલ લાવી દે છે.

હજી હમણાં જ આપણે જોયું કે, દેશના પશ્ચિમ કિનારે કેટલું મોટું વાવાઝોડું આવ્યું, તોફાની પવન, ભારે વરસાદ. વાવાઝોડા 'બિપરજોયે' કચ્છમાં કેટલું બધું ખેદાનમેદાન કરી નાંખ્યું હતું, પરંતુ કચ્છના લોકોએ જે હિંમત અને તૈયારીની સાથે આટલા ખતરનાક વાવાઝોડાનો સામનો કર્યો તે પણ એટલું જ અભૂતપૂર્વ છે. કચ્છવાસીઓ પોતાનું નવું વર્ષ એટલે કે, અષાઢી બીજ પણ ઊજવે છે. આ પણ એક સંયોગ જ છે કે, અષાઢી બીજને કચ્છમાં ચોમાસાની શરૂઆતનું પ્રતીક ગણવામાં આવે છે. હું આટલા વર્ષ કચ્છ આવતો જતો રહ્યો છું, ત્યાંના લોકોની સેવા કરવાનું મને સદભાગ્ય પણ મળ્યું છે, અને એટલે જ કચ્છવાસીઓની હિંમત અને તેમની જિજીવિષા વિશે હું સારી રીતે જાણું છું. બે દાયકા પહેલાંના વિનાશક ભૂકંપ પછી જે કચ્છ માટે કહેવામાં આવતું હતું કે તે, ક્યારેય બેઠું નહીં થઈ શકે, આજે એ જ જિલ્લો દેશના ઝડપથી વિકસિત થઈ રહેલા જિલ્લામાંનો એક છે. મને વિશ્વાસ છે કે, વાવાઝોડા બિપરજોયે જે વિનાશ વેર્યો છે, તેમાંથી પણ કચ્છવાસીઓ બહુ ઝડપથી ઊભા થઈ જશે.

સાથીઓ, કુદરતી આફતો ઉપર કોઈનો કાબૂ નથી હોતો, પરંતુ

પાછલાં વર્ષોમાં ભારતે આપત્તિ વ્યવસ્થાપનની જે તાકાત વિકસાવી છે તે આજે એક ઉદાહરણ બની રહી છે. કુદરતી આપત્તિઓનો સામનો કરવાની એક રીત છે, પ્રકૃતિનું સંરક્ષણ. આજકાલ ચોમાસાના સમયમાં તો આ દિશામાં આપણી જવાબદારી વિશેષ વધી જાય છે. એટલા માટે જ આજે દેશ 'Catch the Rain' એટલે કે વરસાદી પાણીનો સંગ્રહ જેવાં અભિયાનો દ્વારા સામૂહિક પ્રયાસો કરી રહ્યો છે. ગયા મહિને 'મન કી બાત'માં જ આપણે જળસંરક્ષણથી જોડાયેલા સ્ટાર્ટઅપની ચર્ચા કરી હતી. આ વખતે પણ કેટલાય લોકોએ પત્ર લખીને જણાવ્યું છે કે, તેઓ પાણીનું એક એક ટીપું બચાવવા માટે તનતોડ પ્રયાસ કરી રહ્યા છે.

સાથીઓ, આ નદી, નહેર, સરોવર, આ બધાં માત્ર જળસ્રોતો જ નથી હોતા, પરંતુ તેમની સાથે જીવનના રંગ અને ભાવનાઓ પણ જોડાયેલાં હોય છે. આવું જ એક દૃશ્ય હજી થોડા દિવસ પહેલાં જ મહારાષ્ટ્રમાં જોવા મળ્યું. આ વિસ્તાર મોટેભાગે દુષ્કાળના ભરડામાં જ રહે છે. પાંચ દાયકાના ઈંતજાર પછી અહીં નીલવંડે ડેમની નહેરનું કામ હવે પૂરું થઇ રહ્યું છે. થોડા દિવસ પહેલાં ચકાસણી દરમિયાન, નહેરમાં પાણી છોડવામાં આવ્યું હતું. એ સમયે જે તસવીરો આવી તે ખરેખર ભાવુક કરનારી હતી. ગામના લોકો એવી રીતે નાચી રહ્યા હતા, જાણે હોળી - દિવાળીનો તહેવાર હોય.

સાથીઓ, જ્યારે વ્યવસ્થાપનની વાત થઈ રહી છે તો, હું છત્રપતિ શિવાજી મહારાજને પણ યાદ કરીશ. છત્રપતિ શિવાજી મહારાજની વિરતાની સાથે જ, તેમની શાસનવ્યવસ્થા અને તેમના વ્યવસ્થાપન કૌશલ્યમાંથી પણ ઘણું બધું શીખવા મળે છે. ખાસ કરીને, જળવ્યવસ્થાપન અને નૌસેનાની બાબતમાં છત્રપતિ શિવાજી મહારાજે જે કાર્યો કર્યાં, તે આજે પણ ભારતીય ઇતિહાસનું ગૌરવ વધારે છે. તેમણે બંધાવેલા જળદુર્ગ આટલી સદીઓ પછી પણ સમુદ્રની વચ્ચે આજે પણ શાનથી ઊભા છે. આ મહિનાની શરૂઆતમાં જ છત્રપતિ શિવાજી મહારાજના રાજ્યાભિષેકને સાડા ત્રણસો વર્ષ પૂરાં થયાં છે. આ પ્રસંગને એક મોટા પર્વના રૂપમાં ઊજવવામાં આવી રહ્યો છે. આ દરમિયાન, મહારાષ્ટ્રના રાયગઢ કિલ્લામાં તેની સાથે જોડાયેલા ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. મને યાદ છે, કેટલાંય વર્ષ પહેલાં ૨૦૧૪માં મને રાયગઢ જવાનું, એ પવિત્ર ભૂમિને નમન કરવાનું સદભાગ્ય સાંપડ્યું હતું. આપણા બધાનું આ કર્તવ્ય છે કે, આ પ્રસંગે આપણે છત્રપતિ શિવાજી મહારાજના વ્યવસ્થાપન કૌશલ્યને જાણીએ, તેમાંથી શીખીએ. તેનાથી આપણી અંદર આપણી વિરાસત પર ગર્વની લાગણી પણ જાગશે અને ભવિષ્ય માટેનાં કર્તવ્યોની પ્રેરણા પણ મળશે.

મારા વ્હાલા દેશવાસીઓ, તમે રામાયણની એ નાની એવી ખિસકોલી વિશે ચોક્કસ સાંભળ્યું હશે, જે રામસેતુ બનાવવામાં મદદ કરવા માટે આગળ આવી હતી. કહેવાનો અર્થ એ છે કે, જ્યારે નિયત સાફ હોય, પ્રયાસોમાં પ્રામાણિકતા હોય તો, પછી કોઈ પણ લક્ષ્ય મુશ્કેલ નથી રહેતું. આજે ભારત પણ આવી જ પ્રામાણિક નિયતથી જ એક બહુ મોટા પડકારનો સામનો કરી રહ્યું છે. આ પડકાર છે, ટીબીનો જેને ક્ષય રોગ પણ કહેવામાં આવે છે. ભારતે સંકલ્પ કર્યો છે વર્ષ ૨૦૨૫ સુધીમાં ટીબીમુક્ત ભારત બનાવવાનો. લક્ષ્ય ચોક્કસ બહુ મોટું છે. એક સમય હતો કે, જ્યારે ટીબીની ખબર પડતાં જ કુટુંબના લોકો પણ તેનાથી દૂર થઈ જતા હતા, પરંતુ આ આજનો સમય છે, જ્યારે ટીબીના દર્દીને કુટુંબનો સભ્ય બનાવીને જ તેની મદદ કરાઈ રહી છે. આ ક્ષય રોગને મૂળમાંથી જ નાબૂદ કરવા માટે નિઃક્ષય મિત્રોએ મોરચો સંભાળી લીધો છે.

મારા વ્હાલા દેશવાસીઓ, આપણા ભારતવાસીઓનો સ્વભાવ હોય છે કે, આપણે હંમેશાં નવા વિચારોના સ્વાગત માટે તૈયાર રહીએ છીએ. આપણે પોતાની ચીજોને પ્રેમ કરીએ છીએ, અને નવી ચીજોને આત્મસાત્ પણ કરીએ છીએ. તેનું એક ઉદાહરણ છે, જાપાનની રીત મિયાવાકી, જો કોઇ જગ્યાની માટી ફળદ્રુપ ન રહી હોય તો, મિયાવાકી રીત અપનાવીને તે વિસ્તારને ફરીથી લીલોછમ કરવાની બહુ સારી રીત હોય છે. મિયાવાકી જંગલ ઝડપથી ફેલાય છે અને બે - ત્રણ દાયકામાં જ જૈવ વિવિધતાનું કેન્દ્ર બની જાય છે. હવે તેનો પ્રસાર બહુ ઝડપથી ભારતના પણ જુદાજુદા વિસ્તારોમાં થઇ રહ્યો છે. આપણે ત્યાં કેરળના એક શિક્ષક શ્રી રાફી રામનાથજીએ પણ આ પદ્ધતિથી એક વિસ્તારની સિકલ બદલી નાંખી છે.

મારા વ્હાલા દેશવાસીઓ, આજકાલ આપણા દેશમાં જમ્મુ-કશ્મીરની ખૂબ ચર્ચા થાય છે. કયારેક ત્યાં વધી રહેલા પર્યટનને લીધે તો, કયારેક જી-૨૦ના શાનદાર આયોજનને કારણે. થોડા સમય પહેલાં 'મન કી બાત'માં મેં આપને જણાવ્યું હતું કે, કેવી રીતે કાશ્મીરનાં 'નાદરૂ', દેશની બહાર પણ પસંદ કરવામાં આવે છે. હવે, જમ્મુ-કશ્મીરના બારામુલ્લા જિલ્લાના લોકોએ એક કમાલ કરી બતાવી છે. બારમુલામાં ખેતીવાડી તો, ઘણા સમયથી થાય છે, પરંતુ અહીં દૂધની અછત રહેતી હતી. બારામુલાના લોકોએ આ પડકારને એક તકના રૂપમાં જોયો. ત્યાં લોકોએ મોટી સંખ્યામાં ડેરીનું કામ શરૂ કર્યું. આ કામમાં સૌથી આગળ ત્યાંની મહિલાઓ આવી. જેમ કે, એક બહેન છે, ઇશરત નબી. ઇશરત સ્નાતક થયેલાં છે અને તેમણે મીર સિસ્ટર્સ ડેરી ફાર્મ શરૂ કર્યું છે. તેમના ડેરી ફાર્મમાંથી દરરોજ લગભગ દોઢસો લિટર દૂધનું વેચાણ થઇ રહ્યું છે. એવા જ સોપોરના એક સાથી છે વસીમ અનાયત. વસીમની પાસે બે ડઝનથી વધુ પશુ છે અને તેઓ દરરોજ ૨૦૦ લીટરથી વધુ દૂધ વેચે છે.

મારા વ્હાલા દેશવાસીઓ, આ મહિને રમતજગતથી ભારત માટે કેટલીય મોટી ખુશખબરો આવી છે. ભારતની ટીમે પહેલીવાર મહિલા જુનિયર એશિયા કપ જીતીને ત્રિરંગાની શાન વધારી છે. આ મહિને જ આપણી પુરુષોની હોકી ટીમે પણ જુનિયર એશિયા કપ જીત્યો છે. તેની સાથોસાથ આપણે આ સ્પર્ધાના ઇતિહાસમાં સૌથી વધુ જીત મેળવનારી ટીમ પણ બની ગયા છીએ. જુનિયર નિશાનેબાજી

વિશ્વકપમાં પણ આપણી જુનિયર ટીમે કમાલ કરી બતાવી છે. ભારતીય ટીમે આ સ્પર્ધામાં પહેલું સ્થાન હાંસલ કર્યું છે. આ સ્પર્ધામાં કુલ જેટલા સુવર્ણચંદ્રક હતા તેમાંથી ૨૦ ટકા એટલે કે, પાંચમા ભાગના એકલા ભારતના ભાગે આવ્યા છે. આ જૂન મહિનામાં જ Asian Under Twenty Athletics Championship પણ યોજાઈ. તેમાં ચંદ્રકોના કોષ્ટકમાં ભારત ૪૫ દેશોમાં ટોચના ૩ દેશોમાં રહ્યું.

સાથીઓ, પહેલાં એક સમય હતો જયારે આપણને આંતરરાષ્ટ્રીય આયોજનો વિશે જાણવા તો મળતું હતું, પરંતુ તેમાં મોટાભાગે ભારતનું કયાંય કોઇ નામ નહોતું દેખાતું. પરંતુ આજે હું માત્ર છેલ્લાં કેટલાક અઠવાડિયાઓની જ સફળતાનો ઉલ્લેખ કરી રહ્યો છું, તો પણ યાદી ખૂબ લાંબી બની જાય છે. આ જ આપણા યુવાનોની અસલી તાકાત છે. એવી કેટલીયે રમતો અને સ્પર્ધાઓ છે જ્યાં આજે ભારત પહેલીવાર પોતાની હાજરી નોંધાવી રહ્યો છે. જેમ કે, લાંબા કૂદકામાં શ્રીશંકર મુરલીએ પેરિસ ડાયમંડ લીગ જેવી પ્રતિષ્ઠિત સ્પર્ધામાં દેશને કાંસ્યચંદ્રક અપાવ્યો છે. આ સ્પર્ધામાં ભારતનો આ પહેલો ચંદ્રક છે. આવી જ એક સફળતા આપણી ૧૭ વર્ષથી ઓછી વયની મહિલા કુસ્તી ટીમે કિર્ગીસ્તાનમાં પણ મેળવી છે. હું દેશના આ તમામ ખેલાડીઓ તેમનાં માતાપિતા અને તાલીમ ગુરુઓ સહિત સૌને તેમના પ્રયાસો માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

સાથીઓ, ભારત લોકશાહીની જનની છે. મધર ઓફ ડેમોક્રસી છે. આપણે આપણા લોકશાહી આદર્શોને સર્વોપરી માનીએ છીએ, આપણા બંધારણને સર્વોપરી માનીએ છીએ. એટલે આપણે ૨૫ જૂનને પણ ક્યારેય ભૂલી નહીં શકીએ. આ એ જ દિવસ છે જ્યારે, આપણા દેશ ઉપર કટોકટી લાદવામાં આવી હતી. તે ભારતના ઈતિહાસનો કાળો સમયગાળો હતો. લાખો લોકોએ આ કટોકટીનો પૂરી તાકાતથી વિરોધ કર્યો હતો. લોકશાહીના સમર્થકો ઉપર તે દરમિયાન, એટલા અત્યાચાર કરવામાં આવ્યા, એટલી યાતનાઓ આપવામાં આવી, કે આજે પણ મન કંપી ઊઠે છે. આ અત્યાચારો ઉપર પોલીસ અને પ્રશાસન દ્વારા કરાયેલી સજાઓ વિશે ઘણા બધાં પુસ્તકો લખવામાં આવ્યાં છે. મને પણ 'સંઘર્ષમાં ગુજરાત' નામનું એક પુસ્તક લખવાની તે સમયે તક મળી હતી. થોડા દિવસ પહેલાં જ કટોકટી પર લખવામાં આવેલું વધુ એક પુસ્તક મારી સામે આવ્યું. જેનું શીર્ષક છે, Torture of Political Prisoners in India. કટોકટી દરમિયાન, છપાયેલા આ પુસ્તકમાં વર્ણન કરવામાં આવ્યું છે કે, કેવી રીતે તે સમયની સરકાર લોકશાહીના રખેવાળો સાથે ક્રૂરતમ વ્યવહાર કરી રહી હતી. આ પુસ્તકમાં કેટલાંયે ઉદાહરણ અભ્યાસ આપેલા છે અને ઘણી બધી તસવીરો છે.

મારા વ્હાલા દેશવાસીઓ, મન કી બાત રંગબેરંગી મોતીઓથી ગૂંથેલી એક સુંદર માળા છે. જેનું દરેક મોતી ખૂબ અનોખું અને અણમોલ છે. આ કાર્યક્રમની દરેક કડી ખૂબ જ જીવંત હોય છે. આપણામાં સામૂહિકતાની ભાવનાની સાથેસાથે સમાજ પ્રત્યેના કર્તવ્ય ભાવ અને સેવાભાવથી ભરી દે છે. અહીં તે વિષયો ઉપર ખૂલીને ચર્ચા થાય છે. જેના વિશે આપણને સામાન્ય રીતે બહુ ઓછું વાંચવા, સાંભળવા મળે છે. મોટે ભાગે આપણે જોઈએ છીએ કે, 'મન કી બાત'માં કોઈ વિષયનો ઉલ્લેખ થયા પછી કેવી રીતે અનેક દેશવાસીઓને નવી પ્રેરણા મળી છે.

મારા વ્હાલા દેશવાસીઓ, આ વખતે મન કી બાતમાં મારી સાથે બસ આટલું જ. આવતી વખતે નવા વિષયો સાથે, આપની સાથે, ફરી મુલાકાત થશે. ચોમાસાનો સમય છે, એટલે સૌ પોતાની તબિયતનું ખૂબ ધ્યાન રાખજો. સમતોલ આહાર લેજો અને સ્વસ્થ રહેજો. હા, યોગ જરૂર કરજો. હવે કેટલીયે શાળાઓમાં ઉનાળાની રજાઓ પૂરી થવામાં છે. હું બાળકોને પણ કહીશ કે, ઘરકામ છેલ્લા દિવસ સુધી પડ્યું રહેવા ના દેશો. કામ પૂરું કરો અને નિશ્ચિંત રહો. ખૂબ ખૂબ ધન્યવાદ. ●

## 'મન કી બાત'માં ગુજરાત

તાજેતરમાં પ્રસારિત થયેલી ૧૦૨મી 'મન કી બાત' કાર્યક્રમની કડીમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં ત્રાટકેલા 'બિપરજોય' વાવાઝોડાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, કચ્છના લોકોએ જે હિંમત અને તૈયારીની સાથે આટલા ખતરનાક વાવાઝોડાનો સામનો કર્યો તે અભૂતપૂર્વ છે. બે દાયકા પહેલાંના વિનાશક ભૂકંપ પછી જે કચ્છ માટે કહેવામાં આવતું હતું કે તે, કયારેય બેઠું નહીં થઈ શકે, આજે એ જ કચ્છ દેશના ઝડપથી વિકસિત થઇ રહેલા જિલ્લાઓમાંનો એક છે. મને વિશ્વાસ છે કે, વાવાઝોડા બિપરજોયે જે વિનાશ વેર્યો છે, તેનાથી પણ કચ્છવાસીઓ બહુ ઝડપથી ઊભા થઈ જશે.

દેશમાં વનવિસ્તાર વધારવા માટે થયેલા પ્રયોગોની વાત કરતાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, થોડા સમય પહેલાં જ મેં ગુજરાતમાં કેવડિયા એકતાનગરમાં મિયાવાકી વનનું ઉદઘાટન કર્યું હતું. કચ્છમાં પણ વર્ષ ૨૦૦૧ના ભૂકંપમાં મૃત્યુ પામેલા લોકોની યાદમાં મિયાવાકી પદ્ધતિથી સ્મૃતિવન બનાવવામાં આવ્યું છે. કચ્છ જેવી જગ્યાએ તેની સફળતા એ દર્શાવે છે કે, મુશ્કેલમાં મુશ્કેલ પ્રાકૃતિક વાતાવરણમાં પણ આ પદ્ધતિ કેટલી અસરકારક છે. એ જ રીતે, અંબાજી અને પાવાગઢમાં પણ મિયાવાકી પદ્ધતિથી રોપા વાવવામાં આવ્યા છે.

સંસ્કાર, સંસ્કૃતિ અને અસ્મિતાની ત્રિવેણી સમાન રથયાત્રા અંગે વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, દેશનાં વિવિધ રાજયોમાં ખૂબ ધૂમધામથી ભગવાન જગન્નાથની રથયાત્રા યોજાય છે. ઓડિશાના પુરીમાં નીકળતી રથયાત્રા તો, અદભૂત હોય છે. જયારે, હું ગુજરાતમાં હતો તો, મને અમદાવાદમાં નીકળતી વિશાળ રથયાત્રામાં સામેલ થવાની તક મળતી હતી. આ રથયાત્રાઓમાં જે રીતે દેશભરના, દરેક સમાજ, દરેક વર્ગના લોકો ઊમટી પડે છે. તે ખુદ બહુ અનુકરણીય છે. તે આસ્થાની સાથે સાથે જ "એક ભારત, શ્રેષ્ઠ ભારત"નું પણ પ્રતિબિંબ પાડે છે. ●



# યુવાનોના કૌશલ્ય - રોજગારીમાં વૃધ્ધિ કરતો 'અર્બન ગ્રીન મિશન કાર્યક્રમ'

પોતાના નવતર અભિગમો અને અનેકવિધ આગવી પહેલોના પરિણામે ગુજરાતે હરહંમેશ દેશનાં અન્ય રાજ્યો માટે દીવાદાંડી બની પ્રેરણા આપી છે. દરેક ક્ષેત્રે રહેલી વિપુલ તકોને લક્ષ્ય રાખીને કંઈક નવું કરવાની કાર્યપદ્ધતિ ગુજરાત સરકારે અપનાવી છે. ગુજરાત સરકારની લોકકલ્યાણકારી પહેલોના લિસ્ટમાં હવે એક વધુ નામ ઉમેરાયું છે. રાજ્યનાં શહેરોમાં બાગાયતનો વ્યાપ વધારવા તેમજ તાલીમ થકી યુવાનોના કૌશલ્યમાં વૃદ્ધિ કરી તેમના માટે રોજગારીની નવી તકો ઊભી કરવાના નેક ઉદ્દેશ્ય સાથે રાજ્ય સરકાર દ્વારા વધુ એક નવી યોજના તરીકે 'અર્બન ગ્રીન મિશન કાર્યક્રમ' અમલમાં મૂકવામાં આવ્યો છે. આ કાર્યક્રમ માટે રૂ. ૩૨૪ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

આ યોજના અંગે વિગતવાર માહિતી આપતાં કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના શહેરી વિસ્તારમાં અર્બન હોર્ટિકલ્ચર ડેવલપમેન્ટ એટલે કે શહેરોમાં બાગાયતના વિકાસ માટે ઘણી શક્યતાઓ રહેલી છે. આ ઉપરાંત, શહેરી વિસ્તારમાં માળી કામના સ્કિલ મેનપાવરની પણ અછત છે. આ બંને જરૂરિયાતોને ધ્યાને રાખીને રાજ્યના યુવાનોને શહેરી બાગાયત માટે માળી કામની કૌશલ્યવર્ધક તાલીમ આપી શહેરી સ્વરોજગારી તકોમાં વધારો કરવાનો રાજ્ય સરકારે મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. ચાલુ વર્ષના બજેટમાં પણ તેના માટે રૂ.૩૨૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

મંત્રી શ્રી પટેલે ઉમેર્યું હતું કે, આ કાર્યક્રમ હેઠળ રાજ્ય સરકારના બાગાયત વિભાગ દ્વારા ત્રણ દિવસ માટે માળી કામ માટેની કૌશલ્યવર્ધન તાલીમ આપવામાં આવશે. આમ, રાજ્યના અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, ભાવનગર, જૂનાગઢ, જામનગર અને ગાંધીનગર સહિતનાં આઠ મહાનગરોમાં બાગાયત ખાતા દ્વારા કુલ ૧૭૫ તાલીમોનું આયોજન કરવામાં આવશે. આ તાલીમમાં સહભાગી થતા તાલીમાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨૫૦ પ્રતિ દિનની મર્યાદામાં વૃત્તિકા તેમજ માળી કામ માટેની જરૂરી ગાર્ડન ટૂલ કિટ પણ આપવામાં આવશે. આ તાલીમ રાજ્યના અનેક યુવાનો માટે રોજગારીની નવી તકો ઉભી કરશે અને માળી કામમાં કૌશલ્યવર્ધન થકી યુવાનો આત્મનિર્ભર બનશે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, કોરોના મહામારીના સમયગાળા દરમિયાન નાગરિકોમાં પોષણ અને તંદુરસ્તી અંગે જાગૃતિ કેળવાઈ હતી. ફળો અને શાકભાજીમાંથી જરૂરી મિનરલ્સ, વિટામીન, કાર્બોહાઈડ્રેટ, એન્ટિઓક્સિડન્ટ સહિતના મહત્ત્વપૂર્ણ પોષકતત્ત્વો મળે છે. શહેરી વિસ્તારમાં રહેતા નાગરિકોને ઘર આંગણે જ શુદ્ધ અને તાજાં ફળ- શાકભાજી મળી રહે તે માટે બાગાયતી પેદાશોના જતન, સંવર્ધન અને મૂલ્યવર્ધન અંગે જરૂરી તાલીમો અપાય તે પણ જરૂરી છે. જેથી આ તાલીમ માળી કામ સુધી સીમિત ન રહેતા ઘરમાં જ નાની-મોટી બાગાયત પેદાશો પકવવા માંગતો દરેક નાગરિક આ તાલીમ મેળવી શકશે. આ કૌશલ્યવર્ધન તાલીમથી શહેરી આર્થિક જીવન ધોરણ ઊંચું આવશે, તેમજ સ્થાનિક કક્ષાએ જ રોજગારીની નવીન તકો ઊભી કરી આવકનો નવો સ્રોત ઊભો કરવા માટે મદદરૂપ થશે.

કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે આ મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવા બદલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈનો રાજ્યના ખેડૂતો અને રોજગારવાંછુ યુવાનો વતી આભાર માન્યો હતો. ●

- **નવતર અભિગમ સાથે ગુજરાત સરકારની વધુ એક નવી યોજના: શહેરી વિસ્તારમાં બાગાયતનો વ્યાપ વધારવા રૂ.૩૨૪ લાખની જોગવાઇ સાથે 'અર્બન ગ્રીન મિશન કાર્યક્રમ' અમલમાં મુકાયો.**
- **રાજ્યનાં ૮ મહાનગરોમાં 'અર્બન ગ્રીન મિશન' હેઠળ ૧૭૫ જેટલી ત્રિ-દિવસીય કૌશલ્યવર્ધન તાલીમોનું આયોજન કરાશે.**
- **નવીન યોજના હેઠળ શહેરી વિસ્તારોમાં માળી કામ માટેની કૌશલ્યવર્ધક તાલીમ આપી સ્કિલ્ડ મેનપાવર તૈયાર કરાશે.**

# ગુજરાતના મહત્ત્વના વિકાસકાર્યોની સમીક્ષા કરતાં કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી



ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય ગૃહ અને સહકારતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં રાજ્યમાં તથા ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં કાર્યરત વિવિધ પ્રકલ્પો અંગે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી, વિકાસકાર્યોની સર્વગ્રાહી સમીક્ષા કરી જરૂરી દિશા-નિર્દેશ કર્યા હતા. આ બેઠકમાં તેમણે વર્ષ ૨૦૩૬માં યોજાનારા ઓલિમ્પિક્સની તૈયારીઓનું પ્રેઝન્ટેશન નિહાળ્યું હતું.

રાજ્યમાંથી પસાર થતા નેશનલ હાઈવે પર પર્યાવરણ જાળવવા સાથે ગરમી-તાપમાનથી રાહત માટે ઘનિષ્ઠ વૃક્ષારોપણ અભિયાન ઉપાડવા તાકીદ કરી આ સંદર્ભમાં કેન્દ્રીય મંત્રીશ્રીએ નેશનલ હાઈવે ઓથોરિટી, રાજ્ય સરકારના માર્ગ-મકાન વિભાગ અને વન વિભાગના જરૂરી સંકલન પર ભાર મૂક્યો હતો.

શ્રી અમિતભાઈ શાહે ૨૦૩૬માં યોજાનારા ઓલિમ્પિક્સની રાજ્ય સરકારે શરૂ કરેલી તૈયારીઓનું પ્રેઝન્ટેશન નિહાળીને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવની સુવિધાઓ ઉપરાંત ખેલાડીઓને મોટા પાયે રહેણાક તેમજ અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર મળી રહે તે હેતુસર અમદાવાદ મહાનગર પાલિકા અને રાજ્ય સરકારના રમતગમત વિભાગને ડિઝાઈન તૈયાર કરવા સૂચવ્યું હતું.

આ ઉપરાંત ગરીબોને પોતીકા ઘરનું સ્વપ્ન સાકાર કરતી પ્રધાનમંત્રી આવાસ યોજના, અમદાવાદ-સાબરમતી રેલવે સ્ટેશનના ડેવલપમેન્ટ અને કાલુપુર સ્ટેશન પરનું ભારણ ઘટાડવા રેલવે તંત્ર અન્ય વૈકલ્પિક સ્ટેશનો વિકસાવી રહ્યું છે, તેની પણ વિસ્તૃત જાણકારી મેળવી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ ગિફ્ટ સિટીમાં ઇન્ટરનેશનલ ઑપરેશન્સ, ફાયનાન્શિયલ સર્વિસીસ અને અન્ય સુવિધાઓની અદ્યતન સ્થિતિની વિગતો મેળવી હતી અને તેને વધુ સંગીન બનાવવાનાં સૂચનો કર્યાં હતાં. આ ઉપરાંત, તેઓએ ગાંધીનગર લોકસભા ક્ષેત્ર દેશમાં સૌથી વધુ વિકસિત લોકસભા ક્ષેત્ર બને તે દિશામાં ગાંધીનગર સંસદીય મતક્ષેત્રમાં આવતા અમદાવાદ શહેરના વિસ્તારોમાં તળાવોના રિડેવલપમેન્ટ, ઈન્ટરલિન્કિંગ અને નર્મદાના પૂરના વધારાનાં પાણી પાઈપલાઈનથી મુખ્ય ત્રણ- સોલા, ખોરજ અને કાળી ગામનાં તળાવો ભરીને ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવા તેમણે પ્રેરક સૂચન કર્યું હતું.

એટલું જ નહીં, આ તળાવોમાં ભરાતો કાંપ, માટી-કચરો દૂર કરવા દરેક ચોમાસા પછી ડિસિલ્ટિંગ પણ મહાનગરપાલિકા દ્વારા થાય તે સુનિશ્ચિત કરવા પર તેમણે ભાર મૂક્યો હતો. તેમણે સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અંગેની તથા નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ નિર્માણકાર્યમાં પ્રગતિની પણ બારીકાઈથી સમીક્ષા કરી હતી.

શ્રી શાહે અમદાવાદ અને ગાંધીનગરના જિલ્લા કલેક્ટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ તેમજ ગ્રામવિકાસ એજન્સી, પુરવઠા તંત્ર સાથે વિસ્તૃત બેઠકો યોજીને આવાસ યોજના, રેલવે ઓવરબ્રિજ-અન્ડરબ્રિજનાં કામો, લેક બ્યુટિફિકેશન વગેરેના પ્રગતિ હેઠળનાં અને ભવિષ્યલક્ષી આયોજનોનાં પ્રોજેક્ટ્સની સર્વગ્રાહી સમીક્ષા કરીને સમયમર્યાદામાં પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે દિશાનિર્દેશો આપ્યા હતા.

આ તબક્કે મુખ્યમંત્રીશ્રીના સલાહકાર અને મેટ્રો રેલ કોર્પોરેશનના ચેરમેન શ્રી એસ.એસ. રાઠોરે ગૃહમંત્રીશ્રીને અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલની હાથ ધરાઈ રહેલી તબક્કાવારની કામગીરીની વિગતો પણ આ બેઠક દરમિયાન આપી હતી. ●

# ભરૂચ ખાતે નવનિર્મિત આઈકોનિક બસ પોર્ટનું લોકાર્પણ



ગુજરાત દેશના વિકાસનું રોલમોડેલ બન્યું છે તેના મૂળમાં વડાપ્રધાનશ્રીએ નાંખેલો મજબૂત પાયો છે. ગુજરાતના ગામડામાં પણ શહેર જેવી અત્યાધુનિક સેવાઓ મળે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની રાજનીતિથી નાનામાં નાના માનવી સુધી વિકાસ પહોંચાડ્યો છે. જાહેર-સરકારી અસ્ક્યામતોને પોતીકી ગણીને તેની સાચવણીનું દાયિત્વ આપણે નિભાવવું જોઈએ, તેમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભરૂચમાં નવા બસપોર્ટનું લોકાર્પણ કરતાં જણાવ્યું હતું. ગુજરાત રાજ્ય માર્ગ-વાહનવ્યવહાર નિગમ અને ડી.આર.એ નર્મદા બસપોર્ટ પ્રા. લિ. દ્વારા પી.પી.પી. ધોરણે ભરૂચમાં રૂ. ૧૧૩ કરોડના ખર્ચે નિર્માણ થયેલા આઈકોનિક બસપોર્ટનું લોકાર્પણ મુખ્યમંત્રીશ્રીએ વાહન વ્યવહાર અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં કર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વિકાસની રાજનીતિથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબ, વંચિત, સામાન્ય માનવી સુધી વિકાસ પહોંચાડ્યો છે. વડાપ્રધાનશ્રીની દરેક કલ્યાણ યોજનામાં કે જનહિતકારી નિર્ણયોમાં ગરીબ-છેવાડાનો અને નાનો માનવી કેન્દ્રસ્થાને હોય છે.

વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશમાં પાછલા નવ વર્ષમાં પ્રગતિની ગતિ પણ વેગવંતી બની છે તેનું દૃષ્ટાંત આપતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ગત એપ્રિલ મહિનામાં જી.એસ.ટી. ની જે માતબર આવક થઈ છે, તે જ પૂરવાર કરે છે કે, ધંધા-રોજગાર ઉદ્યોગોનું આખુંય ચક્ર દેશમાં તીવ્ર ગતિએ ચાલે છે.

મુખ્યમંત્રીશ્રીએ નાગરિકો, સામાન્ય માનવીઓ માટે વાહનવ્યવહારના સરળ અને સક્ષમ માધ્યમ એસ.ટી.ની સેવાઓ, બસમથકો બધામાં વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં જે આધુનિક બદલાવ આવ્યો છે તેની વિસ્તૃત ભૂમિકા આપી હતી.

તેમણે બસમથકોને એરપોર્ટ જેવી અદ્યતન સવલતો સાથેના બસપોર્ટ તરીકે વિકસાવવામાં આવ્યા છે તેની સાથોસાથ એક સમયે દયનીય હાલતની એસ.ટી. સેવાઓ આજે વૉલ્વો જેવી સુવિધાસભર બસોથી સજ્જ બની છે તેની પણ સરાહના કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ એસ.ટી. નિગમની મુસાફરલક્ષી સેવા-સુવિધાઓમાં પર્યાવરણ જાળવણી માટે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવતાં એસ.ટી. નિગમે ૫૦ ઈ-બસો સેવામાં મૂકી છે અને વધુ ૨૫૦ બસો ભવિષ્યમાં સેવામાં મૂકાવાની છે તેની પણ છણાવટ કરી હતી. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરની બિપરજોય વાવાઝોડાની આફતમાંથી ગુજરાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના દિશાદર્શનમાં હેમખેમ પાર ઊતરીને વિકાસ પથ પર ગતિ જારી રાખી છે તેનો પણ ઉલ્લેખ આ વેળાએ કર્યો હતો.

વાહન વ્યવહાર અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, ભરૂચ જિલ્લાને ઘણી જ અમૂલ્ય ભેટ મળી છે. તમામ નાગરિકો માટે એરપોર્ટને ટક્કર આપે તેવી સુવિધાઓ ધરાવતું બસ પોર્ટ ખુલ્લું મૂક્યું છે.

ગુજરાત રાજ્યમાં ૧૫ જેટલાં બસ-સ્ટેશનોને બસ-પોર્ટમાં બદલવામાં આવ્યાં છે. તે સાથે મુખ્યમંત્રીશ્રીએ છેવાડાના માનવીની જ દરકાર કરતા લગભગ ૨૦૦૦ જેટલી નવી બસો રાજ્યને ભેટ આપી છે અને નવી ૩૦૦ જેટલી ટ્રીપ વધારી છે.

નવી બસોમાં હાલની જરૂરિયાત પ્રમાણે સુવિધાઓ આપવામાં આવી છે. ચાર્જિંગ પોઈન્ટ, બસની સીટનું મટિરિયલ બદલી અગવડતાને સગવડતાના રૂપમાં રાખી ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. રોજગારીનું સૌથી મોટું ગ્રોથ સેક્ટર ભરૂચ જિલ્લો બન્યો છે. આ બસ પોર્ટ હવે તમામ લોકો માટે સુવિધાયુક્ત બન્યું છે ત્યારે તેની દરકાર રાખવાની હિમાયત મંત્રીશ્રીએ કરી હતી.

આ પ્રસંગે ભરૂચના સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા, ધારાસભ્ય સર્વશ્રી ઈશ્વરસિંહ પટેલ, શ્રી અરુણસિંહ રાણા, શ્રી રમેશભાઈ મિસ્ત્રી, શ્રી ડી. કે. સ્વામી, શ્રી રિતેષભાઈ વસાવા, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી અલ્પાબહેન પટેલ, બંદરો અને વાહનવ્યવહાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે. દાસ, જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. લીના પાટીલ, સિટી સેન્ટરના અગ્રણી શ્રી કિરણ મજમુદાર, શ્રી દિનેશચંદ્ર અગ્રવાલ તથા જિલ્લાના આગેવાન, પદાધિકારીશ્રીઓ અને વહીવટીતંત્ર તથા એસ.ટી તંત્રના ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# મુખ્યમંત્રીશ્રી સાથે શુભેચ્છા મુલાકાત લેતાં નવનિયુક્ત સનદી અધિકારીઓ



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની શુભેચ્છા મુલાકાત ગુજરાત કેડરમાં ફાળવાયેલા ૨૦૨૨ની બેચના નવ પ્રોબેશનરી આઇ.એ.એસ. અધિકારીઓએ ગાંધીનગરમાં લીધી હતી. આ ૯ યુવા પ્રોબેશનરી આઇ.એ.એસ. અધિકારીઓએ ઇન્સ્ટિટ્યૂશનલ ટ્રેનિંગ અન્વયે સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન - સ્પીપામાં પાંચ સપ્તાહની તાલીમ પૂર્ણ કરી છે.

આ અધિકારીઓ સ્પીપા સહિતની તાલીમ અંતર્ગત બાવન અઠવાડિયા સુધી વિવિધ જિલ્લાઓમાં તાલીમ માટે જવાના છે. તદઅનુસાર, આ નવ આઇ.એ.એસ. પ્રોબેશનર્સ તેમને ફાળવાયેલા જિલ્લાઓમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, પ્રાંત કચેરી અને કલેક્ટર કચેરીમાં તાલીમ મેળવશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ નવયુવાન પ્રોબેશનર્સ આઇ.એ.એસ.ને કાર્યદક્ષતા, નિષ્ઠા અને પ્રામાણિકતાથી કારકિર્દી ઘડતરની શીખ આપી હતી. આ તાલીમી અધિકારીઓ મુખ્યમંત્રીશ્રીના રાજ્ય સ્વાગત ઓનલાઇન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પ્રજાજનો, નાગરિકોની રજૂઆતો જે પોઝિટિવ એપ્રોચથી ઉકેલતા હતા, તે જોઈને અને સમજીને તેમની ફિલ્ડ તાલીમની પ્રથમ શરૂઆત કરી હતી.

આ યુવાઓને નાની વયે મળેલી આવા આઇ.એ.એસ. અધિકારી તરીકેના પ્રતિષ્ઠિત પદનો ગુજરાતના વિકાસ અને જનહિતમાં ઉપયોગ કરવાની મુખ્યમંત્રીશ્રીએ પ્રેરણા પૂરી પાડી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ યુવા પ્રોબેશનર્સ આઇ.એ.એસ.ને નીતિ-નિયમો સાથે કુદરતના નિયમોને જાળવીને સેવાદાયિત્વ નિભાવવાનો અનુરોધ પણ કર્યો હતો.

આ નવ પ્રોબેશનર્સ મહીસાગર, તાપી, નવસારી, પાટણ, બનાસકાંઠા, દાહોદ, સુરેન્દ્રનગર, અરવલ્લી અને નર્મદા જિલ્લાઓમાં ફિલ્ડ તાલીમ માટે નિયુક્ત થયા છે.

આ મુલાકાત વેળાએ સ્પીપાના મહાનિયામક શ્રી મોહમ્મદ શાહિદ પણ ઉપસ્થિત રહ્યા હતા. ●

# સમાજના સાર્વત્રિક વિકાસ માટે શિક્ષણ અનિવાર્યઃ મુખ્યમંત્રીશ્રી

સમાજના સાર્વત્રિક વિકાસ માટે શિક્ષણ અનિવાર્ય અંગ છે. ૨૧મી સદીએ જ્ઞાન-વિજ્ઞાનની સદી છે ત્યારે પૈસાના અભાવે કોઈ પણ યુવાનનું ઉચ્ચ શિક્ષણનું સ્વપ્ન અધૂરું ન રહે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહેસાણા જિલ્લાના નાની કડી ખાતે આયોજિત ડી.રાજા વિદ્યા સંકુલના પંચામૃત માણેક મહોત્સવમાં નવીન છાત્રાલયનું ઉદ્ઘાટન, નવીન કૉલેજ ભવનનું ખાતમુહૂર્ત, મુખ્ય પ્રવેશદ્વારનું ઉદઘાટન, સોવેનિયર અંકના વિમોચન સહિત દાતાશ્રીઓનું સન્માન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે જણાવ્યું હતું કે, સરસ્વતી કન્યા કેળવણી મંડળનો વિકાસ દાતાઓના દાન અને સુવ્યવસ્થિત આયોજનને આભારી છે. કન્યા કેળવણી મહોત્સવ આજે પ્રેરણાસ્રોત બની દીકરીઓનો ડ્રોપ આઉટ રેશિયો ૨ ટકા સુધી નીચે લાવવા અને મહિલા સશક્તીકરણ કરવા માટે મહત્ત્વપૂર્ણ સાબિત થયો છે.

મુખ્યમંત્રીશ્રી ઉમેર્યું હતું કે, આ સંસ્થા સામાજિક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ છે. રાજ્યના વિવિધ ૪૧ સમાજની દીકરીઓ સૌના સાથ અને સહકારથી આ સંસ્થામાં ઉજ્જવળ કારકિર્દીનું નિર્માણ કરીને રાજ્ય સરકાર સાથે ખભેખભા મિલાવીને કાર્ય કરી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે, કુલ વસ્તીના ૪૮ ટકા નારી શક્તિના વિકાસ માટે કન્યા કેળવણી મહોત્સવ, નોકરીઓમાં ૩૩ ટકા અનામત સહિત નારી શક્તિની ઉજ્જવળ કારકિર્દીના નિર્માણ માટે રાજ્ય સરકાર દ્વારા અનેક પગલાઓ લેવામાં આવ્યાં છે.

પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કન્યા કેળવણી મહોત્સવ થકી સમાજમાં દીકરીઓની શિક્ષણ પ્રત્યે આહલેક જગાવી હતી, ત્યારે પણ કડી 'સ્ટડી વીથ કડી'ના સૂત્ર સાથે શિક્ષણ ક્ષેત્રે અનેક શહેરો માટે પ્રેરણારૂપ બનેલું છે. રાજ્યના ૨૬ જિલ્લાના ૭૧ તાલુકાની ૩,૫૫૦ દીકરીઓ આ સંસ્થાના નેજા હેઠળ શિક્ષિત અને દીક્ષિત બની રહી છે.

આ પ્રસંગે કડીના ધારાસભ્ય શ્રી કરશનભાઈ સોલંકી, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી પ્રહલાદભાઈ પરમાર, અગ્રણીઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ●



### શાળા પ્રવેશોત્સવ - ૨૦૨૩

## આંગણવાડીમાં ૯.૭૭ લાખ ભૂલકાંઓએ તથા ધોરણ-૧માં ૨.૩૦ લાખ બાળકોએ પ્રવેશ મેળવ્યો



શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ને મળેલી સફળતા રાજ્ય સરકારના અધિકારીઓ, પદાધિકારીઓ અને શિક્ષકો-વિદ્યાર્થીઓ, વાલીગણ સૌના સહિયારા ટીમવર્કને આભારી છે તેમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રી શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩માં સહભાગી થયેલા પદાધિકારીઓ, વરિષ્ઠ સચિવો અને અધિકારીઓના આ પ્રવેશોત્સવ દરમિયાનના અનુભવોના આદાન-પ્રદાન માટે યોજાયેલી બેઠકમાં સંબોધન કરી રહ્યા હતા. આ પ્રસંગે શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર ઉપરાંત રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, મુખ્ય સચિવ શ્રી રાજકુમાર પણ આ બેઠકમાં જોડાયા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ શાળા પ્રવેશોત્સવમાં જે-તે ગામોની કે શાળાઓની મુલાકાત દરમિયાન અથવા SMC સાથેની બેઠક દરમિયાન ધ્યાને આવેલી બાબતોનું ડૉક્યુમેન્ટેશન થાય તે ઇચ્છનીય છે. આવું ડૉક્યુમેન્ટેશન સંબંધિત વિભાગો સાથે સંકલન સાધીને જે-તે શાળાઓમાં ત્રુટિઓ દૂર કરી સુવિધા-સગવડ આપી સારું પરિણામ મેળવવામાં મદદરૂપ થશે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

તેમણે જણાવ્યું હતું કે, શાળાની મુલાકાતે ગયેલા અધિકારીઓ પોતાના સાચા-સારા અનુભવો વ્યક્ત કરીને ભવિષ્યના પ્રવેશોત્સવ માટે ઉપયોગી મહત્ત્વપૂર્ણ સૂચન આપે તે અપેક્ષિત છે. આ બેઠકમાં શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ની સફળતા અંગેના પ્રેઝન્ટેશનમાં જણાવવામાં આવ્યું કે, રાજ્યના ૨૭ જિલ્લાઓની ૨૭,૩૬૮ પ્રાથમિક શાળાઓમાં આ દ્વિદિવસીય શાળા પ્રવેશોત્સવ અન્વયે ૩૧૫ જેટલા વર્ગ ૧ - ૨ ના અધિકારીઓ સહિત ૪૬,૬૦૦ થી વધુ મહાનુભાવોએ શાળાઓની મુલાકાત લીધી હતી. એટલું જ નહીં, ધોરણ-૧ માં કુલ ૨.૩૦ લાખ બાળકોએ તથા આંગણવાડીમાં ૯.૭૭ લાખ ભૂલકાંઓએ પ્રવેશ મેળવ્યો છે.

આ પ્રવેશોત્સવ દરમ્યાન બાળકો માટે ૨૩ કરોડ ૬૧ લાખ રૂપિયાની વિવિધ ચીજવસ્તુઓ ભેટ સોગાદો લોકભાગીદારીથી પ્રાપ્ત થઇ છે.

શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું કે, રાજ્યની શાળાઓમાં આગામી દિવસોમાં ૨૮,૯૭૩ વર્ગખંડોનું રૂ.૫,૨૦૦ કરોડના ખર્ચે નિર્માણ આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત શિક્ષકોની ખાલી જગ્યા ભરવા માટે પણ પ્રક્રિયા હાથ ધરાઇ છે.

આ બેઠકમાં પ્રાથમિક શિક્ષણ અગ્ર સચિવ શ્રી ડૉ. વિનોદ રાવે શાળા પ્રવેશોત્સવ-ગુણોત્સવની ઉત્તરોત્તર સફળતાની વિસ્તૃત જાણકારી આપી હતી. ●

## ધરમપુરમાં પ્રમુખસ્વામી આદિજાતિ છાત્રાલયનું લોકાર્પણ



રાજ્યના યુવાનોને રોજગારીની પૂરતી તકો મળી રહે તે માટે ગુજરાત સરકાર દ્વારા વિવિધ પ્રકલ્પો શરૂ કરવામાં આવ્યા છે. યુવાનમાં રહેલી શક્તિને ઓળખીને સ્કિલ ડેવલપમેન્ટ થાય તે માટે તાલીમ પણ આપવામાં આવે છે. સરકારની સાથે રાજ્યની સામાજિક સંસ્થાઓ પણ આવી તાલીમ આપીને રાજ્યના વિકાસમાં સહભાગી બની રહી છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વલસાડના ધરમપુર તાલુકાના નાસિક બાયપાસ રોડ ઉપર સ્વામિનારાયણ વિદ્યાપીઠ સંચાલિત પ્રમુખસ્વામી વૉકેશનલ ટ્રેનિંગ સેન્ટરના નૂતન આદિજાતિ છાત્રાલયનું લોકાર્પણ કર્યુ હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને પ્રેરણા આપતાં જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં સારા સંસ્કારની ખૂબ જ જરૂર છે. સંસ્કારનો અભાવ હોય તો ગમે તેટલી સારી જિંદગી હોય તો તે બગડી શકે છે. કોઈ પણ વસ્તુ શીખો પણ તે પહેલા સંસ્કાર સારા હોવા જોઈએ. આજે અનુભવવો પડતો સંઘર્ષ એ ઉજ્જવળ ભાવિનો રાજમાર્ગ બનશે. અહીં આવ્યા બાદ સંસ્કાર સાથે શિક્ષણ મળશે જેનાથી જીવન સુંદર બનશે.

મુખ્યમંત્રીશ્રીએ આનંદ વ્યક્ત કરતાં જણાવ્યું કે, આ સંકુલમાં શિક્ષણ અને સંસ્કારની સાથે હવેથી અહીં જ રહીને ભણી શકાય તે માટે ૩૦૦ દીકરા અને ૨૦૦ દીકરીઓને છાત્રાલયની સુવિધા પણ મળશે. આપણા યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'હર હાથ કો કામ, હર કામ કો સન્માન'નો મંત્ર આપ્યો છે. કોઈ કામ નાનું નથી. જે પણ કામ કરો તે નિષ્ઠાથી કરો એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને ઉજ્જવળ જીવનની શુભેચ્છાઓ આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ વૉકેશનલ ટ્રેનિંગ સેન્ટરના વિવિધ ટ્રેડની મુલાકાત પણ લીધી સાથે વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ પણ કર્યો હતો. આ પ્રસંગે રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. ●

# અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૬મી રથયાત્રા



અષાઢી બીજના પાવન અવસરે અમદાવાદની ૧૪૬મી જગન્નાથજીની રથયાત્રાને પ્રસ્થાન કરાવતાં પૂર્વે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વહેલી સવારે મંદિર પરિસરમાં ભગવાન જગન્નાથજીના રથનું અને ભગવાનનું પૂજન-અર્ચન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીને સતત બીજી વખત ભગવાન જગન્નાથની રથયાત્રાની પહિંદ વિધિ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ સહભાગી થયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ અષાઢી બીજે યોજાતી પરંપરાગત રથયાત્રામાં ભગવાનના રથની સોનાની સાવરણીથી સફાઈ કરી પહિંદ વિધિ સંપન્ન કરી હતી. આ ઉપરાંત, મુખ્યમંત્રીશ્રીએ અષાઢી બીજે કચ્છી નૂતન વર્ષ અવસરે સૌ કચ્છી ભાઈ - બહેનોને નવા વર્ષની શુભેચ્છાઓ આપી હતી. પરંપરા પ્રમાણે દર વર્ષે ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં મુખ્યમંત્રીશ્રી ભગવાનના રથની સોનાની સાવરણીથી પહિંદ વિધિ સંપન્ન કરીને રથયાત્રાને પ્રસ્થાન કરાવતા હોય છે. આ પરંપરાને મુખ્યમંત્રીશ્રીએ આગળ ધપાવતાં ૧૪૬મી રથયાત્રામાં મુખ્યમંત્રી તરીકે બીજી વાર પહિંદવિધિ કરીને રથયાત્રાને નગરચર્યા માટે પ્રસ્થાન કરાવીને દાયકાઓ જૂની પરંપરા જાળવી રાખી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રથયાત્રાના પર્વની સૌ નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે અષાઢી બીજના પાવન અવસરે ભગવાનનાં દર્શન, આરતી અને રથયાત્રાને પ્રસ્થાન કરાવવાનો અવસર મળવાને પોતાનું સદ્ભાગ્ય ગણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત હરહંમેશ સદભાવના, એકતા, શાંતિ અને સમૃદ્ધિ સાથે આગળ વધતું રહે તેવી પ્રભુ જગન્નાથજીને પ્રાર્થના છે.

આ અવસરે મહંત શ્રી દિલીપદાસજી, પૂર્વ ગૃહ મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, અમદાવાદના ધારાસભ્યશ્રીઓ, અમદાવાદ મહાનગરપાલિકાના મેયર શ્રી કિરીટભાઈ પરમાર તેમજ અન્ય પદાધિકારીઓ - શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે SGVP ગુરુકુળ, મેમનગર દ્વારા આયોજિત રથયાત્રાના સમાપન પ્રસંગે ઉપસ્થિત રહી આરતી તથા પૂજન-અર્ચન કર્યાં હતાં.●



## કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ મંગળા આરતીનો લાભ લીધો

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે ૧૪૬મી રથયાત્રાના પાવન અવસરે અમદાવાદ શહેરના સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિરમાં મંગળા આરતીમાં સહભાગી થઈ ભક્તિભાવપૂર્વક દર્શન કર્યા હતા. અમદાવાદ શહેર જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત માટે આસ્થાના પ્રતીક સમાન રથયાત્રાના પાવન અવસરે વહેલી સવારે મંગળા આરતીમાં ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ પણ પૂજાવિધિ અને આરતીમાં સામેલ થયા હતા. ●

## સ્પેશિયલ ઓલિમ્પિક્સમાં ગુજરાતનું ગૌરવ વધારતા મનોદિવ્યાંગ ખેલાડીઓ



ગુજરાતમાં ખેલ મહાકુંભ અભિયાનના પરિણામે રાજ્યના અનેક રમતવીરો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પોતાની કૌવત બતાવી ચૂક્યા છે. મુખ્યમંત્રી તાજેતરમાં જર્મની ખાતે યોજાયેલ સ્પેશિયલ ઓલિમ્પિક્સ વર્લ્ડ સમર ગેમ્સમાં ગુજરાતના મનોદિવ્યાંગોએ અનેરી સિદ્ધિઓ મેળવી છે. જર્મની ખાતે યોજાયેલ વર્લ્ડ ગેમમાં ગુજરાતના મનોદિવ્યાંગોએ ૧૪ મેડલ સાથે વિશ્વભરમાં ગુજરાતનું નામ ગુંજતું કર્યું છે.

જર્મની ખાતે યોજાયેલ સ્પેશ્યલ ઓલિમ્પિક્સ વર્લ્ડ સમર ગેમ્સ ૨૦૨૩માં ૧૯૦ જેટલા દેશના ૭૦૦૦ કરતાં વધારે સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં ગુજરાત રાજ્યમાંથી પસંદગી પામેલા ૧૪ એથ્લેટ અને ૧૦ કોચ ભારત દેશનું પ્રતિનિધિત્વ કરવા માટે જર્મની ખાતે જુદી જુદી રમતોમાં પોતાનું કૌશલ્ય દેખાડ્યું છે.

ગુજરાત સ્પેશયલ ઓલિમ્પિકસ લોકડાઉન દરમિયાન ઓનલાઈન અને ત્યારબાદ જુદા જુદા કેમ્પ દ્વારા આપવામાં આવેલ સતત તાલીમના કારણે આપણા ગુજરાતી મનો દિવ્યાંગ રમતવીરોએ વર્લ્ડ ગેમ્સમાં ૨ ગોલ્ડ, ૮ સિલ્વર અને ૪ બ્રોન્ઝ મેડલ મળી કુલ ૧૪ મેડલ સાથે આગવું સ્થાન મેળવી ભારતના રાષ્ટ્ર ધ્વજને ઉચ્ચ સન્માન અપાવ્યું છે. આ ઉપરાંત ૩ ખેલાડીઓએ ચોથા અને પાંચમાં સ્થાને રહી રિબિન પ્રાપ્ત કરી હતી.

આ અવસરે ટીમ ગુજરાતને સ્પેશિયલ ઓલિમ્પિકસ ગુજરાત સમિતિ, સ્વર્ણિમ સ્પોર્ટ્સ યુનિવર્સિટીના વીસી પ્રો. ડો. અર્જુનસિંહ રાણા, સ્પેશિયાલિટી ગુજરાતના પેટ્રન શ્રી રાકેશભાઈ શાહ અને સમગ્ર શિક્ષાના સચિવ મહેશભાઈ મહેતાએ ઉપસ્થિત રહીને ખેલાડીઓનું સ્વાગત કર્યું હતું. ●

## SWACના વડા મુખ્યમંત્રીશ્રીની સૌજન્ય મુલાકાતે



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૌજન્ય મુલાકાત ભારતીય વાયુદળના દક્ષિણ-પશ્ચિમ વાયુ કમાન્ડ-SWACના એર ઓફિસર કમાન્ડિંગ ઇન ચીફ એર માર્શલ નર્મદેશ્વર તિવારીએ ગાંધીનગરમાં લીધી હતી. SWAC અંતર્ગત ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ગોવા રાજ્યોનો સમાવેશ થયેલો છે.

આ દક્ષિણ-પશ્ચિમ વાયુ કમાન્ડના વડાનો પદભાર સંભાળતા પૂર્વે એર માર્શલ તિવારી ભારતીય વાયુ દળના મુખ્યમથક ખાતે ડેપ્યુટી ચીફ ઑફ એર સ્ટાફ તરીકે કાર્યરત હતા. ભારતીય વાયુદળમાં ફાઈટર પાઈલટ તરીકે ૧૯૮૬માં જોડાયેલા શ્રી તિવારી વાયુદળના વિવિધ પ્રકારના એરક્રાફ્ટની કુલ ૩૬૦૦ કલાકની ઉડાનનો અનુભવ ધરાવે છે. તેમની ઉત્કૃષ્ટ સેવાઓની કદર રૂપે તેમને ૨૦૦૮માં રાષ્ટ્રપતિશ્રીનો વાયુ સેના મેડલ અને ૨૦૨૨ માં અતિ વિશિષ્ટ સેવા મેડલના સન્માન પ્રાપ્ત થયેલાં છે.

મુખ્યમંત્રીશ્રીએ તાજેતરમાં બિપરજોય વાવાઝોડાની આપત્તિમાં વાયુસેનાએ ગુજરાતને મદદ માટે દાખવેલી તત્પરતા અંગે આભારની લાગણી વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન આ સૌજન્ય મુલાકાતમાં સહભાગી થયા હતા. ●


## અમદાવાદના પ્રથમ વ્હાઈટ ટોપિંગ કોંક્રિટ રોડનું લોકાર્પણ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મેમનગર ગુરુકુળ પાસે 'વ્હાઈટ ટોપિંગ' પદ્ધતિથી તૈયાર કરવામાં આવેલા કૉંક્રિટ રોડનું તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લોકાર્પણ કર્યું હતું. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઉત્તર પશ્ચિમ ઝોનના બોડકદેવ વોર્ડ અને થલતેજ વોર્ડમાં ગુરુકુલથી તીર્થનગર સોસાયટી સુધી વ્હાઈટ ટોપિંગ પદ્ધતિથી કૉંક્રિટ રોડ તૈયાર કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદને હરિયાળું બનાવવાના લક્ષ્યાંક સાથે AMC દ્વારા અનેકવિધ ઈકો ફ્રેન્ડલી પ્રકલ્પો આ મતવિસ્તારમાં અમલમાં મૂકવામાં આવ્યા છે.

આ લોકાર્પણ પ્રસંગે મેયર શ્રી કિરીટભાઈ પરમાર, મ્યુનિસિપલ કમિશનરશ્રી એમ. થેન્નારસન, ડેપ્યુટી મેયર શ્રીમતી ગીતાબહેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી હિતેશ બારોટ સહિત મહાનગરપાલિકાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## સ્વાગત ઓનલાઈન : જનતાની રજૂઆતોના નિવારણ માટેનું પ્લેટફોર્મ




સામાન્ય માનવીની ફરિયાદો, રજૂઆતોનું સંવેદનાપૂર્ણ અભિગમથી ત્વરાએ નિરાકરણ લાવવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના જિલ્લા વહીવટી તંત્રવાહકોને સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. આવા રજૂઆતકર્તાઓએ પોતાની રાવ-ફરિયાદ લઈને ગાંધીનગર સુધી આવવું જ ન પડે અને જિલ્લા કક્ષાએ જ સમસ્યાનું યોગ્ય નિવારણ થઈ જાય તેવી અપેક્ષા તેમણે સ્વાગત ઓનલાઈનના રાજ્યકક્ષાના સ્વાગત દરમ્યાન વ્યક્ત કરી હતી.

નાગરિકો, પ્રજાવર્ગોની રજૂઆતો, ફરિયાદોનો ટૅક્નોલોજીના માધ્યમથી ઉકેલ લાવવા માટે સ્વાગત ઓનલાઈનના રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને અરજદારોને પ્રત્યક્ષ સાંભળ્યા હતા. આ કાર્યક્રમમાં નવનિયુક્ત સનદી અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા અને સ્વાગત ઓનલાઈન કાર્યક્રમની કામગીરી નિહાળી હતી.

લઘુ અને નાના ઉદ્યોગકારો, પિયત સહકારી મંડળીઓ, ગેરકાયદે દબાણ વગેરેની સમસ્યાનું ત્વરાએ સમાધાન થાય તે માટેના દિશાનિર્દેશો મુખ્યમંત્રીશ્રીએ આપ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના દરિયાકાંઠા વિસ્તારો સહિત જે જિલ્લાઓમાં બિપરજોય વાવાઝોડાની અસર પહોંચી છે ત્યાં થયેલી નુકસાનીનો પ્રાથમિક સર્વે ઝડપભેર પૂર્ણ કરવાની સૂચનાઓ આપી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સમક્ષ રાજ્ય સ્વાગતમાં રજૂ થયેલી ૧૨ અને જિલ્લા, તાલુકા અને ગ્રામ સ્વાગતની મળીને જૂન મહિના દરમિયાન ૬,૪૪૧ રજૂઆતો મળી હતી તે પૈકીની ૫,૫૨૬ રજૂઆતોનો સંબંધિત તંત્રવાહકો દ્વારા નિકાલ કરી દેવાયો છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન અને સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## ગુજરાતની અસ્મિતાને વિશ્વ સુધી પહોંચાડવામાં સાહિત્યકારોનું મહત્વનું યોગદાન



સાહિત્ય, સંસ્કૃતિ, કલા-કારીગરીના આપણા ભવ્ય વારસા અને વિરાસતને વિશ્વખ્યાતિ અપાવવામાં સાહિત્યસર્જકોનું ઉલ્લેખનીય પ્રદાન છે, તેમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વર્ષ ૨૦૨૧-૨૨ના સાહિત્ય ગૌરવ પુરસ્કારોથી નવ જેટલા સાહિત્ય સર્જકોનું સન્માન કરતાં જણાવ્યું હતું.

આ સંદર્ભમાં તેમણે ઉમેર્યુ હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના અમૃતકાળમાં આપેલા પાંચ સંકલ્પમાંનો એક સંકલ્પ આપણી વિરાસત પર ગૌરવ કરવાનો છે. આ સંકલ્પ સાહિત્ય, સંસ્કૃતિ, કલાને રાજ્ય પુરસ્કૃત કરીને ગુજરાતમાં આપણે પાર પાડ્યો છે.

ગુજરાત સાહિત્ય અકાદમીના ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૧-૨૨ ના પુરસ્કારો લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારો અને યુવા સાહિત્યકારોને અર્પણ કર્યા હતા. આ પુરસ્કારો અંતર્ગત હિન્દી, કચ્છી અને ગુજરાતી ભાષામાં સાહિત્ય સર્જન માટેના પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, સાહિત્ય એવી સંજીવની છે જે આપણા જીવનને ઊર્જા-ચેતનાથી ભરી દે છે. આજના બદલાતા સમયમાં યુવા પેઢીના નવતર-નૂતન વિચારોને ઝીલીને એને પ્રતિબિંબિત કરવાનું મહત્વનું કામ ગુજરાત સાહિત્ય અકાદમી કરે છે તે અભિનંદનીય છે એમ તેમણે ઉમેર્યુ હતું. તેમણે સાહિત્ય અકાદમી માટે અત્યાધુનિક મેઘાણી અકાદમી ભવન આગામી સમયમાં સૌ સાહિત્યકારોની સેવામાં ખૂલ્લું મુકવાની રાજ્ય સરકારની નેમ આ તકે દર્શાવી હતી.

સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી શ્રી મૂળુભાઈ બેરા, સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહા, મહામાત્ર શ્રી જયેન્દ્રસિંહ જાદવ તેમજ યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનર શ્રી હર્ષદ પટેલ અને અગ્રગણ્ય સાહિત્યકારો, લેખકો, સાહિત્ય પ્રેમીઓ આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા. ●

# ગાંધીનગરના સરઢવથી "આઓ ગાઁવ ચલે" પ્રોજેક્ટ રિ-લોન્ચ



રાજ્યના નાગરિકોને સારામાં સારી આરોગ્ય સેવા મળી રહે તે માટે ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે. છેલ્લા બે દાયકામાં ગુજરાતે આરોગ્ય ક્ષેત્રે ખૂબ પ્રગતિ કરી છે. જેના કારણે અન્ય રાજ્યના નાગરિકો પણ ગુજરાતમાં સારવાર માટે આવી રહ્યા છે. ગામડાઓમાં આરોગ્ય સેવાનો વ્યાપ વિસ્તાર વધુ મજબૂત બને તે હેતુથી સરકાર તેમજ સામાજિક સંસ્થાઓ દ્વારા વિવિધ પ્રકલ્પો ચલાવવામાં આવે છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગર જિલ્લાના સરઢવથી ઇન્ડિયન મેડિકલ ઍસોસિયેશનની ગુજરાત બ્રાન્ચ દ્વારા રાજ્યનાં ૯૦થી વધુ ગામોના નાગરિકોની આરોગ્ય સુખાકારી માટેના "આઓ ગાઁવ ચલે" પ્રોજેક્ટને રિ-લોન્ચ કર્યો હતો.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગરીબ, વંચિત, પીડિત, નાનામાં નાના અને ગ્રામીણ લોકો સુધી અદ્યતન આરોગ્ય સેવાઓ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૯ વર્ષમાં વ્યાપકપણે વિસ્તરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં રાજ્યમાં મેડિકલ એજ્યુકેશનનો પણ જે વ્યાપ વધ્યો છે અને વધુ મેડિકલ કૉલેજીસ શરૂ થતાં હવે દર વર્ષે રાજ્યમાં અંદાજે સાત હજાર જેટલા ડૉક્ટર્સ ઉપલબ્ધ થાય છે.

એટલું જ નહીં, ગ્રામીણ સ્તરે પણ હવે મલ્ટિ-સ્પેશ્યાલિટી હૉસ્પિટલ્સની સુવિધાઓ મળતી થઈ છે અને તેના પરિણામે ગ્રામીણ કક્ષાએ અદ્યતન ઈલાજ સારવાર પણ ઉપલબ્ધ બની રહેશે.

વિશ્વની સૌથી મોટી જન આરોગ્ય સુરક્ષા યોજના 'આયુષ્માન ભારત'નું આરોગ્ય કવચ કરોડો જરૂરતમંદ લોકોને મળતું થયું છે. આ સેવાના મૂળમાં સુશાસન અને સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસની ભાવના છે. મુખ્યમંત્રીશ્રીએ ઇન્ડિયન મેડિકલ ઍસોસિયેશને ગ્રામીણ નાગરિકોની આરોગ્ય સુખાકારીની ચિંતા કરીને "આઓ ગાઁવ ચલે" પ્રોજેક્ટ દ્વારા સરકાર સાથે સહયોગ કર્યો છે, તેની સરાહના કરી હતી અને સફળતાની શુભેચ્છાઓ આપી હતી.

ઇન્ડિયન મેડિકલ ઍસોસિયેશન, ગુજરાત સ્ટેટ બ્રાન્ચ દ્વારા સરઢવ ગામ ખાતે રેવાબાઈ હોસ્પિટલના સાંનિધ્યમાં યોજાયેલા "આઓ ગાઁવ ચલે" કાર્યક્રમના પ્રારંભ પ્રસંગે રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી પદે હતા ત્યારે તેમણે ગામડાના સર્વાંગી વિકાસ માટે શહેર સમોવડી સુવિધા ગામડામાં ઊભી કરીને ગ્રામજનોના આરોગ્યની ચિંતા, શિક્ષણની ચિંતા તેમજ કન્યા કેળવણીની ચિંતા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, વિકાસ માટે માળખાકીય સુવિધાનું નિર્માણ કરવું જરૂરી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યભરમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ તેમજ નવી સિવિલ હૉસ્પિટલનું નિર્માણ થઈ રહ્યું છે. આ તમામ આરોગ્ય કેન્દ્રો પર ડૉક્ટર ઉપલબ્ધ થાય તે માટે રાજ્યના પ્રત્યેક જિલ્લામાં મેડિકલ કૉલેજની સ્થાપનાના લક્ષ્યાંક સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ગુજરાતે પુરુષાર્થ કર્યો છે. જેના કારણે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં આજે પ્રતિ વર્ષ ૬૩૫૦ ડૉક્ટર્સ તૈયાર થઈ રહ્યા છે. નજીકના ભવિષ્યમાં નવી મેડિકલ કૉલેજોનું નિર્માણ થતાં આ આંકડો પ્રતિવર્ષ ૭,૦૦૦ પર પહોંચશે.

ગુજરાતમાં શ્રેષ્ઠ આરોગ્ય સુવિધાની ઉપલબ્ધિને કારણે ગુજરાત મેડિકલ ટુરિઝમ ક્ષેત્રે પણ અગ્રેસર છે તેમ પણ તેમણે જણાવ્યું હતું. આ તકે આરોગ્ય મંત્રીશ્રીએ નોન કોમ્યુનિકેબલ ડિસિઝ માટે લોકજાગૃતિ માટેના રાજ્ય સરકાર દ્વારા થઈ રહેલા પ્રયાસોની પણ માહિતી આપી હતી.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી દિલીપભાઈ પટેલ, ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રીમતી રીટાબહેન પટેલ, મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી જસવંતભાઈ પટેલ, સરઢવ ગામના સરપંચ શ્રી કિરીટભાઈ પટેલ, રેવાબાઈ હૉસ્પિટલના ટ્રસ્ટી, આઇ.એમ.એ.ગુજરાતના પ્રમુખ શ્રી ડૉ. મહાવીરસિંહ, સહિત આસપાસનાં ગામના સરપંચશ્રીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા. ●

## 'આઓ ગાઁવ ચલે' પ્રોજેક્ટ શું છે?

ગ્રામીણ કક્ષાએ આરોગ્ય સેવા સરળતાથી આપી શકાય તેવા ઉમદા ભાવથી મેડિકલ ઍસોસિયેશન દ્વારા 'આઓ ગાઁવ ચલે' કાર્યક્રમ અમલી બનાવવામાં આવ્યો છે. ઇન્ડિયન મેડિકલ ઍસોસિયેશન સાથે સમગ્ર દેશના ૪.૫૦ લાખ કરતાં વધુ ડૉક્ટરો સભ્ય છે. તેમજ દેશના ૩૩ રાજ્યમાં ૧,૭૦૦ સ્થળો ખાતે ઍસોસિયેશન કાર્યરત છે. આ કાર્યક્રમ થકી ૧,૭૦૦ શાખાઓ દ્વારા ગામોને દત્તક લેવામાં આવશે. જેના દ્વારા ગામડાઓમાં મેડિકલ સુવિધા પૂરી પાડવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. આ અભિયાન થકી ગ્રામજનોને આરોગ્યની ઉત્તમ સુવિધાઓ મળશે.

## સાણંદમાં ૨૨ હજાર કરોડનાં મૂડીરોકાણથી સેમિકન્ડકટર પ્લાન્ટ સ્થપાશે

# ગુજરાત સરકાર અને અમેરિકાની માઇક્રોન ટેક્નોલોજી વચ્ચે ઐતિહાસિક MOU

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ભારતને ગ્લોબલ સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈન મેન્યૂફેક્ચરીંગ ક્ષેત્રે ઊંચી ઊડાન ભરીને આત્મનિર્ભર ભારત સાકાર કરવા ૧૦ બિલિયન યુ.એસ ડોલરનો સેમિકોન ઈન્ડિયા પ્રોગ્રામ કેન્દ્ર સરકારે જાહેર કર્યો છે. વડાપ્રધાનશ્રીની તાજેતરની અમેરિકાની મુલાકાત દરમિયાન અમેરિકન પ્રમુખ શ્રી જો-બાઈડેન સાથેની બેઠકમાં આ પ્રોગ્રામને વધુ ગતિ આપતાં માઈક્રોન ટેક્નોલોજી દ્વારા ભારતમાં મહત્વપૂર્ણ મૂડીરોકાણ દ્વારા સેમિકન્ડકટર એસેમ્બલી, ટેસ્ટ, માર્કિંગ અને પેકેજિંગ ATMP ફેસેલિટી સ્થાપવાની જાહેરાત અમેરિકન પ્રમુખે કરી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અમેરિકાની આ સફળ મુલાકાતની ફલશ્રુતિ રૂપે માઇક્રોન ટેક્નોલોજી દ્વારા ૨.૭૫ બિલિયન યુ.એસ. ડોલર એટલે કે રૂ. ૨૨,૫૦૦ કરોડ કરતાં વધુના રોકાણથી ગુજરાતના સાણંદમાં આ ATMP ફેસેલિટી શરૂ કરવામાં આવશે. આ પ્રોજેક્ટથી ૨૦ હજાર નાગરિકોને રોજગારી મળશે.

વિશ્વભરમાં સેમિકન્ડક્ટર ઉત્પાદન ક્ષેત્રે અગ્રેસર અને મોટી કંપનીઓમાંની એક એવી સેમિકન્ડક્ટર મેન્યૂફેક્ચરીંગ કંપની માઇક્રોન ટેક્નોલોજી અને ગુજરાત સરકાર વચ્ચે આ સંદર્ભમાં ઐતિહાસિક MoU ગાંધીનગરમાં સંપન્ન થયા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ભારત સરકારના ઈન્ફર્મેશન ટેક્નોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવની પ્રેરક ઉપસ્થિતિમાં આ MoU પર ગુજરાત સરકારના સાયન્સ ટેક્નોલોજી સચિવ શ્રી વિજય નહેરા અને માઇક્રોનના સિનીયર વાઈસ પ્રેસીડેન્ટ શ્રી ગુરૂશરણ સિંઘે હસ્તાક્ષર કર્યા હતા.

ગુજરાતમાં સુદ્રઢ મેન્યુફેકચરીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર, ઉદ્યોગ-વેપાર માટેનું સાનુકૂળ વાતાવરણ અને રાજ્ય સરકારના શ્રેષ્ઠ સહયોગ ઉપરાંત સુઆયોજિત ટેલેન્ટ પૂલની ઉપલબ્ધિ જેવી મહત્વપૂર્ણ બાબતોને ધ્યાને રાખીને માઇક્રોને પોતાની આ મેન્યુફેક્ચરીંગ ફેસેલીટી શરૂ કરવા માટે ગુજરાત પર પસંદગી ઉતારી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને દિશાદર્શનમાં ગુજરાત સેમિકન્ડક્ટર પોલિસી-૨૦૨૨-૨૭ ગત વર્ષ સપ્ટેમ્બર-૨૦૨૨ માં જાહેર કરવામાં આવેલી છે. સેમિકન્ડક્ટર ક્ષેત્રે ભારતને આત્મનિર્ભર બનાવવાના કેન્દ્ર સરકારના પ્રયાસોને બળવત્તર બનાવતી આવી પોલિસી ઘડનારૂં ગુજરાત દેશનું એક માત્ર રાજ્ય છે. એટલું જ નહિ, રાજ્યમાં ડોમેસ્ટીક સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરીંગ ઈકો સિસ્ટમને વેગ આપવા આ પૉલિસીમાં વિશેષ ભાર મુકવામાં આવ્યો છે.

સેમિકન્ડકટર ક્ષેત્રના ઉદ્યોગોને ગુજરાતમાં આકર્ષવા અને જરૂરી તમામ સહકાર આપવાના હેતુથી રાજ્ય સરકારે એક ડેડિકેટેડ સંસ્થા 'ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક મિશન (GSEM)ની સ્થાપના કરી છે.

આ પ્રોજેક્ટની સ્થાપનાથી ભારતના સેમિકન્ડક્ટર મેન્યુફેકચરીંગ ક્ષેત્રે મોટો બદલાવ આવશે. પાંચ હજાર પ્રત્યક્ષ અને ૧૫ હજાર પરોક્ષ મળી કુલ ૨૦ હજાર



રોજગારીનું સર્જન થશે.

ગુજરાત સરકાર અને માઇક્રોન ટેક્નોલોજી વચ્ચે થયેલા આ MoU દેશ માટે સિમાચિહ્નરૂપ ક્ષણ છે. આ ક્ષેત્રને અનુરૂપ રો-મટિરિયલ અને ફિનિશ્ડ પ્રોડક્ટસ માટેના આનુષાંગિક ઉદ્યોગો પણ ગુજરાતમાં આકર્ષિત થતાં ડોમેસ્ટિક સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમને વેગ મળશે. ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશને રાજ્યમાં પ્લગ એન્ડ પ્લે સુવિધા સાથેની ૪૫,૦૦૦ હેક્ટર જમીન ડેવલપ કરી છે.

માઇક્રોને પોતાની નવી ATMP ફેસિલિટી માટે સાણંદ GIDC-II ને પસંદ કરી છે. સાણંદ GIDC હાઇલી ઇન્ડસ્ટ્રીયલાઇઝ્ડ ઝોન છે, અહીં, અનેક નામાંકિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મેન્યુફેક્ચરીંગ ઇન્ડસ્ટ્રીઝ કાર્યરત છે.

આ અવસરે GIDCના વાઇસ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડૉ. રાહુલ ગુપ્તાએ માઇક્રોનને ૯૩ એકર જમીનની ફાળવણી માટેનો ઓફર કમ એલોટમેન્ટ (OCA) લેટર હેન્ડઓવર કર્યો હતો.

માઇક્રોન કંપની સાણંદ GIDC એસ્ટેટની અંદર એસેમ્બલી અને ટેસ્ટિંગ ફેસિલિટીની સ્થાપના કરશે, કંપની આ ફેસિલિટી ખાતે સેમિકન્ડક્ટર વેફરને બોલ ગ્રીડ એરે (BGA) ઇન્ટિગ્રેટેડ સર્કિટ પેકેજીસ, મેમરી મોડ્યૂલ્સ સોલિડ-સ્ટેટ ડ્રાઈવ્ઝમાં રૂપાંતરિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

લીડરશીપ ઈન એનર્જી એન્ડ એન્વાયરમેન્ટલ ડિઝાઇન (LEED)ના ગોલ્ડ સ્ટાન્ડર્ડને અનુરૂપ અથવા તેથીએ ઉત્કૃષ્ટ એસેમ્બલી અને ટેસ્ટિંગ ફેસિલિટીની સ્થાપના કરવા માટે માઇક્રોન કંપની પ્રતિબદ્ધ છે. ઉપરાંત આ ફેસિલિટી ખાતે ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ (ZLD) થાય તે માટેની એડવાન્સ વોટર સેવિંગ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.

સાણંદ ખાતેનો આ પ્લાન્ટ દેશની સેમિકન્ડક્ટર સપ્લાય ચેઇનમાં કાર્યરત અન્ય ઇન્ડસ્ટ્રીઝને ગુજરાતમાં આકર્ષિત કરશે. એટલું જ નહીં, ગ્લોબલ સેમિકન્ડક્ટર જાયન્ટ્સ- વૈશ્વિક મોટા ઉદ્યોગ ગૃહોને પણ ગુજરાતમાં પોતાની હાઈટેક મેન્યૂફેક્ચરીંગ ફેસિલિટી સ્થાપવા માટે પ્રેરણા આપશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે માઇક્રોન ટેક્નોલોજી ઇન્ક. કંપનીને સેમિકન્ડક્ટર મેન્યૂફેક્ચરીંગ ક્ષેત્રની પાયારૂપ ફેસિલિટી સ્થાપવા ગુજરાતની પસંદગી કરવા બદલ અભિનંદન આપ્યાં હતાં. મુખ્યમંત્રીશ્રીએ માઇક્રોન કંપનીને સંપૂર્ણ સહકારની ખાતરી આપી હતી તેમજ સફળતાની શુભકામનાઓ પાઠવી હતી.

આ અવસરે રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, વરિષ્ઠ સચિવો, માઇક્રોન કંપનીના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## માઇક્રોન ટેક્નોલોજી વિશે...

માઇક્રોન ટેક્નોલોજી ઇન્કોર્પોરેશન અમેરિકાની સૌથી મોટી સેમિકન્ડક્ટર મેમરી આઇ.ડી.એમ. (ઇન્ટિગ્રેટેડ ડિવાઇસ મેન્યુફેક્ચરીંગ) કંપની છે. સેમિકન્ડક્ટરનો મોબાઇલ, કોમ્પ્યુટર, ડેટા સેન્ટર અને હાઇ પરફોર્મન્સ કમ્પ્યુટીંગ માટેના મેમરી ચીપ તરીકે ઉપયોગ કરવામાં છે. તેમજ તેનો તમામ પ્રકારના ઇલેક્ટ્રોનિક સાધનોમાં ઉપયોગ થતો હોય છે. અમેરિકાના ઇડાહો સ્ટેટના બોઇઝે શહેરમાં કંપનીનું હેડક્વાર્ટર આવેલું છે. માઇક્રોનના અમેરિકા, જાપાન, તાઇવાન અને ચીનમાં કુલ મળીને ૧૧ ઉત્પાદન એકમો કાર્યરત છે.

માઇક્રોન વિશ્વની પાંચમી સૌથી મોટી સેમિકન્ડક્ટર કંપની છે. વર્ષ ૨૦૨૨માં ફોર્ચ્યુન ૫૦૦માં ૧૨૭મા નંબરના ક્રમાંકે હતી. તેને વર્ષ ૨૦૨૨માં વિશ્વની સૌથી વધુ નીતિમત્તાથી ચાલતી કંપની તરીકે સ્વીકૃતિ મળેલી છે. તે એકોવેડીસ સસ્ટેનેબિલીટી પ્લેટિનમ પુરસ્કાર મેડલ દ્વારા પુરસ્કૃત છે. ●








*ગુજરાત સરકારે બિપરજોય વાવાઝોડા સામે કરેલી કાબિલેદાદ કામગીરીને બિરદાવતા જાણીતા કવિ શ્રી તુષાર શુક્લએ ફેસબુકની વોલ પર કવિતાના માધ્યમથી તેમની અભિવ્યક્તિ શેર કરી હતી. જેને વડાપ્રધાનશ્રીએ ટ્વીટ કરીને આવા સુંદર પ્રતિભાવની સરાહના કરી હતી.*




## વાવાઝોડા સામે ઝીરો કેઝ્યુઅલ્ટિના સંકલ્પ સાથે

# ગુજરાત સરકારે લીધેલાં સર્વોત્તમ પગલાં એ આપત્તિ વ્યવસ્થાપનનું ઉત્તમ ઉદાહરણ

ગુજરાતના દરિયાકિનારે ઉદભવેલા શક્તિશાળી 'બિપરજોય' વાવાઝોડા સામે ગુજરાતની જનતાનાં ખમીર અને ઝમીરનો વિજય થયો છે. રાજ્ય સરકારના સમયસરના આગોતરા આયોજન, વહીવટીતંત્રની સક્રિયતા તેમજ સ્થાનિક જનતાનાં સાથ-સહકારથી ગુજરાતે તેના માથે આવેલી ઘાતને ટાળવામાં સફળતા મળી છે. બિપરજોય વાવાઝોડું કચ્છના કિનારે ટકરાઈને આગળ વધી ગયું, તેમ છતાં કચ્છ ઉપરાંત, જામનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકા જિલ્લામા ઓછામાં ઓછું નુકશાન થયું છે. જે રાજ્ય સરકારે લીધેલાં આગોતરાં પગલાં અને એક્શન પ્લાનનું પરિણામ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, તેમના મંત્રીમંડળના સદસ્યશ્રીઓ અને તમામ વહીવટીતંત્ર વાવાઝોડાની શક્યતાને ધ્યાનમાં લઈને ઉચ્ચસ્તરીય બેઠકો યોજીને પરિસ્થિતિનો તાગ મેળવીને, જરૂરી સૂચનાઓ આપતા હતા. આ વાવાઝોડા અને રાજ્ય સરકારનાં એક્શન પ્લાન પર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે બેઠકો કરીને સમીક્ષા કરી અને રાજ્ય સરકારને માર્ગદર્શન આપતા હતા. તો બીજી બાજુ, કેન્દ્રીય મંત્રીશ્રીઓ તથા રાજ્યના મંત્રીશ્રીઓની ટીમને અલગ-અલગ જિલ્લાઓની જવાબદારી સોંપી હતી. આ સાથે, કેન્દ્ર સરકારે વાવાઝોડાની પરિસ્થિતિમાં તમામ પ્રકારની મદદ કરવાની બાંહેધરી આપી હતી. વડાપ્રધાનશ્રી અને કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ આપેલા ઝીરો કેજ્યુઅલ્ટિના સંકલ્પ સાથે રાજ્ય સરકારે વાવાઝોડા સામેનું આગોતરું આયોજન હાથ ધર્યું હતું.






બિપરજોય વાવાઝોડું કચ્છના જખૌ નજીકથી પસાર થઈ ગયા બાદ સમગ્ર રાજ્યમાં વધતા-ઓછા પ્રમાણમાં વરસાદ થયો હતો. વાવાઝોડા અને ત્યારપછીની પરિસ્થિતિની માહિતી મેળવવા માટે તાજેતરમાં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કચ્છની મુલાકાત લીધી હતી. ગૃહમંત્રીશ્રીએ માંડવી તાલુકાના કાથડ ગામના અસરગ્રસ્ત ખેડૂતોને સાથે વાતચીત કરી નુકસાનીનો તાગ મેળવ્યો હતો તેમણે માંડવીની સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલની મુલાકાત લઈ સગર્ભા માતાઓ તેમ જ વડીલોનાં ખબરઅંતર પૂછ્યાં હતાં.

શ્રી અમિતભાઈ શાહે જખૌના આશ્રયસ્થાનની પણ મુલાકાત લીધી હતી તેમજ ભૂજ ખાતે કેન્દ્ર અને રાજ્ય સરકારના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. શ્રી શાહે કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને રાજ્ય સરકાર સાથે મળીને આ વાવાઝોડા સામે બધી જ એજન્સીઓએ લીધેલાં પગલાઓનું ઝીરો કેઝ્યુઅલ્ટિ સાથેના ડિઝાસ્ટર મેનેજમેન્ટના એક સફળ મોડેલ તરીકે ડોક્યુમેન્ટેશન તૈયાર કરવા સૂચવ્યું હતું.

ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે કચ્છમાં અસરગ્રસ્ત ખેડૂતોના બાગાયતી પાકો અને વૃક્ષોને થયેલા નુકસાનમાંથી બેઠા કરવા રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના તજજ્ઞોનું માર્ગદર્શન મળી રહે તેવી વ્યવસ્થા માટે પણ સૂચન કર્યું હતું.

શ્રી અમિતભાઈ શાહે કચ્છની સમગ્રતયા પરિસ્થિતિની સમીક્ષા કરી અને ઝીરો કેઝ્યુઅલ્ટિ અભિગમ સાથે પૂર્વતૈયારીઓ કરવા બદલ રાજ્ય સરકારની પ્રશંસા કરી હતી. તેમણે વાવાઝોડા પછીના સંજોગોમાં પુનર્વસન અને પુનઃસ્થાપન કામગીરીમાં કેન્દ્ર સરકાર તરફથી ગુજરાતને સંપૂર્ણ સહકારની ખાતરી આપી છે. તેમણે અસરગ્રસ્ત લોકોને રોકડ રકમ/આર્થિક સહાય પૂરી પાડવા અને અસરગ્રસ્ત વિસ્તારોમાં ૭૨ કલાકમાં સ્થિતિ પૂર્વવત્ કરવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાની પણ પ્રશંસા કરી હતી.


Amit Shah
@AmitShah

Met people at the relief camps in Jakhau, Kutch. Under PM @narendramodi Ji's guidance, the Gujarat government, NDRF, and SDRF have done an exceptional job in preventing the loss of lives and taking care of the people during the devastating Biparjoy cyclone.

8:52 pm · 17 Jun 23 · 80.9K Views

આવી વિનાશક કુદરતી આપત્તિ સામે ગુજરાતના લોકોએ કરેલા સામૂહિક પ્રયાસોની પણ કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ પ્રશંસા કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સતત માર્ગદર્શન હેઠળ અને રાજ્ય સરકાર દ્વારા આગોતરા આયોજન અને તૈયારીઓથી માનવ અને પ્રાણીઓનાં જીવન અને સંપત્તિને ઓછામાં ઓછું નુકસાન થયું છે. તેઓએ વધુમાં કહ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશી, સમયસૂચકતાને પરિણામે ઝીરો કેઝ્યુઅલ્ટિ સાથે વાવાઝોડાનો સામનો કરવામાં આપણે સફળ રહ્યા. સમગ્ર આપતિ વ્યવસ્થાપનની આ ઝુંબેશ દરમ્યાન કેન્દ્રીય ગૃહ મંત્રાલય રાજ્ય સરકારના સતત સંપર્કમાં રહી જરૂરી પગલાઓ લેવામાં સહાયક બન્યું હતું.

શ્રી શાહે ઉમેર્યું હતું કે આપત્તિની ચેતવણીને પગલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર તંત્રને સચેત, દુરસ્ત કરી સ્વયં મોડી રાત સુધી મોનિટરિંગ કર્યું. સમયાંતરે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત કેન્દ્ર તેમજ રાજ્ય સરકારના અધિકારીઓ અને જન પ્રતિનિધિઓ સાથે વર્ચ્યુઅલ માધ્યમથી



જરૂરી સૂચનો કર્યાં અને આવશ્યક પગલાંઓ લેવા તાકીદ કરી હતી. ગુજરાત સરકારે અગાઉથી આયોજન કર્યું હતું અને સંવેદનશીલ લોકો, માછીમારો, સોલ્ટ-પાન કામદારોને સલામત સ્થળોએ ખસેડ્યા હતા. IMDની ચેતવણીઓ મુજબ માછીમારીની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. તેમનો સામાન, બોટ સલામત સ્થળોએ મૂકવામાં આવી હતી અને રાજ્ય સરકારના વિવિધ વિભાગો સતર્ક રહ્યા હતા તથા સુરક્ષા માટે ટીમો તૈયાર કરી હતી.

કેન્દ્ર સરકારની એજન્સીઓ, NDRFની ૧૯ ટીમો, એરફોર્સ, આર્મી, નેવી અને કોસ્ટ ગાર્ડની ટીમોએ પણ રાજ્ય સરકારને સક્રિયપણે સહકાર આપ્યો હતો.પુન: સ્થાપન પ્રક્રિયા ખૂબ ઝડપથી ચાલી રહી છે અને જનજીવન ખૂબ ઝડપથી રાબેતા મુજબ થશે તેવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો.

સમગ્ર દિવસ દરમ્યાન શ્રી શાહે અસરગ્રસ્ત વિસ્તારોના એરિયલ નિરીક્ષણ સહિત નાગરિકોનાં ખબરઅંતર પૂછ્યાં હતાં. આ ઉપરાંત તેઓએ વિવિધ એજન્સીઓ દ્વારા થઈ રહેલ પુનઃસ્થાપન પ્રક્રિયાની પણ સમીક્ષા કરી જરૂરી સૂચનો કર્યાં હતાં. શ્રી શાહે તમામ પ્રાથમિક સુવિધાઓ ખૂબ ઝડપથી પૂર્વવત્ થાય તે માટે તમામ અધિકારીઓને સૂચના પણ આપી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ કટોકટીની પરિસ્થિતિ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલા વિવિધ પગલાઓથી ગૃહમંત્રીશ્રીને માહિતગાર કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, "આગોતરા આયોજન અને તૈયારીઓને લીધે વાવાઝોડા દરમિયાન જાનમાલના નુકસાનને ઓછું થાય તેમાં સફળ રહ્યા છીએ. રાજ્ય સરકાર વાવાઝોડા પસાર થયાના ૭૨ કલાકની અંદર જ ઝડપથી રિ-સ્ટોરેશન સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્ય સાથે કામ કરી રહી છે. સગર્ભા સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો સહિત તમામ લોકોને સફળતાપૂર્વક બહાર કાઢ્યા છે. વન્યજીવો, ખાસ કરીને ગીરમાં સિંહોના રક્ષણ માટે યોગ્ય પગલાં પણ લીધાં છે. ઊર્જા વિતરણ કંપનીએ વીજ કરંટને કારણે સંભવિત જાનહાનિને રોકવા માટે ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન લાઇનોને બંધ કરી હતી. જિલ્લા વહીવટીતંત્રે હોર્ડિંગ્સ દૂર કર્યા, ઝાડની ડાળીઓ વગેરેને કાપવાની કામગીરી કરી હતી.




### રાજ્ય સરકારે વાવાઝોડા સામે લીધેલાં પગલાંઓની વિગત...

- ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં બિપરજોય વાવાઝોડું ત્રાટક્યાના સમાચાર મળ્યા ત્યારથી, મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરના સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટર ખાતે, વાવાઝોડા અંગે સરકારના વરિષ્ઠ અધિકારીઓ સાથે વારંવાર નિરીક્ષણ અને સમીક્ષા બેઠકો યોજી અને તમામ જિલ્લા વહીવટીતંત્રને સૂચનાઓ આપી.
- કેન્દ્ર સરકારે ગુજરાતને સંપૂર્ણ સહકારની ખાતરી આપી. તેઓએ ગુજરાતમાં બચાવ અને પુનર્વસન કામગીરીની દેખરેખ માટે કેન્દ્રીય મંત્રીઓને પણ મોકલ્યા.
- મુખ્યમંત્રીશ્રીએ વિવિધ જિલ્લાઓમાં લોકોને સ્થળાંતર કરવા માટેની સૂક્ષ્મ વ્યવસ્થાઓની પણ સમીક્ષા કરી. રાજ્ય સરકારના મંત્રીઓ ૧૨મી જૂનથી અસરગ્રસ્ત જિલ્લાઓમાં રાહત, બચાવ અને પુનઃસ્થાપનના પ્રયાસોની દેખરેખ માટે તૈનાત હતા.
- મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ ૧,૦૮,૨૦૮થી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા હતા. જેમાં ૧૦,૯૧૯ બાળકો, ૫,૦૭૦ વૃદ્ધો અને ૧,૨૦૬ ગર્ભવતી મહિલાઓનો સમાવેશ થાય છે.
- રાજ્ય સરકારે લગભગ ૭૩,૦૦૦ ઢોર અને પશુધનને સલામત સ્થળે ખસેડ્યાં.
- રાજ્ય સરકારના ૭૬ કાયમી મલ્ટિ પર્પઝ સાઇક્લોન શેલ્ટર હોમ (MPCS) લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવા માટે અત્યંત ઉપયોગી બન્યાં.



- ૧૯ NDRF ટીમો ગુજરાતના ૯ દરિયાકાંઠાના જિલ્લાઓમાં તૈનાત કરવામાં આવી હતી..
- ૧૨ SDRF ટુકડીઓ ૭ દરિયાકાંઠાના જિલ્લાઓ (કચ્છ, દેવભૂમિ દ્વારકા, જામનગર, મોરબી, પોરબંદર, ગીર સોમનાથ, જૂનાગઢ) અને પાટણ અને બનાસકાંઠામાં તૈનાત હતા. સુરતમાં SDRFની ૧ ટુકડીને અનામત રાખવામાં આવી હતી.
- મુખ્યમંત્રીશ્રી વાવાઝોડાને કારણે ઉદ્ભવતી વખતોવખતની પરિસ્થિતિનું સતત નિરીક્ષણ કર્યું અને કંટ્રોલ રૂમમાંથી જિલ્લા વહીવટીતંત્રને જરૂરી સૂચનાઓ આપી હતી. તેમણે મુખ્ય સચિવ અને રાજ્ય સરકારના સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવો સાથે વ્યાપક બેઠકો કરીને પળપળની વિગતો મેળવી હતી.

## વિવિધ વિભાગોની કામગીરીની વિગત

### અસરકારક સંચાર વ્યવસ્થા

વાવાઝોડું ત્રાટકે તે પહેલાં જ, ગુજરાત સરકારના માહિતી વિભાગે ૧૩ જૂનથી અત્યાર સુધીમાં રાજ્યના ૬ સંભવિત અસરગ્રસ્ત જિલ્લાઓમાં ૬૫ લાખ મોબાઈલ ફોન વપરાશકર્તાઓને મુખ્યમંત્રીનો વૉઈસ સંદેશ (OBD - આઉટબાઉન્ડ ડાયલિંગ) મોકલ્યો હતો. તેવી જ રીતે, મુખ્યમંત્રીશ્રીની જનતાને અપીલ લગભગ ૬૫ લાખ મોબાઈલધારકોને પ્રસારિત કરવામાં આવી હતી. રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓ GSWAN ટેલિફોન હોટલાઈન સાથે જોડાયેલા હતા. ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઑથોરિટી (GSDMA)એ પણ ટીવી કમર્શિયલ, રેડિયો અને અખબારની જાહેરાતો દ્વારા નાગરિકોને વાવાઝોડા દરમિયાન 'શું કરવું અને શું નહીં' પ્રસારિત કરવા માટે માહિતી વિભાગ સાથે સંકલન કર્યું.

ગુજરાત પોલીસે અવિરત સંદેશાવ્યવહાર સુનિશ્ચિત કરવા માટે સેટેલાઈટ ફોન અને વાયરલેસ નેટવર્કનો ઉપયોગ કર્યો હતો. હૉસ્પિટલો, સ્થળાંતર કેન્દ્રો વગેરે જેવા મહત્ત્વનાં સ્થળોએ વાયરલેસ સેટ મૂકવામાં આવ્યા હતા.

### આરોગ્ય વિભાગ દ્વારા તૈયારી

વાવાઝોડા દરમિયાન રાજ્યના સંભવિત અસરગ્રસ્ત વિસ્તારોમાં ૧૦૦૫ તબીબી ટીમો કાર્યરત હતી. ૨૪૬ '૧૦૮ એમ્બ્યુલન્સ' અને ૩૫૭ સરકારી એમ્બ્યુલન્સ સહિત કુલ ૬૦૩ એમ્બ્યુલન્સ અસરગ્રસ્ત લોકોની સેવા માટે સતત કાર્યરત હતી. આ ઉપરાંત સંભવિત અસરગ્રસ્ત વિસ્તારોમાં ૩,૮૫૧ ક્રિટિકલ બેડની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આવા વિસ્તારોમાં કુલ ૧૯૭ ડી.જી. સેટ પણ પૂરા પાડવામાં આવ્યા હતા.




રાજ્યના આરોગ્ય વિભાગે તમામ હૉસ્પિટલ ૧૦૦% ડિઝલ જનરેટર (ડી.જી.) થી સજ્જ કરી હતી, જેથી અવિરત તબીબી સેવાઓ સુનિશ્ચિત કરી શકાય.

વિભાગે અસરગ્રસ્ત વિસ્તારોમાં સગર્ભા સ્ત્રીઓની યાદી બનાવી તેમને જેથી સમયસર અને યોગ્ય સંભાળની સુવિધા મળી શકે. ૧૨૦૬ સગર્ભા મહિલાઓને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવી હતી. કટોકટી દરમિયાન ૭૦૭ બાળજન્મ થયા હતા.

### અસરગ્રસ્ત વિસ્તારોમાં વીજળી પુનઃસ્થાપિત

ઊર્જા વિભાગ દ્વારા પી.જી.વી.સી.એલ., યુ.જી.વી.સી.એલ. અને જેટકોના ૭,૬૦૦થી વધુ કર્મચારીઓની ૧,૧૩૩ ટીમો ૩,૭૫૧ ગામોમાં સક્રિય કરવામાં આવી હતી. સાથેસાથે વીજ-પુરવઠો રિસ્ટોર કરવા માટે એક લાખ વીજપોલ ઉપરાંત અન્ય જરૂરી સાધનો ઉપલબ્ધ કરાયાં હતાં.

જેટકોની ત્વરિત કામગીરીના કારણે વીજ-પુરવઠો ખોરવાઈ જવાના કિસ્સા એકદમ ઓછા થઈ શક્યા હતા. ઉપરાંત કરંટને કારણે જાનહાનિ થવાના બનાવો પણ નિવારી શકાયા હતા. આ ટીમોની ખડેપગે કામગીરીને લીધે ૧,૬૦૦થી વધુ ગામો અને જામનગર, ભૂજ, માંડવી, મુન્દ્રા, અંજાર તથા ગાંધીધામ જેવા મહત્ત્વના શહેરી વિસ્તારોમાં



વીજ-પુરવઠો ફરી પૂર્વવત થયો હતો.

આ ઉપરાંત સમગ્ર રાજ્યમાં જ્યાં-જ્યાં વાવાઝોડાને લીધે વીજસપ્લાયને અસર થઈ હતી ત્યાં વોટર વર્ક્સ, હૉસ્પિટલ્સ અને સરકારી કચેરીઓ સહિતના મહત્ત્વના સ્થળોનો વીજ-સપ્લાય પૂર્વવત્ કરી દેવામાં આવ્યો છે.

### ક્ષતિગ્રસ્ત રસ્તાઓનું સમારકામ

માર્ગ અને મકાન વિભાગે જરૂરી વસ્તુઓથી સજ્જ ૧૩૨ ટીમો કાર્યરત કરી હતી. આ ટીમો ૩૨૮ JCB, ૨૭૬ ડમ્પર, ૨૦૪ ટ્રેક્ટર, ૬૦ લોડર અને ૨૩૪ અન્ય સાધનો સાથે અસરગ્રસ્ત રસ્તાઓના સમારકામ માટે કામ કર્યું હતું. આ ઉપરાંત, અસરગ્રસ્ત જિલ્લાઓમાં ૨૬૩ રસ્તાઓ પરથી ૭૭૯૬ વૃક્ષો દૂર કરવામાં આવ્યાં હતાં.

### શહેરી વિકાસ વિભાગની કામગીરી

વાવાઝોડાને કારણે ભારે વરસાદ અને પવનને કારણે જાનમાલના નુકસાનને ટાળવા માટે સાવચેતીનાં પગલાં તરીકે અસરગ્રસ્ત થવાની સંભાવના ધરાવતા ૮ જિલ્લામાંથી ૪,૩૧૭ જેટલા હોર્ડિંગ્સ દૂર કરવામાં આવ્યાં હતાં. તે સિવાય અસરગ્રસ્ત વીજળીના થાંભલાઓ, ક્ષતિગ્રસ્ત રસ્તાઓ, પાવર કટ વિસ્તારો અને ક્ષતિગ્રસ્ત મકાનોને પુનઃસ્થાપિત કરવા સંબંધિત કામગીરી કરવામાં આવી હતી.

### ઊખડી ગયેલાં વૃક્ષોનો નિકાલ

રાજ્યના વન વિભાગે સંભવિત અસરગ્રસ્ત જિલ્લાઓમાં ઊખડી ગયેલાં વૃક્ષોને દૂર કરવા માટે ૨૩૭ ટીમો તૈનાત કરી હતી. આ ટીમોએ વાવાઝોડાની શરૂઆતથી અત્યાર સુધીમાં રસ્તાઓ પરથી ઊખડી ગયેલાં કુલ ૩૦૨૧ વૃક્ષોને દૂર કર્યાં હતાં.. વાવાઝોડા દરમિયાન ભારે પવનને કારણે કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ૩ લાખ ૨૭ હજારથી વધુ વૃક્ષોનું ટ્રીમિંગ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, વન વિભાગે વાવાઝોડા બિપરજોયની અસરથી વન્યજીવોને બચાવવા માટે જરૂરી સાવચેતીનાં પગલાં પણ લીધાં હતાં. એશિયાટીક લાયન ઝોનમાં બચાવ, ઝડપી કાર્યવાહી અને પડી ગયેલાં વૃક્ષોને હટાવવા માટે કુલ ૧૮૪ ટીમો વ્યૂહાત્મક રીતે ગોઠવવામાં આવી હતી. કચ્છ અભયારણ્ય વિસ્તારમાં જરૂરી સાધનો સાથે ૧૩ ઑપરેશનલ ટીમો અને ૬ ખાસ વન્યજીવ બચાવ ટીમો પણ તૈનાત કરવામાં આવી હતી.

ગુજરાત સરકાર ભારતીય હવામાન વિભાગના અધિકારીઓ સાથે સતત સંપર્કમાં હતી અને વાવાઝોડાના માર્ગ વિશે અદ્યતન માહિતી મેળવી હતી.

### સામાજિક સંસ્થાઓનો મળ્યો સાથ

આ સંકટમાં મોટી સંખ્યામાં સામાજિક અને સ્વૈચ્છિક સંસ્થાઓ રાજ્ય સરકારની સાથે ઊભી છે. તેઓએ અસરગ્રસ્તોને મોટા પ્રમાણમાં ફૂડ પેકેટ અને જરૂરી પુરવઠો પૂરો પાડ્યો છે. ગુજરાતે સમયાંતરે અનેક કુદરતી આફતોનો સામનો કર્યો છે. જોકે, ગુજરાત હંમેશાં આવા સંકટમાંથી સુરક્ષિત રીતે બહાર આવવામાં સફળ રહ્યું છે. આ વખતે પણ ગુજરાત અને ગુજરાતની જનતા જનાર્દને સજ્જતા અને સમયસર પગલાં સાથે વાવાઝોડા બિપરજોયની અસર ઘટાડવામાં સફળતા મેળવી છે. ગુજરાતે ફરી એક વાર ડિઝાસ્ટર મેનેજમેન્ટનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ●

## વન અને પર્યાવરણના આગોતરા આયોજને અકસ્માતની ઘટનાઓ ઘટાડી

વાવાઝોડાને લીધે અનેક વૃક્ષો ધરાશાયી થઈ જાય છે. વૃક્ષો મોટા અને ઘટાદાર હોય તો તેને લીધે તેનો ઘેરાવો પણ વધુ હોય છે. જે પવનને અવરોધે છે. જેના કારણે વાવાઝોડામાં આવાં વૃક્ષોના મૂળસોતા ઊખડી જાય છે. આથી, ભારે પવન ફૂંકાય તે પહેલાં જ જો તેનું ટ્રિમિંગ (વધારે ડાળી-ડાળખાઓ કાપવા) કરવામાં આવે તો આવા ઝાડને બચાવી શકાય છે.




તાજેતરમાં રાજ્યમાં આવેલા બિપરજોય વાવાઝોડા પહેલાં જ અગમચેતી વાપરીને વૃક્ષોનું ટ્રિમિંગ કરવામાં આવ્યું હતું. રસ્તા બ્લોક થવાની ઘટના ન બને તે માટે માર્ગ અને મકાન વિભાગ, નગરપાલિકા, ટ્રાફિક પોલીસ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓની સાથે સંકલન કરીને બિપરજોય વાવાઝોડાના આગમન પૂર્વે જ વન વિભાગ દ્વારા પહેલાંથી તૈયારીઓ કરવામાં આવેલી હતી. વન વિભાગ દ્વારા વાવાઝોડું આવે તે પહેલાં જ

# 'બિપરજોય' વાવાઝોડા વચ્ચે ગીરના સિંહની ગર્જના અકબંધ રહી



તાજેતરમાં ગુજરાતમાં આકાશી આફત 'બિપરજોય' વાવાઝોડા વખતે ઓછામાં ઓછી માનવ ખુવારી થાય તેવા 'ઝીરો કેઝ્યુઅલ્ટિ' ના અભિગમ સાથે ગીરના સિંહ સહિતના વન્ય પ્રાણીઓની સુરક્ષા જળવાય તે માટે રાજ્ય સરકારના વિવિધ પગલાંઓ લેવામાં આવ્યાં હતાં. જેના કારણે આ આપદા વખતે પણ ગુજરાતનું ગૌરવ એવા એશિયાટિક લાયનની ગર્જના અકબંધ રહી હતી.



CMO Gujarat
@CMOGuj

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે મોડી રાત્રે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ટેલિફોનીક વાતચીત કરીને ગુજરાત પર તોળાઈ રહેલા બિપરજોય વાવાઝોડાની પરિસ્થિતિની સંપૂર્ણ વિગતો મેળવી હતી. માનનીય વડાપ્રધાનશ્રીએ ગીર ફોરેસ્ટના સિંહ સહિત વન્ય પ્રાણીઓની સલામતીની વ્યવસ્થાની વિગતો પણ જાણી હતી.

Translate Tweet

માનવ માટે ખુવારી અટકાવવા માટે સ્થળાંતર કરાવવું કે સલામત સ્થળે ખસેડવા શક્ય છે. માનવને માર્ગદર્શન આપીને કે જાણકારી આપીને વાવાઝોડાની ભયાનકતા સમજાવી શકાય છે. પરંતુ, અબોલ જીવો માટે તેવું કરવું બહુધા શક્ય નથી. છતાં, રાજ્ય સરકારે વન વિભાગના સક્રિય પ્રયાસોથી આ કરી બતાવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને વાવાઝોડા વિશે અવગત કરાવવા માટે ટેલિફોનથી જાણકારી આપી હતી. તે સમયે વડાપ્રધાનશ્રીએ ગીરના સિંહોની સુરક્ષા માટે પણ પૃચ્છા કરી હતી. વડાપ્રધાનશ્રીની અબોલ જીવો માટેની આ સંવેદનાનો પડઘો પાડતા રાજ્ય સરકાર દ્વારા સિંહોની સલામતી માટેનાં યોગ્ય પગલાં લેવામાં આવ્યાં હતાં.

રાજ્યના સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ બિપરજોય વાવાઝોડામાં ગીરના સિંહના વન્ય પ્રાણીઓની સુરક્ષા માટે લેવામાં આવેલાં પગલાં સંદર્ભે વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે સાસણ ખાતે આ માટે બેઠક પણ યોજી હતી. મંત્રીશ્રીએ વાવાઝોડાના સમયમાં સિંહોના રેસ્ક્યૂ કામગીરી બાબતની વિગતો મેળવી વન વિભાગની જુદી-જુદી ટીમો દ્વારા કેવી રીતે સિંહો સહિતના વન્ય પ્રાણીઓ ઉપર દેખરેખ માટેની વ્યવસ્થાઓ, અદ્યતન ટેકનોલોજીનો કેવી રીતે ઉપયોગ કરી શકાય તેની સમીક્ષા પણ કરી હતી.

આ માટે વન વિભાગના વનપાલ, ગાર્ડ, ટ્રેકર સહિતના કર્મયોગીઓએ ફિલ્ડ પ્રાણીઓની સુરક્ષા માટે સતત દેખરેખ રાખી હતી. આવશ્યકતા મુજબ સિંહ સહિતનાં વન્ય પ્રાણીઓના રેસ્ક્યૂ માટે વેટરનરી ડૉક્ટર સહિતની ટીમ પણ સ્ટેન્ડ બાય રાખવામાં આવી હતી. જે રાજ્ય સરકારની વન્ય જીવોની સુરક્ષાની સાહેદી પૂરે છે. ●

વિવિધ ટીમો બનાવીને ૮૨૮ ભયજનક વૃક્ષોની ઓળખ કરીને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી ટ્રિમિંગ કરવામાં આવ્યું હતું. જેથી ભયંકર વાવાઝોડું હોવા છતાં વૃક્ષોના પડવાના લીધે કોઈ મોટી દુર્ઘટના કચ્છમાં બની ન હતી.

વન વિભાગની કુલ મળીને ૮૦ ટીમો બનાવવામાં આવી હતી. કુલ ૬૮૬ વન કર્મચારીઓ આ કામગીરીમાં જોડાયા હતા. વન કર્મચારીઓએ રસ્તા બ્લોકેજથી માલસામાનના પરિવહન પર કોઈ વિપરીત અસર ન થાય તે માટે ચાલુ વરસાદે અને જોરથી ફૂંકાતા પવન વચ્ચે દિવસરાત કામગીરી કરી હતી.

આવા જ એક કિસ્સામાં કચ્છના કેરા ગામે એકલવાયું જીવન ગુજારતા ૮૦ વર્ષના વૃદ્ધાના ઘર ઉપર વડનું મોટું વૃક્ષ પડ્યાનો સંદેશ મળતાં જ વન વિભાગની ટીમ દ્વારા ઘર ઉપર પડેલું ઝાડ ઘરને નુકસાન પહોંચાડ્યા વિના તાત્કાલિક દૂર કરવામાં આવ્યું હતું. વન વિભાગની મહેનત અને સમયસૂચકતાના લીધે સમગ્ર કચ્છનો કોઈ પણ રસ્તો અડધા કલાકથી વધુ સમય માટે બંધ થયો ન હતો.

આ ઉપરાંત, વન વિભાગ દ્વારા નારાયણ સરોવર, ચિંકારા અભયારણ્ય, ઘોરાડ અભયારણ્યના વન્યજીવોને તેમજ દરિયાઇ જીવસૃષ્ટિને પણ બિપરજોયને લીધે ગંભીર અસર ન થાય તે માટે સાવચેતીરૂપ પગલાઓ લેવામાં આવ્યાં હતાં. વાઇલ્ડ લાઇફ રેસ્કયૂ ટીમો બનાવવામાં આવી હતી. તેમજ સાસણથી એક નિષ્ણાત ટીમને કચ્છ ખાતે હાજર રાખવામાં આવી હતી. ૩ વાઇલ્ડ લાઇફ રેસ્કયૂ એમ્બ્યુલન્સને સજ્જ રાખવામાં આવી હતી. વાવાઝોડાની અસર બાદ તરત જ વન વિભાગ દ્વારા વાઇલ્ડ લાઇફના દૃષ્ટિકોણથી જંગલ વિસ્તારમાં વિવિધ ટુકડીઓ દ્વારા સ્કેનિંગ કરવામાં આવ્યું હતું. ●



# સેવાભાવી સંસ્થાઓના સંકલનમાં એક લાખથી વધુ ફૂડ પેકેટનું વિતરણ

**મિતેશ મોડાસિયા, જિજ્ઞા વરસાણી**

કચ્છ જિલ્લામાં બિપરજોય વાવાઝોડા બાદની પરિસ્થિતિ અંગે જાણકારી મેળવવા નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને ભચાઉ સર્કિટ હાઉસ ખાતે તાજેતરમાં બેઠક યોજાઈ હતી.

વાવાઝોડા બાદ કચ્છમાં નુકસાન, સરવેની કામગીરી, પાણી પુરવઠા અને વીજ રિસ્ટોરેશનની કામગીરી, ઘાસ વિતરણ, સહાયની ચૂકવણી વગેરે બાબતો વિશે નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ અધિકારીશ્રીઓ પાસેથી વિગતો મેળવી હતી. કચ્છ-મોરબીના સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, રાપરના ધારાસભ્ય શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા અને ગાંધીધામ ધારાસભ્ય શ્રી માલતીબહેન મહેશ્વરીએ મંત્રીશ્રીને પરિસ્થિતિથી અવગત કરાવ્યા હતા. કચ્છ કલેક્ટર શ્રી અમિત અરોરાએ સ્થાનિક તંત્રની કામગીરીનો ચિતાર નાણામંત્રી સમક્ષ રજૂ કર્યો હતો.



નાણામંત્રીશ્રીએ વાવાઝોડા બાદની પરિસ્થિતિનો તાગ મેળવવા કચ્છ જિલ્લાના વિવિધ વિસ્તારોની મુલાકાત લઈને સ્થાનિક તંત્ર સાથે બેઠક યોજી પરિસ્થિતિનો તાગ મેળ્યો હતો. બેઠકમાં સ્થાનિક પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. કચ્છ જિલ્લામાં બિપરજોય વાવાઝોડા દરમિયાન સંભવિત અસરગ્રસ્ત વિસ્તારના લોકોને નજીકના શેલ્ટર હોમ્સમાં ખસેડીને સરકારી તંત્રએ ઝીરો કેઝ્યુઅલ્ટિ, મિનિમમ લોસના અભિગમ સાથે આપદામાંથી ઉગારી લીધા હતા. શેલ્ટર હોમ્સ ખાતે આરોગ્ય અન્ય જરૂરી વ્યવસ્થાઓ તંત્ર દ્વારા ઊભી કરવામાં આવી હતી. તેની સાથે સ્વૈચ્છિક સંસ્થાઓ અને એન.જી.ઓ.એ ફૂડ પેકેટની વ્યવસ્થા કરીને અનેરો સહકાર આપ્યો હતો. એક લાખથી વધુ ફૂડ પેકેટ બનાવી સરકારને આપીને સેવાભાવી સંસ્થાએ કપરા સમયમાં પોતાની ફરજ અદા કરી હતી.

કચ્છ જિલ્લામાં વાવાઝોડા સામે નાગરિકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ અને શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાને જવાબદારી સોંપવામાં આવી હતી.

વાવાઝોડા દરમિયાન અદાણી ફાઉન્ડેશન, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, પારલે-જી કંપની સહિતની નામી-અનામી સંસ્થાઓએ અસરગ્રસ્ત તાલુકાઓમાં ફૂડ પેકેટ તેમજ જમવાની વ્યવસ્થા તેમજ માનવબળ પૂરું પાડવા સહયોગ જિલ્લા વહીવટીતંત્રને અદભૂત સહયોગ આપ્યો હતો.

આ ઉપરાંત, અસરગ્રસ્ત તાલુકાઓમાં શેલ્ટર હોમમાં સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા શક્ય હોય ત્યાં જમવાનું બનાવી અનેક લોકો સુધી પહોંચાડવામાં આવ્યું હતું. અક્ષયપાત્ર ફાઉન્ડેશન-ભુજ પાસેથી અબડાસા તેમજ લખપત તાલુકાના અસરગ્રસ્ત વિસ્તારમાં ૫,૦૦૦ લોકોને જમવા માટેની વ્યવસ્થા કરી ટિફિન પહોચાડવામાં આવ્યા હતા. આમ, સેવાભાવી સંસ્થાઓ બિપરજોય વાવાઝોડાના સંકટ સમયે પોતાની ફરજ નિભાવીને વહીવટીતંત્રના સંકલનમાં રહીને કામગીરી કરી હતી.

કચ્છ જિલ્લામાં બિપરજોય વાવાઝોડા બાદ રોગચાળો અટકાવવા આરોગ્ય વિભાગનું આગોતરું આયોજન હાથ ધર્યું હતું. વાવાઝોડા પહેલાં જ રણનીતિ બનાવીને આગોતરા આયોજન થકી તમામ કામગીરી કેવી રીતે સરળતાથી થઈ શકે તે માટે આરોગ્ય વિભાગ દ્વારા એલર્ટ થઈને સમગ્ર કચ્છમાં ૮૮૪ ટીમ બનાવીને વાવાઝોડા બાદ તુરંત જ કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી.

પાણીજન્ય રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગામડાઓમાં જઈને આરોગ્ય વિભાગની ટીમો સરવે કરી પાણીજન્ય રોગચાળાથી કેવી રીતે બચી શકાય તેના વિશે ગ્રામજનોને માહિતગાર કરવામાં આવ્યા હતા. ક્લોરિન ટેસ્ટના માધ્યમથી પાણી જનઆરોગ્ય માટે હાનિકારક તો નથી તેની તપાસ કરવામાં આવી હતી. આરોગ્ય વિભાગ દ્વારા ક્લોરિન ગોળી વિતરણ, દવાનો છંટકાવ, ફોગિંગની કાર્યવાહી ઝડપથી કરવામાં આવી હતી. મચ્છરોનો ઉપદ્રવ ઘટાડવા માટે પાવડરનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

વાવાઝોડા બાદની કચ્છની પરિસ્થિતિ બાબતે નાણા મંત્રી શ્રી કનુભાઈ પટેલે તાજેતરમાં અંજાર ખાતે સમીક્ષા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, વીજળી લોકોની જરૂરિયાતનો ભાગ છે. જેના રિસ્ટોરેશનની કામગીરી ઝડપથી થાય તે ખૂબ જ જરૂરી છે. તે ધ્યાનમાં રાખીને ઝડપથી બધાં ગામોમાં વીજ પુરવઠો યથાવત્ કરી દેવામાં આવ્યો હતો.

આ બેઠકમાં ત્રિકમભાઈ છાંગા, ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગના અગ્ર સચિવ શ્રી મમતા વર્મા સહિત વરિષ્ઠ અધિકારીઓ, પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. મંત્રીશ્રીએ આ સાથે બાગાયતી પાકના નુકસાનનો ખ્યાલ મેળવવા કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકાના ઝરપરા ગામની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત, સરવેની કામગીરી સચોટ રીતે અને ઝડપથી થાય તે માટે અધિકારીશ્રીઓને માર્ગદર્શન આપ્યું હતું. ●

# દેવભૂમિ દ્વારકામાં ઝીરો કેઝ્યુઅલ્ટિ

**નરેશ મહેતા, વૈશાલી રાવલીયા**

તાઉ-તે વાવાઝોડું આવ્યાના બે વર્ષ પછી ફરી ગુજરાતના દરિયાકાંઠે બિપરજોય વાવાઝોડુ ટકરાયુ. આ વાવાઝોડાની આગાહીથી સજ્જ થયેલા ગુજરાતે વધુ એક વખત કુદરતી આફતોમાં જન ભાગીદારીથી મક્કમતાથી સજ્જ થવાની દિશામાં અન્ય રાજ્યોને પ્રેરણા આપી છે. રાજ્ય સરકારની પૂર્વ તૈયારીના કારણે વાવાઝોડાની મોટી અસર કે જાનહાની થઈ નથી. સાથે રાજ્ય સરકારના સતત માર્ગદર્શન હેઠળ તંત્રએ કરેલી તૈયારી અને ઝડપી રાહત બચાવની કામગીરી ભવિષ્યમાં આવનારી આફતોમાં ઓછામાં ઓછી જાનહાની-નુકસાની થાય તે માટેના સામર્થ્યને બળ આપશે.







સૌરાષ્ટ્રના દરિયાકાંઠે બિપરજોય વાવાઝોડાની સૌથી વધુ અસર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં થઈ છે. એક સમયે ૯૦ કિલોમીટર જેટલી ઝડપે પવન ફૂંકાયો છતાં ઝીરો કેઝ્યુઅલ્ટિના અભિગમથી લોકોને પૂર્વ તકેદારી માટે પ્રશાસને ચલાવેલા અભિયાનથી જિલ્લામાં જાનહાનિ થઈ નથી.

કુદરતી આફત રોકી શકાતી નથી પરંતુ અગાઉથી સલામતીના સજ્જડ પગલા લેવામાં આવે તો જરૂરથી જાનહાનિ ઘટે છે તેવા ડિઝાસ્ટર મેનેજમેન્ટના અભિગમને સાર્થક કરી દેવભૂમિ જિલ્લાના તંત્રએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં અને જિલ્લામાં તંત્રને માર્ગદર્શન પૂરું પાડવા કેમ્પ કરીને રોકાયેલા ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની રાહબરી હેઠળ પૂર્વ તકેદારીના પગલા લેવામાં આવ્યા હતા. કેન્દ્રીય પશુપાલન મંત્રી શ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ પણ જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ તંત્રને માર્ગદર્શન આપ્યું હતું. કલેક્ટર શ્રી અશોક શર્માના સંકલન હેઠળ જિલ્લા તંત્ર અને સરકાર તેમની સાથે છે તેવો વિશ્વાસ નાગરિકોને અપાવ્યો હતો.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગાહીના પગલે સાવચેતીના ભાગરૂપે સૌ પ્રથમ હોર્ડિંગ્સ ઉતારવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી અને કુલ ૧૮૬ હોર્ડિંગ્સ દૂર કરવામાં આવ્યા હતા. દરિયાકિનારા નજીકના ગામડાઓમાંથી લોકોને સલામત સ્થળે ખસેડવા માટે સરકાર દ્વારા નિર્માણ થયેલ ૪ સાયકલોન સેન્ટરમાં લોકોને સ્થળાંતર કરતા હતા. તેમજ ૪૬૪ જેટલા આશ્રયસ્થાનોની ઓળખ કરવામાં આવી હતી. અગમચેતીના ભાગરૂપે માછીમારી માટે સમુદ્રમાં ગયેલી તમામ બોટોને પરત બોલાવી દેવામાં આવી હતી. ૪,૩૮૫ બોટોને સુરક્ષિત જગ્યા પર લાંગરી દેવામાં આવી હતી.

સગર્ભા માતાઓની ખાસ કાળજી લઈ ૬૭૦ સગર્ભા માતાઓને ટ્રેક કરી ૬૪૭ સગર્ભા મહિલાઓની સારવાર કેન્દ્રો અને અન્ય સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. ૨૫૩ સગર્ભા માતાઓની સફળતાપૂર્વક પ્રસૂતિ કરાવવામાં આવી હતી. અસરગ્રસ્ત લોકોને સંસ્થાઓ, ટ્રસ્ટ અને એન.જી.ઓ દ્વારા ૬૦,૦૦૦ જેટલા ફૂડ પેકેટનું તેમજ ૧૫૦૦ જેટલી રાશનકિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ વાવાઝોડામાં સૌથી વધુ વીજ સેવા પ્રભાવિત થઈ. પરંતુ PGVCL દ્વારા અસરગ્રસ્ત ગામોમાં વીજ પુરવઠો પુનઃ કાર્યરત કરવા સરાહનીય કામગીરી કરવામાં આવી હતી. વાવાઝોડા બાદ સફાઈ ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. તેમજ પાણીજન્ય રોગચાળો ન ફેલાય તે માટે આરોગ્ય વિભાગની ટીમ દ્વારા સર્વે શરૂ કરવામાં આવ્યો હતો.

બિપરજોય વાવાઝોડામાં સ્થળાંતર કરાયેલા લોકોને રૂ. ૩૦,૭૭,૮૬૦નું કેશડોલ્સની ચૂકવણી કરવામાં આવી છે. મકાન નુકશાનીનો સર્વે કરી રૂ. ૫,૪૪,૩૦૦ની સહાય ચૂકવવામાં આવી હતી.

જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયામાં વાવાઝોડું પસાર થયાના બીજા જ દિવસથી પીવાના પાણીની ઝડપી વિતરણ વ્યવસ્થા આવી હતી.બિપરજોય વાવાઝોડું ઓખા પહોંચે તે પહેલાં કોસ્ટ ગાર્ડ દ્વારા સાવચેતી અભિયાન ચલાવવામાં આવ્યું હતું. ઓખાના મધદરિયે ખાનગી કંપનીના ઓઈલ રીગમાં ૫૦ કર્મચારીઓ કામ કરી રહ્યા હોવાની માહિતી મળતાં કોસ્ટ ગાર્ડ દ્વારા કર્મચારીઓને એરલિફ્ટ કરી સલામત સ્થળે ખસેડવાની કામગીરી કરવામાં આવી હતી. ઓખાના મધદરિયે કોસ્ટ ગાર્ડની મદદ લઈને એર લિફ્ટિંગથી ૫૦ કામદારોને સલામત સ્થળે ખસેડવાનું ઓપરેશન તંત્રની સમયસૂચકતા બતાવે છે.

બેટ દ્વારકા ખાતે સર્પદંશથી તબિયત ગંભીર બનતા કિશોરીને વિશેષ બોટ મોકલી બચાવી લેવાઈ હતી. એક પણ નાગરિકનો જીવ ન જાય તેવી નેમ સાથે કરવામાં આવેલા સહિયારા પુરુષાર્થથી મળેલા પરિમાણો-અસરગ્રસ્ત લોકોના પ્રતિભાવોથી કર્મયોગીઓને પણ પ્રોત્સાહન મળ્યું હતું. ●

# જામનગરમાં વહીવટી તંત્રનાં આગોતરાં પગલાંથી તારાજી અટકી

**વિરેન્દ્રસિંહ પરમાર**

બિપરજોય વાવાઝોડું જામનગર જિલ્લા તરફ ફંટાઈ જાનમાલને વ્યાપક નુકશાન કરી શકે તેમ છે તે પ્રકારની હવામાન વિભાગ તરફથી મળેલ આગાહીને ધ્યાને લઈ સમગ્ર વહીવટી તંત્ર સતર્ક બન્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં તાત્કાલીક ધોરણે રાજયના પ્રવાસન મંત્રી અને જામનગરના પ્રભારી મંત્રી શ્રી મૂળુભાઈ બેરા તથા કેન્દ્રીય સંચાર મંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણ, સાંસદ શ્રી પૂનમબહેન માડમ જામનગર પહોંચ્યા હતા. જિલ્લા કલેક્ટર શ્રી બી.એ.શાહ સહિતના તમામ ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે બેઠક યોજી જિલ્લામાં ઓછામાં ઓછી નુકસાની થાય તે પ્રકારની તૈયારીઓ અને આયોજન અંગે સૂચનો કરી માર્ગદર્શન પૂરું પાડયું હતું.



જામનગર જિલ્લામાં ઝીરો કેઝ્યુઅલ્ટિના સંકલ્પ સાથે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ મોરચે અનેક વ્યાપક પગલાંઓ લેવાયાં હતાં. દરિયાકાંઠા નજીકના જોખમી અને ભયજનક વિસ્તારોમાંથી આશરે ૯,૫૦૦ જેટલા નાગરિકોનું જિલ્લામાં ઊભાં કરવામાં આવેલ ૫૭ જેટલાં આશ્રયસ્થાનોમાં સ્થળાંતર કરાયું તેમજ ૭૩ પ્રસૂતાઓને સ્થળાંતરિત કરી નજીકનાં આરોગ્ય કેન્દ્રો ખાતે રિફર કરાયાં .

જામનગર જિલ્લાના નીચાણવાળા વિસ્તારો અને દરિયાકિનારા નજીક રહેતા અંદાજે ૧૦ હજાર જેટલા લોકોનું સ્થળાંતર કરાયું તેમજ મીઠાના યુનિટો પર કામ કરતા ૩૫૫ અગરિયાઓને આશ્રયસ્થાનો પર ખસેડવામાં આવ્યા. જિલ્લામાં વીજપ્રવાહ સતત જળવાઈ રહે તે માટે પી.જી.વી.સી.એલ. જામનગર દ્વારા ૧૪૫ ટીમો તૈનાત કરાઈ હતી.

જામનગરમાં આરોગ્ય વિભાગની ટીમો દ્વારા આશ્રયસ્થાનોમાં બાળકોના આરોગ્યની સંપૂર્ણ કાળજી અને સાર - સંભાળ લેવાઈ. જામનગરની અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ આશ્રયસ્થાનોમાં ભોજન પહોંચાડવા તંત્રને ખભેખભો મિલાવી મદદરૂપ થઈ હતી. લોકોને સમયસર પૌષ્ટિક ભોજન મળી રહે તે માટે ૧૭થી વધુ સંસ્થાઓ અને હજારો સ્વયંસેવકોએ સતત કાર્યરત રહી વાવાઝોડાના ખતરા વચ્ચે પણ માનવતા મહેકાવી હતી. નાગરિકોને કોઈ ક્ષતિ ન થાય તે માટે જામનગર એસ.ટી. વિભાગ દ્વારા જિલ્લાના તમામ ડેપો પરથી બસોનું પરિવહન સ્થગિત કરાયું હતુ. તેમજ વાવાઝોડાના પગલે પશુઓમાં રોગચાળો ન ફેલાય તે માટે પશુપાલન વિભાગ દ્વારા ૩૫,૮૪૩ પશુઓનું રસીકરણ પૂર્ણ કરાયું.

વાવાઝોડા દરમિયાન શહેરમાં ધરાશાયી થયેલ મકાનને કારણે ફસાયેલા પરિવારને જામનગર ફાયરબ્રિગેડે દિલધડક રેસ્ક્યૂ ઑપરેશન હાથ ધરી ગણતરીની મિનિટોમાં હેમખેમ બહાર કાઢી સુરક્ષિત સ્થળે ખસેડ્યા હતા, જ્યારે કાલાવડની ૧૦૮ એમ્બ્યુલન્સ ટીમના કર્મીઓએ રસ્તામાં ધરાશાયી થયેલ તોતિંગ વૃક્ષને જાતે જ કાપી રસ્તો ખુલ્લો કરી તાત્કાલીક મહિલાને હૉસ્પિટલ પહોંચાડી મહિલા માટે દેવદૂત સાબિત થયા હતા. બિપરજોય વાવાઝોડાના કારણે જામનગર જિલ્લામાં ૨૫૦ જેટલાં મોટાં વૃક્ષો ધરાશાયી થયાં ત્યારે આ પડી ગયેલાં વૃક્ષોને કારણે કોઈ માર્ગ ન અવરોધાય કે કોઈ નાગરિકને ક્ષતિ ન થાય તે માટે ફાયર વિભાગ, વન વિભાગ, પી.જી.વી.સી.એલ., માર્ગ અને મકાન વિભાગ, મહાનગરપાલિકા વગેરે દ્વારા આધુનિક સાધનો સાથેની અનેક ટીમો ફિલ્ડ પર કાર્યરત કરાઈ અને વરસતાં વરસાદમાં પણ અવરોધરૂપ વૃક્ષો દૂર કરવાની કામગીરી નિરંતર શરૂ રખાઈ હતી. માર્ગ અને મકાન વિભાગે વાવાઝોડા અગાઉથી જ જિલ્લાના તમામ મુખ્ય માર્ગો પર વિવિધ સાધનો સાથેની ૧૮ ટીમો ગોઠવી હતી. આ આગોતરા આયોજનને કારણે જિલ્લાના તમામ રસ્તાઓ અવિરત ચાલુ રહ્યા હતા.

વાવાઝોડા બાદની સ્થિતિને પહોંચી વળવા માટે પણ સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર સતર્ક બન્યું હતું અને જિલ્લામાં જાનમાલની નુકસાની અટકાવવા વિવિધ વિભાગો દ્વારા અનેકવિધ અસરકારક પગલાઓ લેવાયાં હતાં. જેમાં આકસ્મિક સંજોગોમાં પીવાના પાણી માટે દરિયાકાંઠાનાં ૨૨ ગામો માટે ૧૧ ટેન્કર સ્ટેન્ડ ટુ રખાયાં હતાં. પી.જી.વી.સી.એલ.ની ટીમ, માર્ગ અને મકાન વિભાગની ટીમો, સિંચાઈ વિભાગની ટીમોને સ્ટેન્ડ બાય રખાયા હતા.

વાવાઝોડા બાદની સમગ્ર સ્થિતિનો તાગ મેળવવા કેબિનેટ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જામનગર કલેક્ટર કચેરી, જોડિયા તથા કાલાવડ ખાતે સમીક્ષા બેઠકો યોજી જરૂરી માર્ગદર્શન પૂરુ પાડ્યું હતું. ●

# પોરબંદર : તંત્રના સક્રિય પ્રયાસોથી નાગરિકો સુરક્ષિત

*જિતેન્દ્ર નિમાવત*

ભારત સરકારના હવામાન વિભાગ દ્વારા બિપરજોય વાવાઝોડાની આગાહીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે ગંભીરતાથી લઈને સંભવિત અસરગ્રસ્ત જિલ્લાઓમાં મંત્રીશ્રીઓને જવાબદારી સોંપીને અધિકારીઓ સાથે સતત ઓનલાઈન બેઠક યોજીને જરૂરી માર્ગદર્શન આપતાં જિલ્લા તંત્ર ૨૪×૭ દિવસ રાત ટીમવર્કથી કુદરતી આફત સામે કામે લાગ્યું હતું. તંત્રની કાબિલેદાદ કામગીરીથી પોરબંદર જિલ્લામાં બિપરજોય વાવાઝોડાથી નહિવત્ અસર થઈ હતી. તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કરેલી કામગીરી, જુદી જુદી સંસ્થાઓના સહયોગ, નાગરિકોની અવેરનેસ અને રાજય સરકારના સતત માર્ગદર્શનના પ્રતાપે પોરબંદર જિલ્લા પર બિપરજોય વાવાઝોડાની અસર નહીવત્ થઈ હતી.

બિપરજોય વાવાઝોડાની આગાહી મુજબ પોરબંદર જિલ્લા વહીવટી તંત્રએ સરકારના સતત માર્ગદર્શન મુજબ અગમચેતીનાં પગલાં લઈ ટીમ વર્કથી પ્લાનિંગ કરતા મોટી જાનહાની ટળી હતી. જોકે, ભારે પવનને લીધે PGVCLના ૩૪૨ પોલ પડી જતાં પ્રભાવિત ફિડરોમાં વીજળી ચાલુ કરવા યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી હતી.

રેવન્યુ, પોલીસ, પંચાયત, નગરપાલિકા, NDRF તેમજ અન્ય લાઈન ડિપાર્ટમેન્ટ એમ બધા જ વિભાગોના સંકલનથી વાવાઝોડાની અસર દરમિયાન જે રજૂઆતો કે કોલ આવ્યા હતા તેનો બહુ ઓછા સમયમાં નિકાલ કરી સેવાઓ શરૂ કરવામાં આવી હતી. ભારે પવનને કારણે નાનાં મોટાં ૩૮ મકાનોના નુકસાનીના અહેવાલ હતા અને ૧૫ બોટને પણ સામાન્ય નુકસાન થયાની વિગતો મળી હતી. ૧૧૭ જગ્યાએ ઝાડ પડી ગયાં હતાં. જિલ્લાના લોકોને સમયસર અગમચેતીની માહિતી મળી જતા અવર-જવર ઘટતા ઝાડ પડવાથી એક પણ વ્યક્તિને ઈજા થઈ નથી.

રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ નુકસાનીનો પાકો અંદાજ અને સર્વે માટે ૨૭ ટીમો બનાવવામાં આવી હતી. જેમાં ૭ નગરપાલિકા વિસ્તારની અને ૨૧ ગ્રામીણ માટે પંચાયત દ્વારા બનાવવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા પણ આ બાબતે સતત માર્ગદર્શન મળતા વિવિધ ટીમો બનાવી



લોકોને આશ્રયસ્થાનો પર સલામત રીતે પહોંચાડવામાં આવ્યા હતા. દરિયાકાંઠાથી પાંચ કિલોમિટર વિસ્તારમાં રહેતા ૫,૨૦૦ લોકોને ૧૩૦થી વધુ શેલ્ટર હાઉસ પર રાખી સંસ્થાઓની મદદથી તેમને ભોજન અને પ્રાથમિક સુવિધા મળી રહે તેવું આયોજન કરવામાં આવ્યું હતું.

પોરબંદર જિલ્લા પ્રભારી મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા, કેન્દ્રીય રાજ્ય રેલવે મંત્રી શ્રી દર્શનાબહેન જરદોશ અને સાંસદ શ્રી રમેશભાઈ ધડુકે વાવાઝોડા દરમિયાન દરરોજ જિલ્લાના જુદા-જુદા વિસ્તારોની રૂબરૂ મુલાકાત લઈને પરિસ્થિતિથી વાકેફ થયા હતા. આ ઉપરાંત જિલ્લાના ઘેડ અને બરડા વિસ્તારોની મુલાકાત કરીને ખેડૂતો, પશુપાલકો, ગ્રામજનોને મળીને ગ્રાઉન્ડ લેવલની પરિસ્થિતિથી વાકેફ થયા હતા. PGVCL દ્વારા પૂરતો માનવબળ કામે લગાડીને વીજપુરવઠાને પૂર્વવત બનાવી દેવામાં આવ્યો હતો. તંત્ર દ્વારા પાંચ હજારથી વધુ નાગરિકોને શેલ્ટર હાઉસમાં પહોંચાડી દેવાયા હતા. આ નાગરિકો સમયસર ભોજન આપવામાં આવતું હતું. આ સમયે સ્થાનિક સંસ્થાઓ દ્વારા ફૂડપેકેજ બનાવવામાં આવ્યા હતા.

પોરબંદર જિલ્લો વિશાળ દરિયાકાંઠો ધરાવતો હોઈ, ૪૫૦૦ જેટલી બોટ નોંધાયેલ હોવાથી મત્સ્ય વિભાગ તથા જિલ્લા તંત્રની અપીલને માછીમારો, બોટ માલિકોએ આવકારીને બોટોને સમયસર કિનારે લાંગરવામા આવી હતી. આ ઉપરાંત પ્રચાર-પ્રસારની કામગીરી કરી વાવાઝોડાની અસરથી પાકોને બચાવવા ખેડૂતો તથા બાગાયતદારોને અપીલ કરવામા આવી હતી.

વાવાઝોડા બાદ અસરગ્રસ્તોને સરકાર દ્વારા તુરંત કેશ ડોલ્સની ચૂકવણી કરવામાં આવી હતી. પોરબંદર જિલ્લામા આ માટે ૨૪ સર્વે ટીમ બનાવવામા આવી હતી. જિલ્લામાં કુલ ૪૫૩૧ લોકો કેશ ડોલ્સ ચૂકવવા પાત્રને સરકારના નિયમ મુજબ દૈનિક રૂ. ૧૦૦ લેખે રૂ. ૧૦.૮૦ લાખથી વધુ રકમ ચૂકવવામા આવી રહી છે. આ ઉપરાંત એક વ્યક્તિના મરણ કેસમાં વારસદારોને રૂ. ૪ લાખનો ચેક અર્પણ કરાયો હતો. આમ રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ પોરબંદર જિલ્લા વહીવટી તંત્રની સજ્જતાને લીધે બિપરજોય વાવાઝોડામાં મોટી નુકસાની ટળી ગઈ હતી. ●

# આપત્તિમાં અડીખમ જૂનાગઢ

**રોહિત ઉસદડ**

બિપરજોય વાવાઝોડામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર 'ઝીરો કેઝ્યુઅલ્ટિ' એપ્રોચ સાથે કામ કરવાનો પ્રારંભ કર્યો હતો. તેને ચરિતાર્થ કરવા માટે જૂનાગઢ જિલ્લા પ્રશાસનના સુગ્રથિત આયોજન સાથેના ભગીરથ પરિશ્રમના પરિણામે, બિપરજોય વાવાઝોડા સામે લડવા અને તેની અસરોને ખાળવામાં જિલ્લા વહીવટી તંત્રને સફળતા મળી હતી.

કહેવાય છે કે, આફતમાં પૂર્વ તૈયારી એ જ ઉપાય છે. ગુજરાત સરકાર દ્વારા બિપરજોય વાવાઝોડાને લઈ જિલ્લાના પ્રભારી તરીકે મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની નિમણૂક કરી હતી. સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા તાત્કાલિક જૂનાગઢ આવી પહોચ્યા હતા. જૂનાગઢ જિલ્લા પ્રશાસને કેન્દ્ર-રાજ્ય સરકારના માર્ગદર્શનમાં અને વાવાઝોડા તથા વરસાદની આગાહીને ધ્યાનમાં રાખી કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયાના નિર્દેશ મુજબ 'ટીમ જૂનાગઢે' વાવાઝોડામાં લોકો અને તેમનાં જાનમાલના રક્ષણનો યજ્ઞ આદર્યો હતો.

આ આફતમાં લોકો અને તેમના જાનમાલના રક્ષણની પણ એટલી જ તકેદારી લેવામાં આવી. ખાસ કરીને દરિયાકાંઠે વસવાટ કરતા અને સમગ્ર જિલ્લા જર્જરિત મકાનમાં રહેતા તમામ લોકોને આગોતરા આયોજનના ભાગરૂપે સુરક્ષિત જગ્યાએ સ્થળાંતર કરવામાં આવ્યા. સ્થળાંતરિત લોકોને માંગરોળ અને માળિયા હાટીનામાં આવેલ ૨૫ જેટલા સાઈક્લોન શેલ્ટર હોમ એટલે કે, વાવાઝોડા આશ્રયસ્થાનોમાં અને પ્રાથમિક શાળાઓમાં શિફ્ટ કરવામાં આવ્યા. ઉપરાંત જિલ્લાના અન્ય તાલુકાઓમાં પણ સ્કૂલ, ધર્મશાળા, સમાજવાડી, વગેરેમાં સ્થળાંતરિત કરવામાં આવ્યા.

સ્થળાંતર પ્રક્રિયામાં સગર્ભા બહેનો, સિનિયર સિટીઝન વગેરેની ખાસ કાળજી લેવામાં આવી. ઉપરાંત ગિરનાર રોપ-વે અને સાસણ સફારી પાર્ક તથા આસ્થાનાં કેન્દ્રો એવાં દાતાર, બોરદેવી, ઈન્દ્રેશ્વર વગેરે સ્થળોએ લોકોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.







વાવાઝોડાંમાં કોમ્યુનિકેશન વ્યવસ્થા જળવાઈ રહે તે માટે એક સેટેલાઈટ ફોન, પોલીસ સ્ટેશનમાં વાયરલેસ સિસ્ટમનો હૉસ્પિટલમાં દર્દીઓની સારવાર-દેખભાળને અસર ન પહોંચે તે માટે ડિઝલ જનરેટર મૂકી દેવામાં આવ્યાં હતાં.

રાજ્ય સરકારે વાવઝોડામાં જૂનાગઢ જિલ્લાની દેખરેખ માટે જેમને જવાબદારી સોંપી હતી, તેવા સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા અને પ્રભારી સચિવ શ્રી મનીષ ભારદ્વાજે પદાધિકારી-આગેવાનો, જનપ્રતિનિધિઓ અને અધિકારીઓ સાથે તબક્કાવાર બેઠક યોજી વાવાઝોડા સામેની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરી હતી. સાથે જ જમીની હકીકત તપાસવા માટે ખાસ કરીને માંગરોળ અને માળિયા હાટીના તાલુકાનાં ગામડાઓ ખૂંદી વળ્યા હતા. ગ્રામીણ કક્ષાએ સરપંચો-આગેવાનો સાથે સંવાદ સાધી વાવાઝોડાની આફતમાં જરૂરી તકેદારી રાખવા માટે જાગૃત કર્યાં હતા. ઉપરાંત તેમણે માછીમાર સમુદાયના આગેવાનો સાથે પણ બેઠકો યોજી તેમના અને તેમના સામાનનાં રક્ષણ માટેની ચિંતા કરી હતી.

આ આપત્તિમાં સેવાકીય સંસ્થાઓએ મદદ માટે ખૂબ ઉત્સાહ દાખવ્યાં હતો. સ્થળાંતરિત લોકો માટે ૭૪ હજાર જેટલાં ફૂડ પેકેટ તૈયાર કરવામાં આવ્યાં હતાં અને તંત્ર દ્વારા જરૂરિયાતમંદો સુધી પહોંચતાં કરવામાં આવ્યાં હતાં. ગીરના સાવજો સહિતનાં અન્ય પ્રાણીઓની સુરક્ષા માટે વન વિભાગ દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવ્યું હતું. વેટરનરી ડૉક્ટર સહિતની ટીમ પણ સ્ટેન્ડ બાય રાખવામાં આવી હતી. PGVCL - જૂનાગઢ દ્વારા વાવાઝોડાની અસરો ઓસર્યા બાદ ગણતરીના કલાકોમાં જ જ્યોતિગ્રામનો વીજ પુરવઠો પૂર્વવત્ કરી દેવામાં આવ્યો હતો.

આ વાવાઝોડામાં ચૂકવવાપાત્ર સ્થળાંતરિત લોકોને ઘરવખરી કે અન્ય સામાન ખરીદવામાં તકલીફ ન પડે તે માટે જિલ્લા પ્રશાસને ઝડપભેર ૪૮૪૩ લાભાર્થીઓને રૂ.૭.૮૧ લાખનું કેશડોલ્સ-રોકડ સહાય પેટે ચૂકવણું કરી દીધું હતું. આમ, જિલ્લા વહીવટી તંત્રના પરસ્પર સંકલન, સહકાર, અથાગ પરિશ્રમ અને સકારાત્મક અભિગમ સાથે જૂનાગઢ જિલ્લો બિપરજોય વાવાઝોડાની આફતમાં અડીખમ રહ્યો હતો. ●

# પવનની થપાટો વચ્ચે પાવન પારણાં

**જનક દેસાઇ**

ગુજરાતમાં તાજેતરમાં આવેલા વાવાઝોડા ‘બિપરજોય’ એ કચ્છ સહિતના આઠ જિલ્લાઓને વરસાદ અને પવનની થપાટો વચ્ચે ધમરોળ્યું હતું. કુદરતના આ વિનાશક સ્વરૂપ સામે તેની અકળ લીલાના પણ દર્શન થયા હતા.

વાવાઝોડાથી અસરગ્રસ્ત આ જિલ્લાઓમાં ૧,૨૦૬ સગર્ભા બહેનોનું સલામત સ્થળાંતર કરવામાં આવ્યું હતું. જેમાં ૭૦૭ મહિલાઓની સફળ પ્રસૂતિ કરાવવામાં આવી હતી. તૂટેલા રસ્તાઓ, બંધ લાઇટ, ભયાનક માહોલ, પવનના સૂસવાટા પણ આ નવી જિંદગીઓને પાંગરતી અટકાવી શક્યા ન હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ‘ઝીરો કેઝ્યુઅલ્ટિ’ના અભિગમ સાથે સમગ્ર વહીવટીતંત્ર સાથે આરોગ્યતંત્ર અને ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મીઓએ આ આપદા સામે બાથ ભીડી હતી. અસરગ્રસ્ત જિલ્લાઓમાં સગર્ભા મહિલાઓની અગાઉથી જ નોંધણી કરી તેઓને સલામત સ્થળે ખસેડવા સાથે તેમનું ટ્રેકિંગ કરવામાં આવ્યું હતું. જેથી પ્રસૂતિની આકસ્મિક ઘડીઓમાં એક ક્ષણનો પણ વિલંબ કર્યા સિવાય આવી સગર્ભા મહિલાઓને તુરંત જ દવાખાના સુધી પહોંચાડી તેમની સફળ પ્રસૂતિ કરાવી શકાય.

વાવાઝોડા અસરગ્રસ્ત આઠ જિલ્લાઓમાં અગમચેતીરૂપે કુલ ૧,૨૦૬ પૈકી ૧,૧૫૨ સગર્ભા બહેનોનું અગાઉથી જ સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું હતું. સ્થળાંતર જ નહીં, પણ તેમાંથી કુલ-૭૦૭ બહેનોની સફળ પ્રસૂતિ કરાવીને એક નહીં પણ બબ્બે જીવન બચાવીને આરોગ્યતંત્રે સરાહનીય કામગીરી બજાવી હતી.

બિપરજોય વાવાઝોડાથી અસરગ્રસ્ત આઠ જિલ્લાઓમાં અને તેમાં આવતી મહાનગરપાલિકાઓમાં સાવચેતીનાં પગલારૂપે આરોગ્યતંત્ર દ્વારા અગાઉથી સગર્ભા બહેનોની ઓળખ-યાદી તૈયાર કરીને તેમને તમામ સુવિધા સાથે એમ્બ્યુલન્સ દ્વારા હૉસ્પિટલ - આરોગ્ય કેન્દ્ર અથવા સલામત સ્થળે



ખસેડવામાં આવી હતી. ખાસ કરીને, જે બહેનોની પ્રસૂતિની તારીખ નજીક હતી તેમની વિશેષ કાળજી લઈને તેમના માટે તબીબો-દવાઓ સહિત તાત્કાલિક ધોરણે તમામ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

કચ્છ જિલ્લામાંથી સૌથી વધુ ૫૫૨, જ્યારે રાજકોટમાં ૧૭૬, દેવભૂમિ દ્વારકામાં ૧૩૫, ગીર સોમનાથમાં ૯૪, જામનગરમાં ૬૨, જૂનાગઢમાં ૫૮, પોરબંદરમાં ૩૩, રાજકોટ મહાનગરપાલિકામાં ૨૬, જૂનાગઢ મહાનગરપાલિકામાં ૮ તેમજ મોરબી અને જામનગર મહાનગરપાલિકામાં ૪ સગર્ભા બહેનોનું વાવાઝોડા પહેલાં સલામત જગ્યાએ સ્થળાંતર કરવામાં આવ્યું હતું.

આ સલામત સ્થળે સ્થળાંતર કરાયેલી સગર્ભા બહેનોમાં કચ્છ જિલ્લામાં સૌથી વધુ ૩૪૮, રાજકોટમાં ૧૦૦, દેવભૂમિ દ્વારકામાં ૯૩, ગીર સોમનાથમાં ૬૯, પોરબંદરમાં ૩૦, જૂનાગઢમાં ૨૫, જામનગરમાં ૧૭, રાજકોટ મહાનગરપાલિકામાં ૧૨, જૂનાગઢ મહાનગરપાલિકામાં ૮, જામનગર મહાનગરપાલિકામાં ૪ અને મોરબી જિલ્લામાં એમ મળી કુલ- ૭૦૭ બહેનોની હૉસ્પિટલ-આરોગ્ય કેન્દ્રોમાં સફળ પ્રસૂતિ કરાવવામાં આવી હતી. આ સમગ્ર અભિયાનને સફળ રીતે પાર પાડવા તબીબી સ્ટાફ સાથે ૩૦૨ સરકારી અને ૨૦૨ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ દિવસ-રાત ખડેપગે સેવારત રહી હતી. તેમજ વાવાઝોડાની ભયાનકતાને ધ્યાને રાખીને કચ્છ જિલ્લામાં ૧૦, દેવભૂમિ દ્વારકામાં ૦૫ અને મોરબીમાં ૦૨ એમ કુલ - ૧૭ વધારાની ૧૦૮ એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી હતી. આ ઉપરાંત, સગર્ભા બહેનોનું તબીબો દ્વારા રૂબરૂ અથવા વિડીયો કૉન્ફરન્સના માધ્યમથી દૈનિક ધોરણે મોનિટરિંગ કરવામાં આવ્યું હતું.

અગમચેતીના ભાગરૂપે વાવાઝોડા અસરગ્રસ્ત જિલ્લાઓની આરોગ્ય સેવાઓ પર અસર ન થાય તે માટે હૉસ્પિટલ્સ અને આરોગ્ય કેન્દ્રમાં પૂરતા પ્રમાણમાં જરૂરી દવાઓ, ૧૦૦% ડિઝલ સંચાલિત ૧૯૭ આધુનિક જનરેટર સેટ તૈયાર રાખવામાં આવ્યા હતા, જેથી ગમે તેવી આકસ્મિક પરિસ્થિતિમાં પહોંચી વળી શકાય. આમ, પ્રકૃતિના પતન વચ્ચે ૭૦૭ બાળકોના આ પૃથ્વી પર થયેલા આગમનને આરોગ્ય તંત્ર સાથે તેમના પરિવારજનોએ હરખથી વધાવી લીધું હતું. ●

# બિપરજોય વાવાઝોડાં સામે રાજ્યનાં ૧૫૨૧ શેલ્ટર હોમ્સ બન્યાં 'ગેમ ચેન્જર'



**દિલીપ ગજ્જર**

ગુજરાત દરેક ક્ષેત્રમાં અગ્રેસર છે. રાજ્યના નાગરિકોને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટેની નીતિઓ અમલી છે. જરૂર પડે તો તેમાં બદલાવ પણ કરવામાં આવે છે. ગુજરાત ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકાંઠો ધરાવે છે. એટલે સ્વભાવિક રીતે વાવાઝોડાનો ખતરો રહે છે. પાછલા વર્ષોમાં દર બે વર્ષે વાવાઝાડા આવવાના બનાવ બનતા આવ્યા છે. પરંતુ કુદરતી આફતો સામેની સજ્જતા અને કટિબદ્ધતામાં ગુજરાતનું ડિઝાસ્ટર મેનેજમેન્ટ હંમેશાં અગ્રેસર રહ્યું છે. ગુજરાતમાં લાંબો દરિયાકિનારો હોવાના કારણે, રાજ્યના દરિયાકિનારાના વિસ્તારોમાં અવારનવાર વાવાઝોડાઓની અસર રહેતી હોય છે. આવા વાવાઝોડાંઓ સામે પહોંચી વળવા અને રાજ્યની જનતાને સુરક્ષિત રાખવા માટે રાજ્ય સરકારે દીર્ઘદ્રષ્ટિ વાપરીને દરિયાકિનારાના વિસ્તારોમાં ૭૬ અદ્યતન સુવિધાઓ ધરાવતા મલ્ટિપર્પઝ સાયક્લોન શેલ્ટર્સ (MPCS) નું નિર્માણ કર્યું છે. રાજ્યમાં જ્યારે બિપરજોય વાવાઝોડું ત્રાટક્યું ત્યારે આ શેલ્ટર્સ જનતાની સુરક્ષા માટે ગેમ ચેન્જર બન્યા હતા.

રાજ્યમાં આવેલા આ ૭૬ મલ્ટિપર્પઝ સાયક્લોન શેલ્ટર્સ આવેલા છે. જેમાં જૂનાગઢ ખાતે ૨૫, ગીર સોમનાથ ખાતે ૨૯, પોરબંદરમાં ૪, દેવભૂમિ દ્વારકામાં ૪, કચ્છમાં ૪, અમરેલીમાં ૨, જામનગરમાં ૧, નવસારીમાં ૧, ભરૂચમાં ૫ અને અમદાવાદમાં ૧ શેલ્ટરનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, બિપરજોય વાવાઝોડાંને પગલે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મક્કમ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ કચ્છ-સૌરાષ્ટ્ર વિસ્તારના ૮ જિલ્લાઓમાં ૧,૫૨૧ શેલ્ટર હોમ્સ તાત્કાલિક ધોરણે ઊભાં કરવામાં આવ્યા હતા. જેમાં જૂનાગઢમાં ૧૯૬, કચ્છમાં ૧૭૩, જામનગરમાં ૫૬, પોરબંદરમાં ૧૪૦, દેવભૂમિ દ્વારકામાં ૧૮૨, ગીર સોમનાથમાં ૫૦૭, મોરબીમાં ૩૧ અને રાજકોટમાં ૨૩૬ શેલ્ટર હોમ્સ ઊભા કરાયા હતા. મેડિકલ ટીમ દ્વારા આ શેલ્ટર હોમ્સની નિયમિત વિઝિટ તથા સ્થળાંતરિત કરાયેલા લોકોની આ ટીમ દ્વારા યોગ્ય આરોગ્ય તપાસ કરવામાં આવતી હતી.

મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં બિપરજોય વાવાઝોડાના પરિણામે રાજ્યમાં કોઈપણ પ્રકારની જાનહાનિ ન થાય તે માટે સરકાર દ્વારા સંપૂર્ણ તકેદારી રાખવામાં આવી હતી. આ માટે રાજ્ય સરકારે વાવાઝોડાંથી ભયગ્રસ્ત વિસ્તારોમાં વસતા લોકોના સ્થળાંતર પર ભાર મૂકી કચ્છ, જૂનાગઢ, જામનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, મોરબી અને રાજકોટમાં એક લાખથી વધુ નાગરિકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું હતું. ●









### NIDM અને NDMAની ટીમ કચ્છની મુલાકાતે

# ઝીરો કેઝ્યુઅલ્ટિ બદલ વહીવટીતંત્રને બિરદાવ્યું

**ગૌતમ પરમાર**



બિપરજોય વાવાઝોડામા નાગરિકોની સુરક્ષા માટે ગુજરાત સરકારે કરેલી કામગીરીની સર્વત્ર નોંધ લેવાઈ રહી છે. તાજેતરમાં બિપરજોય વાવાઝોડા સંદર્ભે ડૉક્યુમેન્ટેશન માટે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ- NIDM તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી- NDMAના ઉચ્ચ અધિકારીશ્રીઓએ કચ્છ જિલ્લાની બે દિવસીય મુલાકાતે આવ્યા હતા. ભુજ ખાતે બેઠક યોજીને પૂર્વ તૈયારીઓ અને વાવાઝોડા બાદની વહીવટીતંત્રની તૈયારીઓ તેમજ કામગીરીની સમીક્ષા કરીને માહિતી મેળવી હતી. ઝીરો કેઝ્યુઅલ્ટિ બદલ વહીવટી તંત્રને અભિનંદન પાઠવ્યા હતાં.

જિલ્લા કલેક્ટર શ્રી અમિત અરોરાએ પ્રેઝન્ટેશનના માધ્યમથી NIDMના પ્રોફેસર ડૉ. સૂર્યપ્રકાશ સહિત તેમની ટીમને માહિતી આપી હતી. આ બેઠકમાં વિગતવાર માહિતી આપતા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, જિલ્લા વહીવટીતંત્ર દ્વારા રાજ્ય સરકારના ઝીરો કેઝ્યુઅલ્ટિના અભિગમને ધ્યાનમાં રાખીને તમામ પૂર્વ તૈયારીઓ કરવામાં આવી હતી. તેઓએ બિપરજોય વાવાઝોડા પૂર્વે દરિયાકાંઠાના વિસ્તારમાંથી સ્થળાંતરની કામગીરી, કલસ્ટર વાઈઝ અધિકારીશ્રીઓની નિમણૂક, શેલ્ટર હોમ્સનું એન.જી.ઓ. અને પોલીસ સ્ટેશન સાથે મેપિંગ, કોમ્યુનિકેશન વ્યવસ્થા, ફૂડ પેકેટ વિતરણ વ્યવસ્થા, બાળકો માટે મિલ્ક પાઉડરની વ્યવસ્થા, પાણી વિતરણ તેમજ વીજ પુન:સ્થાપનને કેન્દ્રમાં રાખીને મટિરિયલ્સની ઉપલબ્ધતા, ઝાડ ટ્રિમિંગ, વાવાઝોડા પહેલા સગર્ભા મહિલાઓનું મેડિકલ ફેસિલિટીઝમાં સ્થળાંતર, પશુઓની સુરક્ષા, ધાર્મિક સ્થળોને બંધ રાખીને લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવી વગેરે પ્રાથમિકતાના ધોરણે લેવાયેલા પગલાઓ વિશે જાણકારી આપી હતી.



PGVCL જોઈન્ટ એમ.ડી શ્રી પ્રીતિ શર્માએ વાવાઝોડા પહેલા જ વિભાગ દ્વારા કરવામાં આવેલી આગમચેતીરૂપ તૈયારીઓ, મટિરિયલ્સ સંગ્રહ, સંભવિત અસરગ્રસ્ત વિસ્તારોમાં મટિરિયલ્સ મૂવમેન્ટ, બહારના જિલ્લામાંથી રિસ્ટોરેશન ટીમોની તૈનાતી, વાવાઝોડા બાદ યુદ્ધના ધોરણે વીજ પુરવઠો પુન:સ્થાપિત કરવાની કામગીરી અંગે વિસ્તૃત વિગતો રજૂ કરી હતી.

પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક ડૉ. કરણરાજ વાઘેલા અને પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક શ્રી મહેન્દ્ર બગડીયાએ વાવાઝોડા દરમિયાન પોલીસની કામગીરી વિશે વિગતો રજૂ કરી હતી. NIDMના પ્રોફેસર ડૉ. સૂર્યપ્રકાશે સંબંધિત જિલ્લા અધિકારીશ્રીઓ પાસેથી પણ મહત્ત્વની કામગીરી અને તેમના અનુભવો વિશે જાણકારી મેળવી હતી. સંકલનથી કામગીરી કરીને ઝીરો કેઝ્યુઅલ્ટિના લક્ષ્યાંકને હાંસલ કરવા બદલ જિલ્લા વહીવટીતંત્રને બિરદાવી પ્રોફેસર ડૉ. સૂર્યપ્રકાશે સૌ અધિકારીશ્રીઓને અભિનંદન પાઠવ્યા હતા.

આ બેઠક દરમિયાન NDRFના અધિકારી શ્રી પ્રસન્ના કુમાર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એસ. કે. પ્રજાપતિ, નિવાસ અધિક કલેક્ટર શ્રી મિતેશ પંડ્યા, જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. આર.આર. ફૂલમાલી, મુખ્ય જિલ્લા તબીબી અધિકારી ડૉ. કશ્યપ બૂચ, નગરપાલિકાઓના ચીફ ઓફિસર્સ સહિત સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત NIDM તથા NDMA અધિકારીશ્રીઓએ કચ્છના નલીયા, નારાયણ સરોવર, કોટેશ્વર અને લખપતના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત પણ લીધી હતી.

ટીમના સભ્યોએ વાવાઝોડા પૂર્વે તંત્રની તૈયારીઓ અને ત્યારબાદ પુન:સ્થાપનની કામગીરી અંગે સ્થાનિક અધિકારીશ્રીઓ સાથે સંવાદ કરીને વિગતવાર જાણકારી મેળવી હતી. આ ઉપરાંત, અસરગ્રસ્ત ગામોના સરપંચશ્રીઓ સાથે પણ મુલાકાત કરીને વહીવટીતંત્રની કામગીરી વિશે જાણકારી મેળવી હતી. ખાસ કરીને ઝીરો કેઝ્યુઅલ્ટિના અભિગમ સાથે કેવી રીતે તૈયારીઓ કરવામાં આવી હતી અને સ્થળાંતર વગેરેને લઈને કેવી કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો તે અંગે સ્થાનિક અધિકારીશ્રીઓના અનુભવોની જાણકારી ટીમના સભ્યોએ મેળવી હતી.

આ મુલાકાત દરમિયાન યંગ પ્રોફેશનલ શ્રી વિમલ તિવારી અને હરીહરાકુમાર દેવડા, કમ્યુનિકેશન કન્સલ્ટન્ટ શ્રી સિંધુજા ખજુરીયા, કચ્છ જિલ્લાના મત્સ્ય વિભાગના અધિકારી શ્રી જે.પી. તોરણીયા, જિલ્લા વહીવટીતંત્રના સ્થાનિક અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# ગુજરાતી ફિલ્મ ઉદ્યોગથી રોજગાર અને પ્રવાસન ઉદ્યોગ વેગવંતો બન્યો



સિનેમાએ જનમાનસની ચેતના જગાવવા માટેનું મહત્વનું માધ્યમ છે. ભારતમાં ૧૮૯૬માં મુંબઈમાં પ્રથમવાર સિનેમાનું પ્રદર્શન થયું. પ્રથમ હિન્દી બોલપટ ૧૯૩૧માં રજૂ થઈ, જ્યારે પ્રથમ ગુજરાતી બોલપટ 'નરસિંહ મહેતા' ૧૯૩૨માં રજૂ થઈ. આ પ્રમાણે ગુજરાતી ફિલ્મ ઉદ્યોગને ૯૧ વર્ષ પૂરા થયા છે. ગુજરાતી ફિલ્મ ઉદ્યોગે ઘણા ચડાવ-ઉતાર જોયા છે. આજે ગુજરાતી ફિલ્મઉદ્યોગે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નામના પ્રાપ્ત કરી છે. આ પ્રગતિ માટે રાજ્ય સરકાર દ્વારા ફિલ્મ ઉદ્યોગને આપવામાં આવતું પ્રોત્સાહન અગત્યનું કારણ છે. એકસમયે ગુજરાતી ફિલ્મો ગ્રામીણ વિસ્તારોમાં વધારે જોવાતી હતી. પણ ફિલ્મ ઉદ્યોગમાં આવેલા યુવા કલાકાર-કસબીઓની નવી પેઢીએ પોતાની કલા-કથા-ટેક્નોલોજીનાં માધ્યમથી શહેરી વિસ્તારનાં શ્રોતાઓને આકર્ષિત કર્યા છે. ગુજરાતી ફિલ્મ ઉદ્યોગને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે તાજેતરમાં ગાંધીનગર ખાતે નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈની વિશેષ ઉપસ્થિતિમાં શ્રેષ્ઠ ગુજરાતી ચલચિત્રો અને તેના કલાકાર-કસબીઓને પારિતોષિક એનાયત કરવાનો સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં નાણા મંત્રીશ્રી સહિત માહિતી અને પ્રસારણ વિભાગનાં સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ અને માહિતી નિયામક શ્રી ધીરજભાઈ પારેખે વિવિધ ૪૬ જેટલી કેટેગરીમાં આશરે ૧૮૧ કલાકાર-કસબીઓને ચલચિત્ર પારિતોષિકથી સન્માનિત કર્યા હતા. માહિતી અને પ્રસારણ વિભાગ હેઠળની માહિતી નિયામકની કચેરી દ્વારા દર વર્ષે શ્રેષ્ઠ ચલચિત્રોને પારિતોષિક અર્પણ કરવામાં આવે છે.

પારિતોષિકથી સન્માનિત થયેલા તમામ કલાકારોને શુભેચ્છાઓ પાઠવતા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ગુજરાતી ચલચિત્રો અને તેની સાથે સંકળાયેલા નિર્માતાઓ-કલાકારોને પ્રોત્સાહન પૂરું પાડવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજ્યમાં ફિલ્મ ઉદ્યોગને પ્રવાસન સાથે સાંકળીને મુખ્યમંત્રીશ્રીએ ગત વર્ષે જ ગુજરાતની સૌપ્રથમ 'સિનેમૅટિક ટુરિઝમ પૉલિસી' અમલમાં મૂકી છે. ગુજરાતી ફિલ્મો પ્રત્યે પ્રતિબદ્ધતા દાખવી રાજ્ય સરકારે ફિલ્મ નિર્માણ ક્ષેત્રે મજબૂત ઈકો સિસ્ટમ ઉભી કરવા માટે ફિલ્મ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો પણ વિકાસ કર્યો છે. જેના પરિણામે આજે ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ માત્ર આજીવિકાનું સાધન નહીં, પણ અનેક લોકોને ફિલ્મ ઉદ્યોગ સાથે સાંકળીને રોજગારીની નવી તકો આપવા સાથે રાજ્યના પ્રવાસનને પણ વેગ આપી રહ્યું છે.

મંત્રી શ્રી દેસાઈએ વધુમાં ઉમેર્યું હતું કે, ગુજરાતમાં ફિલ્મ નિર્માણ ક્ષેત્રે રહેલી વિપુલ તકોના કારણે આજે અન્ય પ્રદેશોના ફિલ્મ નિર્માતાઓ ગુજરાત તરફ આકર્ષિત થયા છે. આ સાથે જ ગુજરાતી ફિલ્મોએ રાષ્ટ્રીય સ્તરે નેશનલ એવોર્ડ અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓસ્કાર જેવા ખ્યાતનામ પુરસ્કારો સુધી પહોંચીને ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. આવનારા સમયમાં ગુજરાતી ફિલ્મો માત્ર મનોરંજન તરીકે જ નહીં, પણ અહીંની સંસ્કારી ભૂમિ પર જન્મેલા મહાનાયકોના સંઘર્ષ અને સિદ્ધિઓને પણ ફિલ્મના રૂપેરી પડદે ઉજાગર કરવા સૌ ફિલ્મ નિર્માતાઓને તેમણે આહ્વાન કર્યું હતું.

માહિતી અને પ્રસારણ વિભાગના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘે કલાકારોને આવકારતા કહ્યું હતું કે, ગુજરાતી ફિલ્મોનો વ્યાપ દેશ-વિદેશમાં વધે અને ફિલ્મ નિર્માતાઓને પ્રોત્સાહન મળે તેવા નેક હેતુ સાથે રાજ્ય સરકારે ચલચિત્ર નિર્માણ પ્રોત્સાહન નીતિ ઘડી છે. ફિલ્મ ઉદ્યોગમાં નવા વિચારો, નવી ટેક્નોલોજી અને નવા પરિમાણોથી રાજ્યની યુવાશક્તિ પ્રેરિત થઈને આજે ફિલ્મ નિર્માણ જેવા ક્ષેત્રે જોડાઈ રહી છે. ફિલ્મ નિર્માણ ક્ષેત્રે પણ ગુજરાતનો વિકાસ અવિરત થાય તે માટે



રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. તેમણે એવોર્ડ પ્રાપ્ત કરનાર સૌ કલાકાર- કસબીઓને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે માહિતી નિયામક શ્રી ધીરજભાઈ પારેખે ઉપસ્થિત રહી સૌ કલાકારોને પ્રોત્સાહિત કરતા આભારવિધિ કરી હતી. તેમણે ગુજરાતી ચલચિત્રોને પ્રોત્સાહન પૂરું પાડવા કલાકારો દ્વારા કરાયેલા સૂચનો પ્રત્યે હકારાત્મક અભિગમ દાખવી તેના પર વિચાર-વિમર્શ બાદ અમલમાં લાવવા તૈયારી દર્શાવી હતી. ગુજરાતી ચલચિત્ર પારિતોષિક વિતરણ સમારોહમાં સિધ્ધાર્થ રાંદેરિયા, પ્રતીક ગાંધી, જિગરદાન ગઢવી, અભિષેક શાહ, વિપુલ મહેતા, પાર્થિવ ગોહિલ અને સૌમ્ય જોશી સહિતના ખ્યાતિ પ્રાપ્ત ફિલ્મ નિર્માતા-દિગ્દર્શક અને કલાકાર-કસબીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ એવોર્ડ વિતરણ સમારોહમાં સન્માનિત કરવામાં આવેલી ફિલ્મો અને કલાકારોના દર્શકોના મનમાં વસેલા છે. આ ફિલ્મોને જોતા કહી શકાય કે સાચા અર્થમાં ગુજરાતી ફિલ્મોનો સુવર્ણ યુગ પાછો આવ્યો છે.

આ સમારોહમાં સન્માનિત ફિલ્મ અંગે થોડી માહિતી મેળવીએ. તો ૬૬મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં ગુજરાતી ભાષાની સર્વશ્રેષ્ઠ ફિલ્મ તરીકે પુરસ્કૃત કરવામા આવેલી ફિલ્મ - 'રેવા' ઉપરાંત વર્ષ ૨૦૧૯ની સૌથી ચર્ચિત ફિલ્મ 'હેલ્લારો'નો સમાવેશ થાય છે. આ ફિલ્મમાં મહિલા સશક્તીકરણની વાત વણી લેવામાં આવી છે. કચ્છના એક ગામની ૧૩ મહિલાઓ પુરૂષપ્રધાન સમાજમાં પગભર થવા સંઘર્ષ કરે છે, તે વાત દર્શકોને પસંદ આવી હતી. આ ફિલ્મને નેશનલ એવોર્ડ પણ પ્રાપ્ત થયો છે. ●

## મુખ્ય પારિતોષિક નીચે મુજબ છે

| વર્ષ | પારિતોષિકની કક્ષા | પુરુસ્કૃત કલાકાર સંસ્થાનું નામ | ચલચિત્રનું નામ |
|---|---|---|---|
| ૨૦૧૬-૧૭ | શ્રેષ્ઠ ફિલ્મ | સિનેમન પ્રોડક્શન લી. | રોંગ સાઈડ રાજુ |
| | શ્રેષ્ઠ દિગ્દર્શક | શ્રી મિખીલ મુસલે | રોંગ સાઈડ રાજુ |
| | શ્રેષ્ઠ અભિનેતા | શ્રી મલ્હાર ઠાકર | થઇ જશે |
| | શ્રેષ્ઠ અભિનેત્રી | સુશ્રી દીક્ષા જોષી | શુભ આરંભ |
| ૨૦૧૭-૧૮ | શ્રેષ્ઠ ફિલ્મ | અક્ષર કોમ્યુનિકેશન | લવની ભવાઈ |
| | શ્રેષ્ઠ દિગ્દર્શક | શ્રી સંદિપ પટેલ | લવની ભવાઈ |
| | શ્રેષ્ઠ અભિનેતા | શ્રી સિદ્ધાર્થ રાંદેરીયા | ગુજ્જુભાઈ: મોસ્ટ વોન્ટેડ |
| | શ્રેષ્ઠ અભિનેત્રી | કુ. આરોહી પટેલ | લવની ભવાઈ |
| ૨૦૧૮-૧૯ | શ્રેષ્ઠ ફિલ્મ | બ્રેઈનબોક્સ સ્ટુડીયોઝ | રેવા |
| | શ્રેષ્ઠ દિગ્દર્શક | શ્રી રાહુલ ભોલે - શ્રી વિનીત કનોજીયા | રેવા |
| | શ્રેષ્ઠ અભિનેતા | શ્રી પ્રતીક ગાંધી | વેન્ટિલેટર |
| | શ્રેષ્ઠ અભિનેત્રી | શ્રીમતી તિલ્લાના દેસાઇ | પાઘડી |
| ૨૦૧૯ | શ્રેષ્ઠ ફિલ્મ | સારથી પ્રોડક્શન્સ એલ.એલ.પી | હેલ્લારો |
| | શ્રેષ્ઠ દિગ્દર્શક | શ્રી અભિષેક શાહ | હેલ્લારો |
| | શ્રેષ્ઠ અભિનેતા | શ્રી સિદ્ધાર્થ રાંદેરિયા | ચાલ જીવી લઈએ |
| | શ્રેષ્ઠ અભિનેત્રી | કુ. આરોહી પટેલ | ચાલ જીવી લઈએ |

### શ્રી સિદ્ધાર્થ રાંદેરિયા



રાજ્ય સરકારે કલાકારોનું સન્માન કર્યું તે બદલ આભાર. આ સન્માન અમારા જેવા કલાકારો માટે ખૂબ મહત્ત્વનું છે. કલાકારોને સન્માનિત કરવાના કાર્યક્રમોમાં દર્શકો સામેલ થાય તેવું આયોજન થાય તો વધુ આનંદ થશે.

### - શ્રી રાહુલ ભોલે (રેવા ફિલ્મના દિગ્દર્શક)



ગુજરાત સરકાર દ્વારા ફિલ્મોને આપવામાં આવતી સહાય સમગ્ર દેશમાં સૌથી વધુ છે. આ અંગે અન્ય રાજ્યોનાં કલાકારોને જાણકારી મળી ત્યારે તેઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. રાજ્ય સરકારનાં પ્રોત્સાહનના કારણે અમને નવા -નવા વિષયો પર ફિલ્મ બનાવવાનું બળ મળે છે.

### શ્રી પ્રતીક ગાંધી



દરેક કલાકારને કામની કદર થાય તે ખૂબ ગમે છે. તેમાં પણ રાજ્ય કે રાષ્ટ્રીય સ્તરે એવોર્ડ મેળવે તો તે કલાકારનો આત્મવિશ્વાસ વધી જતો હોય છે.

### શ્રી પાર્થિવ ગોહિલ




રાજ્ય સરકારે ત્રીજી વખત એવોર્ડ આપી મારું સન્માન કર્યું છે. તે બદલ આભાર. આગામી સમયમાં પણ ગુજરાતી જનતાની વધુ સેવા કરવાનો પ્રયત્ન કરતો રહીશ.

## 'એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ'ના સૂત્ર સાથે ગુજરાત બન્યું યોગમય

# સુરતમાં એકસાથે ૧.૫૦ લાખ નાગરિકોએ યોગાભ્યાસમાં જોડાઈ રેકૉર્ડ સર્જ્યો

યોગ એટલે જોડવું, સંયોગ અને બીજો અર્થ છે સમાધિ. જીવનને સ્વાસ્થ્ય સાથે જોડવું, સંધાન કરવું એ યોગ છે. આમ, સમાધિ પણ મન સહિતની ઈન્દ્રિયોને કાબૂમાં, સંતુલિત રાખવા કરવામાં આવતી ક્રિયા છે. યોગ ચિત્તને વૈશ્વિક ચેતના સાથે જોડે છે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, “દરેક વ્યક્તિ દિવ્યતા પ્રાપ્ત કરવાની સંભાવના ધરાવે છે.” યોગ આપણામાં છૂપાયેલી દિવ્યતાને પ્રગટ કરે છે. આમ, વ્યક્તિના જીવનને દિવ્ય અને ભવ્ય યોગ થકી જ બનાવી શકાય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સાર્થક પ્રયાસોથી વિશ્વભરમાં યોગવિદ્યા પ્રચલિત બનતાં ભારત માતાને અનેરું ગૌરવ મળ્યું છે. આ વર્ષે તા.૨૧મી જૂન-આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી યાદગાર રહેશે. ન્યૂયોર્ક સ્થિત યુનાઈટેડ નેશન્સના વડામથક ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં ૧૩૦થી વધુ દેશોના પ્રતિનિધિઓએ એકસાથે યોગાભ્યાસ કરીને અનેરો વિશ્વ રેકૉર્ડ સ્થાપિત કર્યો. તો વિશ્વ યોગ દિવસે 'એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ'ના સૂત્ર સાથે સુરત ખાતે આયોજિત રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં એક સાથે એક સ્થળે ૧.૫૦ લાખ નાગરિકોએ યોગાભ્યાસમાં જોડાઈ ગિનીઝ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડમાં નામ નોંધાવ્યું છે. આ પ્રસંગે સહભાગી થયેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું હતું કે, આપણી સ્વાસ્થ્ય ધરોહર યોગને વૈશ્વિક સ્વીકૃતિ મળી ચૂકી છે.



રાજ્યમાં યોગને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારે યોગ બોર્ડની સ્થાપના કરી છે, પરિણામે ૫,૦૦૦ લોકોને રોજગારી પ્રાપ્ત થઈ છે એમ જણાવી આ પ્રયાસોને વધુ આગળ વધારતાં રાજ્યમાં નવા ૫૧ યોગ સ્ટુડિયોનું નિર્માણ કરાશે એમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

ગૃહ, યુવક સેવા અને સાંસ્કૃતિક રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, સાંસદ શ્રી સી.આર.પાટીલ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં આયોજિત રાજ્ય કક્ષાના યોગદિન કાર્યક્રમમાં સમગ્ર સુરત યોગમય બન્યું હતું. સુરતના વિશ્વવિક્રમ બનવાની આ ઐતિહાસિક ક્ષણે ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકૉર્ડસના પ્રતિનિધિઓએ અધિકૃત જાહેરાત કરી હતી તેમજ મુખ્યમંત્રીશ્રીને રેકૉર્ડનું પ્રમાણપત્ર એનાયત કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારતની ભવ્ય વિરાસત સમા યોગથી વિશ્વમાં 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવના વધુ મજબૂત થઈ છે. જેનું શ્રેય આપણા યશસ્વી વડાપ્રધાનશ્રીને ફાળે જાય છે. યોગ અભ્યાસથી સ્વસ્થ-તંદુરસ્ત અને તણાવમુક્ત જીવન કેવી રીતે જીવી શકાય તેનું જ્વલંત ઉદાહરણ આપણા ઋષિ-મુનિઓ, યોગાચાર્યોએ દુનિયાને પૂરું પાડ્યું છે આપણે સૌએ સુસ્વાસ્થ્ય અને સુખાકારી માટે યોગ વિદ્યા ગ્રહણ કરી નિયમિત તેનો અભ્યાસ કરવો જોઈએ એવો મત વ્યક્ત કર્યો હતો.

કોરોના કાળમાં લોકોને આરોગ્યની મહત્તા સુપેરે સમજાઈ છે, આવા વિકટ સમયમાં યોગ-પ્રાણાયામ સંજીવની સમાન બન્યા હતા ત્યારે આપણા ઋષિમુનિઓની અમૂલ્ય ભેટ સમાન યોગવિદ્યા આધુનિક યુગમાં સ્વસ્થ જીવન જીવવાની ચાવી બની છે, તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ સ્વદેશી વૅક્સિન અને મિત્ર દેશોને નિ:સ્વાર્થ ભાવે વૅક્સિન પૂરી પાડવાની હકારાત્મક નીતિનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, કોરોના મહામારીનો ધીરજ, મક્કમતા અને આગવી સૂઝબૂઝથી સામનો કરીને દેશવાસીઓને સુરક્ષિત રાખવામાં વડાપ્રધાનશ્રીનો સિંહફાળો રહ્યો છે.

તેમણે સ્વદેશી રસી વિકસાવી દેશને આરોગ્ય કવચ પૂરું પાડ્યું જ સાથોસાથ

### રાજભવનમાં યોગ દિવસની ઉજવણી



*ગાંધીનગરમાં રાજભવનના પ્રાંગણમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ૯મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસે યોગાસન-પ્રાણાયામ કર્યા હતા. રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, યોગ એ આસન કે વ્યાયામ માત્ર નથી, ભારતના ઋષિમુનિઓએ વર્ષો સુધી કઠિન તપશ્ચર્યા કરીને માનવજાતના કલ્યાણ માટે આપેલી વિદ્યા અને મહાન શાસ્ત્ર છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાથી સમસ્ત વિશ્વના કલ્યાણ માટે યોગ કરવા આહવાન કર્યું અને આજે આખી દુનિયા યોગ કરી રહી છે, એ ભારત માટે ગર્વની વાત છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ યોગને જીવનનો એક ભાગ બનાવવા સમસ્ત માનવ જાતને અનુરોધ કર્યો હતો.*




જરૂરિયાત ધરાવતા નાના દેશોને વેક્સિન પૂરી પાડી 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવનાને ખરા અર્થમાં ચરિતાર્થ કરી હોવાનું ગર્વથી જણાવ્યું હતું.

કેન્દ્ર સરકારના સુશાસનને નવ વર્ષ તેમજ ૯મા વિશ્વ યોગ દિવસનો સંયોગ સર્જાયો છે એમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે રાજ્યમાં ૭૦૦૦થી વધુ સ્થળોએ સવા કરોડ જેટલા લોકો યોગદિવસની ઉજવણીમાં જોડાયા હતા. તેમણે યોગ દિવસની રાજ્યના નાગરિકોને શુભકામનાઓ પાઠવી યોગથી નિરોગી રહેવાનો અનુરોધ કર્યો હતો.

ગૃહ, યુવક સેવા અને સાંસ્કૃતિક મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, યોગ એ પ્રાચીન શારીરિક, માનસિક અને આધ્યાત્મિક પ્રણાલી છે. સમગ્ર વિશ્વ વિશાળ જન ભાગીદારી સાથે યોગ દિવસની ઉજવણી કરી રહ્યું છે ત્યારે સુરતમાં રચાયેલો ઇતિહાસ આપણા માટે ગૌરવપ્રદ ક્ષણ છે. સુરતીઓ યોગદિને વહેલી સવારથી સજ્જ થઈને રેકૉર્ડબ્રેક સંખ્યામાં વેસુમાં એકઠા થયા છે જે સરાહનીય છે એમ જણાવી સુરતીઓના જુસ્સાને બિરદાવ્યો હતો.

સરકારે મક્કમ મનોબળ સાથે બિપરજોય વાવાઝોડાનો સામનો કરી નાગરિકોને સુરક્ષિત રાખવામાં સફળતા મળી હોવાનો ઉલ્લેખ ગૃહ રાજ્યમંત્રીશ્રીએ કર્યો હતો. સાંસદ શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, એક સાથે દોઢ લાખ લોકોની સામૂહિક યોગસાધનાથી ન ભૂતો ન ભવિષ્યતિ સમાન રેકૉર્ડ સર્જાયો છે એમ જણાવી સ્વાસ્થ્યની જાળવણી માટે જનસામાન્યની પસંદ બનેલા યોગને જીવનનો ભાગ બનાવવા ઉપસ્થિત સૌને અનુરોધ કર્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમેરિકાથી દેશવાસીઓને વર્ચ્યુઅલી સંબોધન કરી દેશવાસીઓને યોગદિનની શુભકામનાઓ પાઠવી હતી.

આ વેળાએ મુખ્યમંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે યોગના મહત્ત્વ અને યોગના ઇતિહાસ આધારિત કોફી ટેબલ બુક 'યોગ'નું વિમોચન કરવામાં આવ્યું હતું. તેમજ


Narendra Modi @narendramodi · Follow

Congratulations Surat! A remarkable feat.

Harsh Sanghavi @sanghaviharsh
"SURAT Made a Guinness World Record"

In the State-level 'International Day of Yoga', Surat made a Guinness world record for the largest gathering of people for a yoga session in one place. More than one lakh people took part in the event.

This remarkable feat is the testament...

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુરતને એક જ જગ્યાએ યોગ સત્ર માટે સૌથી વધુ લોકોના એકત્ર થવા માટે ટ્વિટના માધ્યમથી ગિનીઝ વર્લ્ડ રેકૉર્ડ બનાવવા પર અભિનંદન પાઠવ્યા હતા.**



## સુરતવાસીઓએ યોગ કાર્યક્રમમાં ઉત્સાહથી જોડાઈને ગિનીઝ વર્લ્ડ રેકૉર્ડ સર્જ્યો

સુરત ખાતે આયોજિત રાજ્ય કક્ષાના યોગ કાર્યક્રમમાં Y જંકશનથી SVNIT સર્કલ -૪ કિ.મિ સુધી, Y જંકશનથી રત્નભૂમિ પાર્ટી પ્લોટ – ૪ કિ.મિ સુધી, તેવી જ રીતે Y જંકશનથી સુરત એરપોર્ટ ગેટ – ૪.૫ કિ.મિ સુધી મળી પ્રતિ ૧ કિ.મિ આશરે ૧૦,૦૦૦ નાગરિકો એટલે કે ૧,૨૫,૦૦૦ નાગરિકો કુલ ૧૨.૫ કિ.મિ. માર્ગ પર આ યોગાભ્યાસમાં સહભાગી થયા હતા.

આ કાર્યક્રમમાં જોડાવા માટે જાહેર કરાયેલી ઓનલાઇન લિંક ઉપર માત્ર એક જ દિવસમાં એક લાખથી વધુ નાગરિકોએ રજિસ્ટ્રેશન કરાવી દીધું હતું. સુરતવાસીઓએ યોગ કાર્યક્રમમાં ઉત્સાહથી જોડાઇને ગિનીઝ વર્લ્ડ રેકૉર્ડ સર્જ્યો હતો. •



યોગ એવૉર્ડ એનાયત કરાયા હતા.

આ પ્રસંગે વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવા, ધારાસભ્ય સર્વશ્રી પૂર્ણેશભાઈ મોદી, વિનોદભાઈ મોરડિયા, સંદીપભાઈ દેસાઈ, સંગીતાબહેન પાટીલ, પ્રવીણભાઈ ઘોઘારી, અરવિંદભાઈ રાણા, મનુભાઈ પટેલ, યોગ બોર્ડના ચેરમેન શ્રી શિશપાલ રાજપૂત, પદાધિકારી-અધિકારીઓ અને યોગપ્રેમી યુવાઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## દેવભૂમિ દ્વારકા



દેવભૂમિ દ્વારકાના મુખ્યમથક જામખંભાળીયામાં પ્રવાસન મંત્રી શ્રી મૂળુભાઈ બેરા સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ તકે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વને યોગની ભેટ આપનાર ભારત ભૂમિ છે. યોગ ભારતીય સંસ્કૃતિની દેન સ્વસ્થ જીવન માટે તે જરૂરી છે. સ્વાસ્થ્યપ્રદ જીવન માટે યોગનો ભાગ મહત્વનો છે. આપણો પરિવાર કાયમી યોગ કરતો થાય તે જરૂરી છે. તંદુરસ્ત સમાજના નિર્માણ થકી જ તંદુરસ્ત રાષ્ટ્રનું નિર્માણ શક્ય છે. આ ઉપરાંત તેમણે યોગમય જીવનનું નિર્માણ કરવા નાગરિકોને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે કલેકટર શ્રી અશોક શર્મા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એસ. ડી. ધાનાણી, પૂર્વ ધારાસભ્ય શ્રી મેરામણભાઈ ગોરિયા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મહીસાગર




મહીસાગરના લુણાવાડામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સાર્થક પ્રયાસોથી સમગ્ર વિશ્વમાં યોગ પ્રચલિત બનતા ભારત માતાને અનેરું ગૌરવ મળ્યું છે અને આપણી ભારતીય સંસ્કૃતિની સ્વાસ્થ્ય ધરોહર યોગને વૈશ્વિક સ્વીકૃતિ મળી છે. યોગ અભ્યાસથી સ્વસ્થ-તંદુરસ્ત અને તણાવમુક્ત જીવન કેવી રીતે જીવી શકાય તેનું ઉદાહરણ આપણા ઋષિ-મુનિઓ, યોગાચાર્યોએ સમગ્ર વિશ્વને પૂરું પાડ્યું છે. કહેવતમાં કહ્યું છે કે, પહેલું સુખ તે જાતે નર્યા ત્યારે આપણે સૌએ સારા સ્વાસ્થ્ય અને આરોગ્યની સુખાકારી માટે યોગ વિદ્યા ગ્રહણ કરી નિયમિત તેનો અભ્યાસ કરવો જોઈએ તેવો મત વ્યક્ત કર્યો હતો.

## રાજકોટ



યોગ એ અસાધ્ય બીમારીને નિવારવા ઉપયોગી સાબિત થાય છે. રાજકોટમાં "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"ની ઉજવણી મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રી ભાનુબહેન બાબરીયાના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આશરે ૧૦૦૦થી પણ વધુ લોકોએ ભાગ લીધો હતો. આ તકે સાંસદ શ્રી રામભાઈ મોકરીયા, ધારાસભ્ય શ્રી દર્શિતાબેન શાહ, રાજકોટના મેયર શ્રી પ્રદીપભાઈ ડવ, પૂર્વ રાજ્યપાલ શ્રી વજુભાઈ વાળા સહિત બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ, એન.સી.સી.ના કેડેટ્સ, આઇ.સી.ડી.એસ.વિભાગનો સ્ટાફ, ફાયર વિભાગ આરોગ્ય વિભાગ સહિતના વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અમદાવાદ



આંતરરાષ્ટ્રીય યોગ દિવસના ભાગરૂપે અમદાવાદમાં જિલ્લા કક્ષાની યોગદિનની ઉજવણી સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં દાસ્તાન ફાર્મમાં આવેલ વિન્ટેજ કાર મ્યુઝિયમ ખાતે યોજવામાં આવી હતી. આ તકે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારતના પુરાણો અને ધર્મગ્રંથોમાં યોગનો ઉલ્લેખ છે. ભગવાન શિવજી આદિયોગી ગણાય છે. દેશના અનેક યુગપુરુષોએ યોગનો પ્રચાર-પ્રસાર કરેલો છે. જિલ્લા કક્ષાની યોગ દિવસની ઉજવણીમાં ધારાસભ્ય શ્રી બાબુભાઈ પટેલ સહિતના અગ્રણીઓ જોડાયાં હતાં. અમદાવાદનાં અન્ય આઇકોનિક સ્થળો; ગાંધી આશ્રમ, કોચરબ આશ્રમ, ઈસરો, અટીરા, આઈઆઈએમ, સાયન્સ સિટી વગેરે ખાતે પણ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

## દાહોદ



દાહોદમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણીની કરવામાં આવી હતી. જેમાં પંચાયત રાજ્યમંત્રી શ્રી બચુભાઈ ખાબડે જણાવ્યું કે, આજે સમગ્ર વિશ્વએ યોગની મહત્તા સ્વીકારી છે. યોગ એટલે જોડવું, યોગ શરીર, મન અને આત્માને જોડે છે. અષ્ટાંગ યોગ એ આપણી પ્રાચીન વિરાસત છે. આ પ્રસંગે સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોર, ધારાસભ્ય સર્વશ્રી મહેન્દ્રભાઈ ભાભોર, શૈલેષભાઈ ભાભોર સહિત કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી સહિત પદાધિકારીશ્રીઓ-અધિકારીશ્રીઓ, યોગ સાધકો તેમજ બહોળી સંખ્યામાં દાહોદની યોગપ્રેમી જનતા ઉપસ્થિત રહી હતી. આ ઉપરાંત દાહોદ જિલ્લામાં નિર્માણ પામેલ તમામ ૭૮ અમૃત સરોવરોના સ્થળ પર આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે યોગ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતાં.

## સાબરકાંઠા



સાબરકાંઠાના હિંમતનગરમાં અન્ન અને નાગરિક પુરવઠા રાજ્યમંત્રી શ્રી ભીખુસિંહજી પરમારની અધ્યક્ષતામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લાકક્ષાની ઉજવણીની કરવામાં આવી હતી. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિની આ પરંપરાના ફાયદા સ્વીકારીને સમગ્ર વિશ્વ ૨૧ મી જૂનના રોજ યોગમય બને છે. ચાલુ વર્ષે રાજ્યમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ G-૨૦ ની ONE EARTH, ONE HEALTHની થીમને ધ્યાનમાં રાખતા આ વર્ષે “એક પૃથ્વી એક સ્વાસ્થ્ય”ના નારા સાથે “વસુધૈવ કુટુમ્બકમ માટે યોગ” અને “હર ઘરના આંગણે યોગ” ની થીમ સાથે ઉજવણી કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી વી. ડી. ઝાલા, કલેક્ટર શ્રી નૈમેશ દવે તેમજ યોગસાધકો ઉપસ્થિત રહ્યાં હતાં.

## નર્મદા



નર્મદા જિલ્લા કક્ષાના ૯મા “વિશ્વ યોગ દિવસ”ની ઉજવણી દેડીયાપાડા તાલુકાના ટીંબાપાડા સ્થિત ઇનરેકા સંસ્થા ખાતે ગ્રામ વિકાસ રાજ્યમંત્રી શ્રી કુંવરજીભાઇ હળપતિની અધ્યક્ષતામાં કરાઈ હતી. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિની ધરોહર એવા યોગને વિશ્વ ફલક ઉપર લઈ જઈ દેશના દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર વિશ્વને આરોગ્યની ગુરૂચાવી આપી છે. તેના કારણે જ આજે સમગ્ર વિશ્વ યોગ દિવસની ઉજવણી કરી રહ્યું છે. યોગને પણ સ્પોર્ટ્સ તરીકેની માન્યતા આપવામાં આવી છે. જેના પરિણામે ગત વર્ષે ખેલ મહાકુંભમાં અંદાજે ૭૮ હજાર જેટલા લોકોએ નોંધણી કરાવી ઉત્સાહ દાખવ્યો હતો. નર્મદામાં યોગ દિવસની ઉજવણી બે આઈકોનિક સ્થળ સ્ટેચ્યૂ ઓફ યુનિટી અને ઇનરેકા સંસ્થાન ખાતે કરવામાં આવી હતી.

# ગુજરાત વિધાનસભા સંકુલમાં પ્રથમવાર વિશ્વ યોગ દિવસની ઉજવણી



વિશ્વભરમાં ૨૧ મી જૂનના રોજ 'વિશ્વ યોગ દિવસ' ની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત ગુજરાત વિધાનસભા સંકુલ ખાતે વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં ધારાસભ્યશ્રીઓ, નાગરિકો અને વિધાનસભાના સ્ટાફે યોગ કરી વિશ્વ યોગ દિવસની ઉજવણીને સાર્થક બનાવી હતી.

અધ્યક્ષશ્રીએ આ અવસરે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયત્નોથી આપણી ઋષિ પરંપરાના યોગને વૈશ્વિક ઓળખ મળી છે. સંયુક્ત રાષ્ટ્રના ૧૯૩ દેશમાં વિશ્વમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. યોગ એ ભારતીય સંસ્કૃતિનું અભિન્ન અંગ છે. આ ઋષિ પરંપરાનું સમગ્ર વિશ્વને હજારો વર્ષોથી માત્ર અધ્યાત્મ જ નહીં, પરંતુ સ્વસ્થ જીવનશૈલી પ્રદાન કરવામાં મહત્ત્વનું યોગદાન રહ્યું છે. શારીરિક તથા માનસિક સ્વાસ્થ્ય માટે ફાયદારૂપ યોગ પૃથ્વીવાસીઓને એક કુટુંબ તરીકે જોડવામાં કારગર સાબિત થયો છે.

નવમા વિશ્વ યોગ દિવસ નિમિત્તે ધારાસભ્ય સર્વશ્રી રીટાબહેન પટેલ, અલ્પેશભાઈ ઠાકોર, કાંતિભાઈ અમૃતિયા, ઉમેશભાઈ મકવાણા અને પૂર્વ મંત્રી શ્રી જયંતીભાઈ કવાડિયા, વિધાનસભાના અધિકારીઓ - કર્મચારીઓ તેમજ નાગરિકોએ ઉપસ્થિત રહી યોગાભ્યાસ કર્યો હતો.

# યોગ થકી સમાજને નિરોગી અને સ્વસ્થ બનાવી શકાય

સમગ્ર વિશ્વમાં થયેલ યોગ દિવસની ઉજવણી અંતર્ગત 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે 'વસુધૈવ કુટુંબકમ્ માટે યોગ, હર ઘરના આંગણે યોગ'ની થીમ પર ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, યોગ એ ભારતની પ્રાચીન સંસ્કૃતિ છે, યોગ થકી સમાજને નિરોગી અને સ્વસ્થ બનાવી શકાય છે. 'વસુધૈવ કુટુંબકમ્' માટે યોગ એટલે કે વિશ્વ એક પરિવાર છે અને પરિવારના સ્વાસ્થ્ય અને વિકાસ માટે યોગ અનિવાર્ય છે. દરેક વ્યક્તિએ રોજ સવારે અથવા સંધ્યાના સમયે ૩૦ મિનિટ યોગ કરવા માટે ફાળવવી જોઈએ. જેથી વ્યક્તિના તન અને મન બંનેનો વિકાસ થાય છે અને જ્યારે દરેક નાગરિકનો વિકાસ થાય છે ત્યારે દેશનો વિકાસ થાય છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૪માં યોગ દિવસની ઉજવણી કરવાનો પ્રસ્તાવ સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં મૂક્યો હતો અને ગણતરીના મહિનાઓમાં જ ભારત સહિત વિશ્વના ૧૦૦થી વધુ દેશોએ ૨૧મી જૂન, ૨૦૧૫થી યોગ દિવસની ઉજવણી કરવાનો



પ્રારંભ કર્યો હતો, જે વધીને આજે ૧૮૦થી વધુ જેટલા દેશો યોગ દિવસની ઉજવણી કરી રહ્યા છે. આ ભારત માટે ખૂબ જ ગૌરવની વાત છે.

અંતે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, યોગ વિદ્યા થકી સ્વસ્થ જીવન કેવી રીતે જીવી શકાય તેનું શ્રેષ્ઠ ઉદાહરણ આપણા ઋષિમુનિઓએ પૂરું પાડ્યું છે. આપણી પ્રાચીન પરંપરાની શક્તિ આજે સંપૂર્ણ જગત અનુભવી રહ્યું છે. જેથી આપણે સૌ આપણી સંસ્કૃતિનું જતન કરીએ અને પોતે પણ યોગ કરીએ અને લોકોને પણ યોગ કરવા પ્રેરણા આપીએ.

અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, અધિક મુખ્ય સચિવ (ગૃહ) શ્રી મૂકેશ પુરી, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ સહિત નાગરિકોએ યોગ કર્યા હતા.

## જામનગર



જામનગર શહેરમાં અજિતસિંહજી ક્રિકેટ પેવેલિયન (ક્રિકેટ બંગલો) ખાતે જિલ્લા કક્ષાની 'વિશ્વ યોગ દિવસ' ની ઉજવણી કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી. આ વર્ષે રાજ્યના ૭૫ આઈકોનિક સ્થળોની યાદીમાં જામનગરની મહિલા કૉલેજ અને ધ્રોલની જી. એમ. પટેલ સ્કૂલનો વિશ્વ યોગ દિવસની ઉજવણીના કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવનાનો માત્ર ભારત જ નહીં પરંતુ વિશ્વસ્તરે સ્વીકાર કરવામાં આવ્યો છે. યોગ એ આપણા જીવનનો અભિન્ન હિસ્સો છે. ભારતની સંસ્કૃતિ અને યોગનો આજે વિશ્વભરમાં ખુલ્લા દિલથી સ્વીકાર કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં સાંસદ શ્રી પૂનમબહેન માડમ તેમજ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

## યોગનું આચરણ આરોગ્ય, સંતુલન અને સહકાર માટે પ્રેરણાદાયી



દર વર્ષે ૨૧ જૂનના દિવસે 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. તે અંતર્ગત મહેસાણા પોલીસ હેડ ક્વાર્ટર્સ ખાતે આયોજિત યોગ દિવસની ઉજવણીમાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે યોગાભ્યાસ કર્યો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, યોગનું આચરણ આરોગ્ય, સંતુલન અને સહકાર માટે અદ્ભુત પ્રેરણા આપે છે. યોગ માત્ર આપણા જીવનનો એક હિસ્સો નથી. તે જીવન જીવવાની રીત બનાવવાની તેમણે સૌને અપીલ કરી હતી. આ પ્રસંગે સંસદ સભ્ય શ્રીમતી શારદાબહેન પટેલ, રાજ્યસભાના સાંસદ શ્રી જુગલજી લોખંડવાલા, ધારાસભ્ય સર્વશ્રી કરશનભાઈ સોલંકી, મુકેશભાઈ પટેલ તેમજ વિદ્યાર્થીઓ યોગાભ્યાસમાં જોડાયાં હતાં.

## યોગવિદ્યાને રોજિંદા જીવનમાં સ્થાન આપી બીમારીને દૂર રાખી શકાય

નવમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે ગોંડલની સંગ્રામસિંહજી હાઈસ્કૂલ ખાતે જળ સંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષસ્થાને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની રાજકોટ જિલ્લા કક્ષાની યોગમય ઉજવણી કરવામાં આવી હતી.

મંત્રીશ્રીએ ભારતીય સંસ્કૃતિમાં યોગવિદ્યાના મહત્ત્વ વિશે વાત કરતાં જણાવ્યું હતું કે, ભારતને યોગ ઋષિમુનિઓ દ્વારા વારસામાં મળેલી અમૂલ્ય વિરાસત છે. સમગ્ર માનવજીવનના આરોગ્યની ચિંતા કરતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસંઘની સભામાં વર્ષ ૨૦૧૪માં યોગ દિવસ અંગે પ્રસ્તાવ મૂક્યો હતો અને આ પ્રસ્તાવને અનુસંધાને ૨૧ જૂનના રોજ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવે છે.

રાજ્ય સરકાર દ્વારા જનજનની સુખાકારી



માટે 'ગુજરાત યોગ બોર્ડ'ની પણ રચના કરવામાં આવી છે, જેના દ્વારા લોકોને યોગનું મહત્ત્વ સમજાવીને રોજિંદા જીવનમાં યોગ અપનાવવા માટે પ્રેરણા આપવામાં આવી રહી છે. કોરોનાકાળે આપણને સમજાવ્યું કે, તંદુરસ્ત સ્વાસ્થ્ય કેટલું જરૂરી છે તેથી કોરોના બાદની જીવન સંબંધી ક્ષતિઓને યોગના માધ્યમથી દૂર કરીએ અને સ્વસ્થ જીવન જીવીએ તેમ મંત્રીશ્રી બાવળીયાએ જણાવ્યું હતું.

આ ઉપરાંત, રાજકોટ શહેરમાં આવેલા જ્યુબિલી બાગ તેમજ આલ્ફ્રેડ હાઈસ્કૂલ સ્થિત મહાત્મા ગાંધી મ્યુઝિયમમાં નાગરિકો દ્વારા યોગ કરવામાં આવ્યા હતા. વોટસન મ્યુઝિયમમાં યોગ ટ્રેનર્સ દ્વારા સૂક્ષ્મ વ્યાયામ સાથે ત્રિકોણાસન, વૃક્ષાસન, વક્રાસન, ઉષ્ટ્રાસન, ઉત્તાનપાદાસન, અર્ધહલાસન સહિતનાં યોગાસનો કરાવ્યાં હતાં.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભૂપતભાઈ બોદર, જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોશી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવ ચૌધરી, પદાધિકારીઓ અધિકારીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ તથા મોટી સંખ્યામાં યોગપ્રેમી નાગરિકો જોડાયા હતા. ●

# G-20 અંતર્ગત 'નાગરિક સહભાગિતા કાર્યક્રમ'ની શરૂઆત




ભારત આ વર્ષે G-૨૦ની યજમાની કરી રહ્યુ છે. જે અંતર્ગત દેશમાં વિવિધ બેઠકોનું આયોજન કરવામાં આવ્યુ છે. G-૨૦ અંતર્ગત ઉર્જા ફાઈનાન્સ ટ્રેક બેઠક ગાંધીનગર ખાતે ૧૪ થી ૧૮ જૂલાઈ, ૨૦૨૩ દરમિયાન યોજાશે. આ સંદર્ભમાં, નાણાકીય સમાવેશ અને નાણાકીય સાક્ષરતાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે, રાજ્ય સરકાર બેંકો સાથે ભાગીદારીમાં રાજયના તમામ જિલ્લાઓમાં ૨૧ જૂન થી ૨૦ જુલાઈ, ૨૦૨૩ સુધી એક મહિનાના નાગરિક સહભાગિતા કાર્યક્રમ (CEP-સિટિઝન એન્ગેજમેન્ટ પ્રોગ્રામ)નું આયોજન કરવામાં આવ્યું છે.

G-૨૦ ફાઈનાન્સ ટ્રેક નાણા મંત્રી - ગવર્નર સ્તરની બેઠક માટે નાગરિક સહભાગિતા કાર્યક્રમ (સિટિઝન એન્ગેજમેન્ટ પ્રોગ્રામ)ના ભાગ તરીકે સમગ્ર રાજ્યમાં નાણાકીય સાક્ષરતા શિબિરો આયોજિત કરવામાં આવશે, જેમાં ડિજિટલ પેમેન્ટ્સ, ક્રેડિટ આઉટરીચ પ્રોગ્રામ્સ અને સામાજિક સુરક્ષા યોજનાઓ હેઠળ નોંધણી જેવી બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

નાગરિક સહભાગિતા કાર્યક્રમ માટેની કાર્યયોજનાની ચર્ચા કરવા માટે G-૨૦ સમિટના નોડલ અધિકારી શ્રીમતી મોના ખંધારની અધ્યક્ષતામાં તાજેતરમાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શ્રીમતી મોના ખંધારે તમામ બેંકોને જિલ્લા કલેક્ટરની આગેવાની હેઠળ જિલ્લા વહીવટીતંત્ર સાથે સંકલનમાં ગ્રામીણ સ્તરે નાણાકીય સાક્ષરતા કાર્યક્રમો આયોજિત કરવાની સલાહ આપી હતી. આ કાર્યક્રમના સફળ સંચાલન માટે જિલ્લા વહીવટી તંત્રને જિલ્લાની અગ્રણી બેંક (લીડ ડિસ્ટ્રિક્ટ બેંક) સાથે મળીને કામ કરવા માટે સલાહ આપવામાં આવી છે.

બેઠકમાં વીડિયો કોન્ફરન્સિંગ મારફતે તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ અને જિલ્લાના લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજરશ્રીઓ હાજરી આપી હતી. રાજ્ય સ્તરે, આ બેઠકમાં ગુજરાતની સ્ટેટ લેવલ બેન્કર્સ કમિટી (SLBC)ના કન્વીનર શ્રી મહેશ બંસલ તેમજ રાજ્યની તમામ મોટી બેન્કોના વરિષ્ઠ અધિકારીઓએ હાજરી આપી હતી. SLBC કન્વીનરે જણાવ્યું કે, રાજ્ય સરકાર અને બેંકો બંનેના સંકલિત પ્રયાસોથી સિટિઝન એન્ગેજમેન્ટ પ્રોગ્રામ સફળ થશે. કાર્યક્રમને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે, જિલ્લા સ્તરની સલાહકાર સમિતિઓના નેજા હેઠળ દરેક જિલ્લા માટે જિલ્લા સ્તરીય કાર્ય યોજનાઓ તૈયાર કરવામાં આવશે.●

# અમદાવાદમાં U-૨૦ મેયરલ સમિટ

અમદાવાદમાં આગામી ૭-૮ જુલાઈના રોજ અર્બન ૨૦ (U૨૦) મેયરલ સમિટ યોજાશે. આ મેયરલ સમિટમાં G-૨૦ દેશોના ઘણા શહેરના નેતાઓ અને મેયરો એક મંચ પર આવશે. આ સમિટમાં વિવિધ શહેરોનું પ્રતિનિધિત્વ કરતા પ્રતિનિધિઓ, ભારતીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને ભારત સરકાર અને રાજ્ય સરકારના મહાનુભાવો પણ હાજરી આપશે.

U૨૦ એ ભારતના G-૨૦ પ્રેસિડન્સી હેઠળનું એક જોડાણ જૂથ છે. જેમાં G-૨૦ દેશોના શહેરોનો સમાવેશ થાય છે. સાતત્યપૂર્ણ વિકાસ માટે વૈશ્વિક કાર્યસૂચિને આગળ વધારવામાં શહેરોની ભૂમિકા પર તેમાં ભાર મૂકવામાં આવ્યો છે. અમદાવાદ વર્તમાન છઠ્ઠા રાઉન્ડ માટે U૨૦ અધ્યક્ષ છે અને તેને ટેકનિકલ સચિવાલય તરીકે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ અર્બન અફેર્સ (NIUA) અને નોડલ મંત્રાલય તરીકે હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ મંત્રાલય (MoHUA) દ્વારા સમર્થન પ્રાપ્ત થયું છે.

મેયર્સ વચ્ચેની ચર્ચાઓ ઉપરાંત, આગામી મેયરલ સમિટની હાઈલાઈટ્સમાંની એક U૨૦ પ્રાથમિકતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરતા ચાર વિષયોનું સત્ર હશે. વિશ્વભરના દેશોનાં ૨૦થી વધુ મેયર અને ભારતીય શહેરોના ૨૫ મેયર પોતપોતાના શહેર સ્તરના કાર્યો અને પહેલોના અનુભવો વહેંચશે. આ સત્રોમાં મહાનુભાવો દ્વારા છ U૨૦ પ્રાથમિકતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરતા છ શ્વેતપત્રો પણ બહાર પાડવામાં આવશે. સમિટ દરમિયાન G-૨૦ એજન્ડાને આગળ વધારવામાં ભારત અને વિશ્વના વિવિધ શહેરોની શહેરોની ભૂમિકાની ચર્ચા કરી તે અંગે ભલામણો કરવામાં આવશે.●





# કોકોપીટથી પાવાગઢની કાયાપલટ

**પારુલ મણીયાર**

આપણા દેશમાં અસંખ્ય મંદિરો આવેલાં છે, જેમાં લાખોની સંખ્યામાં ભક્તો દર્શન કરવા જાય છે. શાસ્ત્રમાં એવું કહેવાયું છે કે, દેવ અને ગુરુ પાસે ખાલી હાથે ના જવાય. એક શ્રીફળ માત્ર ચઢાવવાથી કે વધેરવાથી દેવ -દેવી પ્રસન્ન થઈ જાય એવી શ્રદ્ધા અને માન્યતા વર્ષોથી ચાલી આવે છે. પાવાગઢમાં પણ માઇ ભક્તો હજારોની સંખ્યામાં શ્રીફળ મહાકાળી માતાજીને અર્પણ કરે છે. જેથી શ્રીફળ અને તેના છોતરાંથી મંદિર પરિસર તેમજ પાવાગઢનાં પર્વત ઉપર ગંદકી થતી હતી. નારિયેળનાં છોતરાં સળગાવવાથી તેમજ વધુ પવનના લીધે જંગલોમાં આગ લાગવાના બનાવો બનતા પર્યાવરણને પણ વ્યાપક નુકસાન થતું હતું. જોકે હવે કોકોપીટથી પાવાગઢની કાયાપલટ થઈ રહી છે.

પાવાગઢ મા કાલિકા મંદિરના ટ્રસ્ટીઓ અને વન વિભાગ વચ્ચે ચિંતન બેઠકમાં કોકોપીટનો(નારિયેળનાં છોતરાંમાંથી સેંદ્રીય ખાતર બનાવવાનો) અને તેના ઉપયોગથી વૃક્ષ ઉછેરનો વિચાર સ્ફૂર્યો અને તેને અમલમાં મૂકવામાં આવ્યો. આજે તેનું નેત્રદીપક પરિણામ યાત્રાળુઓ પણ નિહાળી રહ્યા છે.

પાવાગઢના બોડા ડુંગરને વૃક્ષાચ્છાદિત કરવા મા કાલિકા મંદિરના ટ્રસ્ટીઓએ ગત ઑગસ્ટ-૨૦૨૨માં છતરડીવાવની વન વિકાસ સહભાગી મંડળીને તબક્કાવાર ફંડ ચૂકવવાનું શરૂ કર્યું. ટ્રસ્ટી શ્રી સુરેન્દ્રભાઈ અને જિલ્લા વન અધિકારી શ્રી મોરારીલાલ મીના તેમજ હાલોલના રેન્જ ફોરેસ્ટ ઑફિસર શ્રી સતીશ બારિયા અને તેમની સમગ્ર ટીમની મહેનત રંગ લાવી છે.

અત્યાર સુધી પાવાગઢના મા કાલિકા મંદિરમાં અર્પણ કરાયેલાં નારિયેળનાં છોતરાંનો કોઈ ઉપયોગ થતો ન હતો. ગુજરાતમાં પાવાગઢ એક એવું મંદિર છે, જ્યાં કોકોપીટનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. અહીં શ્રીફળ વધેરવાનું મશીન મૂકવામાં આવ્યું છે. કોકોપીટના ઉપયોગથી છોડ ઉછેરવામાં આવે તો તેની ભેજ સંગ્રહશક્તિમાં વધારો થાય છે. કોકોપીટ વજનમાં હલકું હોવાથી ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ પણ ઘટે છે.

મંદિરે આપેલા બજેટમાંથી વન વિભાગે કોકોપીટ બનાવવાની કામગીરી શરૂ કરીને નવલખી કોઠાર વિસ્તારમાં ૧૦ હેક્ટર જમીનમાં અલગ અલગ ૨૮થી ૩૦ જાતનાં- ૪૨ હજાર વૃક્ષોના રોપાઓનું વાવેતર કરાયું. પાવાગઢ તળેટીમાં ૨૦ હેક્ટર જમીનમાં ૩૨ હજાર વૃક્ષો વાવવામાં આવ્યાં છે. એટલું જ નહીં, આ બજેટમાંથી ચાંપાનેર તળેટીથી પાવાગઢના માંચી સુધી રોડની બંને સાઇડ થીમ બેઝ વાવેતર હેઠળ પાનાગારુ, કચનાર, ગરમાળો, ગુલમહોર, તબુબિયાં જેવાં સુશોભિત ૨૫૦૦ રોપા અને વૃક્ષોનું વાવેતર પણ કરાયું છે.

નવલખી કોઠાર પાસે વૃક્ષોને ભેજ અને પાણી મળી રહે તે માટે પાવાગઢ હિલ ઉપર બે લાખ ક્યુસેક લિટર સંગ્રહશક્તિ ધરાવતા એક તળાવનું નિર્માણ કરાયું છે.આ તળાવના લીધે માર્ચના અંત સુધી વૃક્ષોને ભેજ મળી રહે છે. નવલખી કોઠારની સામેના ભાગે અને પાવાગઢ હિલ ઉપર ૧૦ હેક્ટરમાં છોડવે-છોડવે પાણી મળી રહે એ માટે ડ્રીપ ઈરિગેશન પણ કરાયું છે.

હાલોલના રેન્જ ફોરેસ્ટ ઑફિસર શ્રી સતીશ બારિયાએ જણાવ્યું હતું કે, કોકોપીટ બનાવવા મશીન્સ મૂકાયાં છે, જેમાંથી કોકોપીટ બનાવાય છે. આ કામ શરૂ થવાથી ૮થી ૧૦ પરિવારો રોજગારી મેળવી રહ્યા છે. રોજનું અહીં ૧૫થી ૨૦ કિલો કોકોપીટ તૈયાર થાય છે.

કોકોપીટનો ઉપયોગ પંચમહાલની વિવિધ નર્સરીમાં કરાઈ રહ્યો છે. જિલ્લા વન અધિકારી શ્રી મોરારીલાલ મીનાએ જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે ભદ્રકાળી મંદિરની આજુબાજુ દસ હેક્ટરમાં જમીનમાં ૧૧,૧૧૧ રોપા અને ટ્રસ્ટ તરફથી બનાવાઈ રહેલા ભોજનાલયની સામેની બાજુએ ૫ હેક્ટર જમીનમાં ૪૪૪૪ રોપા ઉછેરાશે. જ્યાં માણસ કામ ન કરી શકે તેવી પર્વતીય જગ્યાઓ પર હાલોલ રેન્જ વન વિભાગ દ્વારા સીડબોલ થકી બીજનું વિતરણ કરાય છે. ડુંગરની આજુબાજુ સીડ સોઈંગ એટલે કે બીજનો છંટકાવ ડ્રોન દ્વારા કરીને વૃક્ષો ઉછેરવાની કામગીરી પણ કરવામાં આવશે. ભવિષ્યમાં કોકોપીટના વેચાણ માટે કેન્દ્ર પણ બનાવવામાં આવશે, જેથી યાત્રાળુઓ પોતાના ઘરના છોડ માટે એનો ઉપયોગ ખાતર તરીકે પણ કરી શકે. ●

# ગાંધીનગર શહેરની ગટર-વ્યવસ્થાનું સંચાલન મહાનગરપાલિકા સંભાળશે



પાટનગર ગાંધીનગરમાં ગટર વ્યવસ્થાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કરવા તેમજ નાગરિકોને ઉત્તમ સેવા પૂરી પાડવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આ નિર્ણય અંતર્ગત ગાંધીનગર શહેરની ડ્રેનેજલાઈન નેટવર્કના સંચાલન, મરામત અને નિભાવણીની કામગીરી માર્ગ-મકાન વિભાગને બદલે હવે ગાંધીનગર મહાનગરપાલિકાને સોંપવામાં આવશે. ગાંધીનગરમાં ગટર-વ્યવસ્થાનું હેન્ડલિંગ મહાનગરપાલિકાને તબદીલ થતાં સિટી સ્યૂઈજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વ્યવસ્થાપન વધુ અસરકારક બનાવીને સેનિટેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારણા સાથે નાગરિકોને સારી સેવા પૂરી પાડી શકાશે.

મુખ્યમંત્રીશ્રીના આ નિર્ણય અનુસાર, ગાંધીનગરમાં મહાનગરપાલિકાની સ્થાપના વર્ષ-૨૦૧૦ માં થઈ તે પહેલાંથી હાલ સુધી આ સંપૂર્ણ કામગીરી રાજ્ય સરકારના માર્ગ મકાન અને પાટનગર યોજના વિભાગ દ્વારા કરવામાં આવે છે. હાલની વ્યવસ્થા મુજબ ગાંધીનગરના સેક્ટર ૧ થી ૩૦ તેમજ તેમાં સમાવિષ્ટ ૭ ગામો બોરીજ, પાલજ, વાસણ, ધોળાકુવા, ઈન્દ્રોડા, આદિવાડા અને ગોકળપુરામાં દરરોજ એવરેજ કુલ ૬૬ એમ.એલ.ડી. પાણી વિતરણ કરવામાં આવે છે. ગાંધીનગર વિસ્તારમાં આશરે ૪૩૦ કિ.મિ. લંબાઈની સ્યુઈજ નેટવર્ક પાઈપલાઈન છે.

આ પાણીનો ઉપયોગ થયા બાદ થતાં ડ્રેનેજના પાણીના જથ્થાને રહેવાસીઓના ઘરેથી એકત્રિત કરીને મુખ્ય ડ્રેનેજ પાઈપલાઈન દ્વારા સરગાસણ અને જાસપુરના એસ.ટી.પી.માં યોગ્ય ટ્રિટમેન્ટથી શુદ્ધ કરવા પહોંચાડવામાં આવે છે. ગાંધીનગરમાં વર્તમાન અને ભવિષ્યની ડ્રેનેજ પાણીના નિકાલની જરૂરિયાતોને અનુસરીને સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અન્વયે માર્ગ-મકાન વિભાગ દ્વારા ગાંધીનગરમાં ભૂગર્ભ ગટરના નવીનીકરણની કામગીરી પ્રગતિમાં છે.

**આ કામગીરી બે તબક્કામાં હાથ ધરવામાં આવી રહી છે.**

પ્રથમ તબક્કે સેક્ટર ૧૫ થી ૩૦ માટે હાઉસ કનેક્શન સાથે તમામ ગ્રેવિટી ડ્રેનેજ નેટવર્ક બદલી નાખવાની તેમજ સેક્ટર ૧ થી ૧૪ માટે રિંગ રોડ સાથે જોડાયેલી મુખ્ય લાઈન સાથે રિંગ રોડના ડ્રેનેજ નેટવર્ક બદલવાની કામગીરી સહિતની વિવિધ કામગીરીનો સમાવેશ થાય છે.

બીજા તબક્કામાં ગાંધીનગરના ક, ખ, ગ, ઘ અને ચ રોડમાંથી પસાર થતી મુખ્ય લાઈનમાંથી ડ્રેનેજના પ્રવાહને પસાર કરીને સરગાસણ એસ.ટી.પી. પ્લાન્ટમાં મોકલવા તેમજ નવાં વસેલાં સેક્ટરો ૧ થી ૧૪માં પાઈપલાઈન નાખવાની કામગીરી અને પમ્પિંગ સ્ટેશન સહિત સ્કાડા સિસ્ટિમ બનાવવાની કામગીરી કરવામાં આવશે.

રાજ્યના અન્ય મહાનગરોમા ડ્રેનેજ વ્યવસ્થાની કામગીરી મહાનગરપાલિકાઓ પાસે છે તે જ પ્રમાણે આ ડ્રેનેજ વ્યવસ્થાની કામગીરી પણ હવે ગાંધીનગર મહાનગરપાલિકાને સોંપવામાં આવશે.

આના પરિણામે ગાંધીનગરમાં ગટર વ્યવસ્થાનું હેન્ડલિંગ મહાનગરપાલિકાને તબદીલ થતાં સિટી સ્યુઈજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વ્યવસ્થાપન વધુ અસરકારક બનાવીને સેનિટેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારણા સાથે નાગરિકોને સારી સેવા પૂરી પાડી શકાશે. ●

## પશુપાલકોને આર્થિક રીતે સમૃદ્ધ કરવા

# પશુઓમાં આઈ.વી.એફ. ટૅક્નોલોજીનો ઉપયોગ કરાશે



રાજ્યના પશુપાલકોના આર્થિક ઉત્થાન માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. પશુ સંવર્ધનની અદ્યતન ટૅક્નોલોજીનો ઉપયોગ કરીને ગાય - ભેંસની ઉત્પાદકતા વધારવા અને ટકાઉ રીતે દૂધ ઉત્પાદનમાં વધારો મેળવી પશુપાલકોની આર્થિક રીતે વધુ સમૃદ્ધ બનાવવા માટે પશુઓમાં આઈ.વી.એફ.થી ગર્ભધારણ માટે રાજ્યના પશુપાલકોને પ્રતિ ગર્ભાવસ્થા માટે રૂ. ૧૫ હજારની સહાય આપવાનો મહત્ત્વનો નિર્ણય કર્યો છે. પ્રથમ વર્ષે પ્રાયોગિક ધોરણે રાજ્યના ૧૦૦૦ પશુપાલકોને લાભ આપવા માટે રૂ. ૧. ૫૦ કરોડની જોગવાઈ કરી છે.

પશુપાલન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના પશુપાલકો માટે દરેક નવી ટૅક્નોલોજી ઓછા ખર્ચે પોસાય તેવા ભાવે ઉપલબ્ધ કરાવવા અને પશુપાલકોમાં ઝડપથી સ્વીકૃત બને તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અવિરત પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે.

તેમણે ઉમેર્યું હતું કે, સામાન્ય રીતે માદા પશુ પુખ્ત ઉંમર બાદ દર વર્ષે એક બચ્ચાને જન્મ આપે છે. ઉચ્ચ આનુવંશિક ગુણવત્તા અને વધુ દૂધ ઉત્પાદન ધરાવતાં માદા પશુમાંથી ઈનવિટ્રો ફર્ટિલાઇઝેશન અને એમ્બ્રિઓ ટ્રાન્સફર ટૅક્નોલોજીનો ઉપયોગ કરી અંદાજે ૧૨ થી ૨૦ જેટલાં બચ્ચાઓ પ્રતિ વર્ષ મેળવી શકાય છે.

આમ, આ ટૅક્નોલોજીના ઉપયોગથી ઉચ્ચ આનુવંશિક ગુણવત્તા અને વધુ દૂધ ઉત્પાદન ક્ષમતા ધરાવતાં માદા પશુઓનો મહત્તમ ઉપયોગ શક્ય છે, અને આડકતરી રીતે વધુ દૂધ ઉત્પાદન અને સારી આનુવંશિક ગુણવત્તા ધરાવતાં બચ્ચાઓ પશુપાલકોને ઉપલબ્ધ કરાવી પશુપાલકની આવકમાં વધારો થઈ શકે તેમ હોઈ આ નિર્ણય કરાયો છે. ●

# ઇ- ચલણ ભરવા તમામ જિલ્લાઓમાં 'વન નેશન- વન ચલણ સિસ્ટિમ' કાર્યરત કરાઈ



ડિજિટલ ગુજરાતના નિર્માણ ક્ષેત્રે ગુજરાત પોલીસે વધુ એક નક્કર કદમ ઉઠાવી નાગરિકોની સગવડમાં વધારો કર્યો છે. આ સુવિધા ઇ-ચલણની છે. જેને રાજ્યના ગમે તે જિલ્લામાંથી ભરવાની સગવડ પોલીસ વિભાગ દ્વારા ઊભી કરવામાં આવી છે.

વિશ્વાસ પ્રોજેક્ટ ટાસ્ક ફોર્સના ચેરમેન અને એડિશનલ ડી.જી.પી શ્રી નરસિંહા કોમરે આ અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે, રાજ્યના તમામ જિલ્લાઓમાં ટ્રાફિક નિયમોના ભંગ ઉપર નિયંત્રણ લાવવા તેમજ નાગરિકોમાં ટ્રાફિક નિયમો અને માર્ગ સુરક્ષા અંગે જાગૃતતા ફેલાય તે માટે વાહન માલિકને ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન બદલ VISWAS PROJECT હેઠળ તમામ જિલ્લાઓમાં તા.૧૫/૦૨/૨૦૨૦ થી E-CHALLAN જારી કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. હવેથી રાજ્યમાં VISWAS PROJECT હેઠળ તમામ જિલ્લાઓમાં 'વન નેશન- વન ચલણ સિસ્ટિમ' મારફતે વાહન માલિકને E-CHALLAN જારી કરવાની કામગીરી શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

તા. ૧૩/૦૬/૨૦૨૩ પછી ઇસ્યૂ કરવામાં આવેલા e-Challan સામે માંડવાળ રકમ ચૂકવવા માટે Online Portal: https://echallan.parivahan.gov.in ઉપર Credit Card/Debit Card/ Internet Banking/UPI વિગેરેથી online payment કરવાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. કોઈ પણ વાહન માલિક Offline Payment (રોકડમાં) કરવા માંગતા હોય તો તેઓ સંબંધિત જિલ્લાના NETRAM ખાતે ઊભી કરવામાં આવેલી over the counter payment facilityનો ઉપયોગ કરીને રોકડમાં ચૂકવણી કરી શકશે. સંબંધિત જિલ્લાના પોલીસ સ્ટેશન અથવા અન્ય જિલ્લાના NETRAM ખાતે રોકડમાં ચૂકવણી થઈ શકશે નહીં.

One Nation One Challan System મારફતે જનરેટ થયેલ e-Challanની જાણકારી System મારફતે જ વાહન માલિકના મોબાઈલ નંબર ઉપર SMS થી આપવામાં આવશે. આ ઉપરાંત, જનરેટ થયેલ e-Challan Speed Post મારફતે વાહન માલિકના સરનામે પણ મોકલવામાં આવશે. e-Challanની સામે માંડવાળ રકમ ૯૦-દિવસમાં ચૂકવવામાં નહીં આવે તો તે e-Challan આપ મેળે Virtual Courtમાં મોકલવામાં આવશે.

ટ્રાફિક પોલીસ અને પ્રાદેશિક પરિવહન કાર્યાલય (RTO) એક જ પ્લેટફોર્મ One Nation One Challan System પર કાર્યરત હોવાથી ડેટાની અખંડિતતા, વિશ્વસનીયતા અને પારદર્શિતા તેના કારણે જળવાઈ રહેશે. ●

## રાજકોટ ગ્રામીણમાં રૂ.૩૦૮ કરોડના ખર્ચે વિકાસકાર્યો હાથ ધરાશે

રાજકોટ ગ્રામીણ વિસ્તારના નાગરિકોને સરળ પરિવહન મળી રહે તેવા ઉમદા હેતુસર રૂ.૩૦૮.૯૦ કરોડના ખર્ચે કુલ ૮૯ કિ.મિ.ના રસ્તાઓને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મંજૂરી આપી છે. રાજકોટના નાગરિકો વતી વિસ્તારના ધારાસભ્ય અને મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરિયાએ મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.



રાજકોટ ગ્રામીણ મત વિસ્તારના સ્ટેટ હાઈવેના મુખ્ય માર્ગ રાજકોટ-ભાવનગર રોડના નવીનીકરણ માટે નાગરિકો દ્વારા રજૂઆતો મળી હતી. તેને ધ્યાને લઈને મુખ્યમંત્રીશ્રીએ ૭૦ કિ.મિ.ના રાજકોટ-ભાવનગર હાઈવેને રૂ.૨૯૩ કરોડના ખર્ચે ફોર-લેન માર્ગને રિસરફેસિંગ માટે મંજૂરી આપી છે.

રૂ. ૧૦.૫૦ કરોડના ખર્ચે ૮.૯૦ કિ.મિ.ના રાજકોટ - કાલાવડ રોડ મેટોડા સુધીનો રસ્તો તથા જિલ્લા પંચાયત રાજકોટ હસ્તકના ૧૦.૬૪૦ કિ.મિ.ના સ્ટેટ હાઈવેથી મેટોડા એપ્રોચ રોડ, રણુજા લાપાસરી રોડ, કાળીપાટ એપ્રોચ રોડ, સ્ટેટ હાઈવેથી કૃષ્ણનગર કણકોટ રામનગર રોડ અને નગરપીપળિયાથી દેવડા છાપરા રોડ વગેરે રસ્તાઓનું રૂ. ૫.૪૦ કરોડના ખર્ચે નવીનીકરણ કરાશે. જેના પરિણામે નાગરિકોને વાહન પરિવહન સુવિધામાં ખૂબ જ સરળતા થશે. ●

# શહેરોમાં માળખાકીય સુવિધા માટે રૂ. ૬૭૪ કરોડના વિકાસકાર્યો મંજૂર

શહેરોમાં ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાને લઈને રાજ્ય સરકારે વિકાસ કામો શરૂ કર્યા છે. નાગરિકોને પૂરતી સુવિધા મળી રહે તે માટે આયોજનબદ્ધ વિકાસની દિશામાં સરકાર દ્વારા પગલાઓ લેવામાં આવ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના મહાનગરો અને નગરોના આઉટગ્રોથ વિસ્તારમાં વસતા નાગરિકોનું ઇઝ ઓફ લિવિંગ વધારવાની નેમ સાથે પ્રાથમિક જરૂરિયાતના ૫૯૪ કામો માટે અત્યાર સુધીમાં ૬૭૪ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં આ વિકાસ કામો અંતર્ગત આઉટગ્રોથ વિસ્તારોમાં રોડ-રસ્તા, પાણી, સ્ટ્રીટ લાઇટ અને ડ્રેનેજ સુવિધાના કામો હાથ ધરવામાં આવે છે. મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદમાં-૯૩, વડોદરામાં-૮૦, સુરતમાં-૧૩૪, રાજકોટમાં-૧૪, ભાવનગરમાં-૫૨, જામનગરમાં-૨, જૂનાગઢમાં-૯ અને ગાંધીનગરમાં-૩ એમ ૮ મહાનગરોના આઉટગ્રોથ વિસ્તારોમાં કુલ ૩૮૭ કામો માટે ૬૨૯ કરોડ રૂપિયા મંજૂર કરેલા છે.

આ કામો અન્વયે રાજકોટ મહાનગરપાલિકાને આઉટગ્રોથ વિસ્તાર વિકાસના ૩ કામો માટે ૨૪.૩૨ કરોડ રૂપિયાના કામો માટે તાજેતરમાં જ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ વિકાસ કામોમાં રાજકોટ મહાનગરના વોર્ડ નં. ૧ માં તથા વોર્ડ નં. ૧૧ માં નવા ભળેલા મોટા મૌવા વિસ્તારમાં ડી.આઇ. પાઇપલાઇનના નેટવર્કના કામોનો સમાવેશ થાય છે.

રાજકોટ મહાનગરપાલિકાએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સમક્ષ ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ મારફતે રજૂ કરેલી આ અંગેની દરખાસ્તને તેમણે સૈદ્ધાંતિક અનુમતિ આપી છે. મુખ્યમંત્રીશ્રીએ મહાનગરો સાથે ૧૨ જેટલી નગરપાલિકાઓમાં પણ આઉટગ્રોથ વિસ્તારના કુલ ૨૦૭ વિકાસ કામો માટે અત્યાર સુધીમાં એટલે કે પાછલા બે વર્ષમાં કુલ ૪૪.૫૬ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

તદઅનુસાર, ભૂજ, દ્વારકા, ગોંડલ, અમરેલી, વેરાવળ-પાટણ, માંડવી-કચ્છ, અંજાર, રાપર, પાલનપૂર, માળિયા-મિયાણા, જેતપૂર-નવાગઢ તથા સાવરકુંડલા નગરપાલિકાઓને આ રકમ આઉટગ્રોથ વિસ્તાર વિકાસ કામોના હેતુસર ફાળવવામાં આવેલી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાત રાજયની સ્થાપનાની સ્વર્ણિમ જયંતિ ઉજવણી વર્ષ ૨૦૧૦ માં આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના નગરો-મહાનગરોના આયોજનબદ્ધ સર્વગ્રાહી વિકાસની ભાવના સાથે શરૂ કરાવી હતી.

મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં વર્તમાન રાજ્ય સરકારે નગર સુખાકારીના વિકાસ કામોને ગતિ આપતી આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાને આ વર્ષના બજેટમાં રૂ.૮૦૮૬ કરોડની જોગવાઇ સાથે ૨૦૨૪ સુધી લંબાવી છે. ●

## શિવરાજપુર બીચ પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ

શિક્ષણથી કેળવણી મળે છે અને આ કેળવણી જીવન જીવવાનો માર્ગ સરળ બનાવે છે. શિક્ષણનું મહત્ત્વ પારખીને રાજ્ય સરકાર દ્વારા પ્રતિ વર્ષ શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરીને શિક્ષણની આહલેખ જગાવવામાં આવે છે.



તાજેતરમાં આવેલા બિપરજોય વાવાઝોડાને કારણે દ્વારકા જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ તત્કાલીન પૂરતો અટકાવવામાં આવ્યો હતો. પરંતુ શિક્ષણ એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે. જે ન અટકે તેનું નામ ગુજરાત છે. આથી, તાજેતરમાં રાજ્યના મુખ્ય વહીવટી વડા એવાં મુખ્ય સચિવ શ્રી રાજકુમારે તેમની દ્વારકા જિલ્લાની મુલાકાતમાં અધૂરા રહેલા આ યજ્ઞમાં સમીધરૂપે શિવરાજપુર બીચ ગામની પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ નિમિત્તે ઉપસ્થિત રહીને શિક્ષણની જ્યોત પ્રજ્વલિત રાખી હતી.

મુખ્ય સચિવશ્રીએ શિવરાજપુર ગામની સરકારી પ્રાથમિક શાળાની મુલાકાત લઇ શાળામાં આયોજિત કરાયેલ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત ભૂલકાઓને પ્રતીક રૂપ પ્રવેશ અપાવ્યો હતો. શાળામાં પ્રવેશ લેનાર ૨૮ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. શાળાના શિક્ષકોએ બાળકોના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલી શૈક્ષણિક પ્રવૃત્તિની પણ માહિતી મુખ્ય સચિવશ્રીને આપી હતી.

તેમણે આ મુલાકાતમાં શિવરાજપુર બીચ ખાતે પ્રવાસનને વેગ મળે તે માટે ચાલી રહેલા પ્રવાસનલક્ષી કામોની સમીક્ષા કરી હતી.●

## વિશ્વ પ્લાસ્ટિક બેગ મુક્ત દિવસ

# પ્લાસ્ટિકરૂપી વિકરાળ રાક્ષસને નાથવો અનિવાર્ય

**નીરવ રાવલ**

પ્લાસ્ટિક આ યુગની એક મહાન શોધ.....!!! ખરેખર...... એવું માની શકાય ખરું... તેના ટકાઉપણા અને વૈવિધ્યપૂર્ણ ઉપયોગને કારણે માનવજાત માટે ખૂબ જ ઉપયોગી એવું પ્લાસ્ટિક સમગ્ર જીવસૃષ્ટિ માટે એક વિકરાળ રાક્ષસ પુરવાર થઈ રહ્યું છે. આવું કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. માનવીને અડધાથી પણ વધુ રોજીંદી કામગીરીમાં પ્લાસ્ટિકની અનિવાર્યપણે જરૂર રહે છે. કૃષિથી માંડી આરોગ્ય સુધી, ખાદ્ય પદાર્થોના પેકેજીંગથી લઇ, કાપડ સુધી પ્લાસ્ટિક અનિવાર્ય બની ગયું છે.

દૈનિક વપરાશની ચીજવસ્તુઓ મહત્તમ પ્લાસ્ટિકની હોવા પાછળનો તેનો ટકાઉપણાનો ગુણ છે. પરંતુ આપણે તેને બીજીવાર ઉપયોગમાં લેતા જ નથી. શું તમે વિચાર્યું છે કે આ સિંગલ યુઝ્ડ પ્લાસ્ટિક કચરાનું પછી શું થાય છે. પ્લાસ્ટિકનો સંપૂર્ણ નાશ થતાં ૫૦૦ વર્ષ સુધીનો સમય લાગી શકે છે ત્યારે તેને આમ કચરામાં નાખી દેવું એ બુદ્ધિપૂર્વકનું કાર્ય છે.... ? ના... જરાય.... નહીં.... સમગ્ર પૃથ્વી પરની જીવસૃષ્ટિ માટે પ્લાસ્ટિક એક વિકટ સમસ્યા બની ગયું છે. પ્લાસ્ટિકની ચીજવસ્તુઓ ખાસ કરીને બેગ્સનું જમીનમાં વિઘટન થતા આશરે ૪૦૦-૫૦૦ વર્ષ લાગે છે. પ્લાસ્ટિકના કચરાને ખુલ્લામાં સળગાવવાથી હવામાં જીવસૃષ્ટિ માટે જોખમી ગેસ ભળે છે અને સર્જાય છે ગંભીર પ્રદૂષણ.

એક આંકડા પ્રમાણે દુનિયામાં દર વર્ષે ૪૦,૦૦૦ કરોડ પ્લાસ્ટિક બેગનો ઉપયોગ થાય છે અને તમને જાણીને આશ્ચર્ય થશે કે તેમાંથી ફક્ત એક ટકા પ્લાસ્ટિક બેગ નું જ રિસાયક્લિંગ થાય છે. પ્લાસ્ટિક બેગનો ઉપયોગ એવરેજ ૩૦ મિનિટ માટે થાય છે પરંતુ તેનો નાશ થવા માટે ૫૦૦ થી ૧૦૦૦ વર્ષ લાગે છે. ઘણા લોકોને ખબર નથી કે દર મિનિટે ૧૦ લાખ પ્લાસ્ટિક બેગનો ઉપયોગ થાય છે. પ્લાસ્ટિક બેગ મુક્ત દિવસ મનાવવા પાછળનો મુખ્ય હેતુ લોકોને પ્લાસ્ટિક-પ્રદૂષણ પ્રત્યે જાગૃત કરવાનો અને તેના અન્ય વિકલ્પ જેવા કે કાપડ - કાગળની થેલીનો ઉપયોગ વધારવાનો છે.

ગંભીર વૈશ્વિક સમસ્યાઓ વખતે ભારત હરહંમેશ વિશ્વ માટે માર્ગદર્શકની ભૂમિકા નિભાવતું આવ્યું છે. અત્યાર સુધીમાં સમગ્ર વિશ્વને અનેક સમસ્યાઓમાં ભારતે દોરીસંચાર કરી ઉગાર્યું છે. તાજો દાખલો કોરોનાનો છે. કોઈપણ સમસ્યાને આયોજનબદ્ધ રીતે ઉકેલવામાં ગુજરાત મોડેલ પણ કારગત નિવડ્યું છે. તાજેતરમાં ગુજરાત પર ત્રાટકેલા બિપરજોય વાવાઝોડામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં થયેલી અગમચેતી માટેની કામગીરી પણ તેનું તાજુ ઉદાહરણ છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્લાસ્ટિકના પ્રદૂષણને નાથવા અને ભારતને પ્લાસ્ટિક મુક્ત ભારત બનાવવાનુ સ્વપ્ન સાકાર કરવા આહ્વાન કર્યું છે. વડાપ્રધાનના સંકલ્પને પાર પાડવા કૃતનિશ્ચયી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પર્યાવરણની જાળવણી અને પ્લાસ્ટિક કચરાના વ્યવસ્થાપન અને તેના થકી આઝાદીના અમૃત મહોત્સવને ગામડાઓમાં પર્યાવરણ ઉત્સવ બનાવવાની દિશામાં પહેલ કરી છે.

સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ ઉપરાંત પ્લાસ્ટિકના પુનઃઉપયોગ તથા શક્ય હોય ત્યાં સુધી પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા જાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જેમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પ્રદૂષણના નિયંત્રણ અને નિયમન માટે અવિરતપણે કાર્યશીલ રહી મહત્ત્વની ભૂમિકા નિભાવી રહ્યું છે. બોર્ડના એકધારા પ્રયાસો સાથે માત્ર ૧૦૦ ગામડાઓથી શરૂ થયેલા પર્યાવરણનો આ ઉત્સવ આજે ૧૫૨ ઉદ્યોગો થકી ગુજરાતના ૮૪૮ ગામડાઓમાં વિસ્તાર પામ્યો છે. કચરાના નિયમોનું યોગ્ય પાલન થાય તે માટે ગામડાઓમાં અને તેની આસપાસના વિસ્તારમાં છેલ્લા છ મહિનામાં કુલ ૧.૬૦ લાખ કિલો પ્લાસ્ટિક કચરો એકત્રિત કરી, તેનો નિયમ મુજબ નિકાલ કરવામાં આવ્યો છે. હાલમાં નિયમો અનુસાર તેને રિસાયકલ, CO-PROCESSING, RE-PROCESSING થકી નિકાલ કરવાની અને તે માટેની કાયમી વ્યવસ્થાઓ પણ ઊભી કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ગત વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે ૧૫ દિવસ સુધી રાજ્યના કુલ ૭૫ ગામડાઓમાં પ્લાસ્ટિક કચરાની સફાઈનો કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા.

પ્લાસ્ટિકના ઉપયોગની આડઅસર, પ્લાસ્ટિક કચરાને છુટ્ટો પાડી તેના નિકાલ બાબતે ગ્રામજનો, વિદ્યાર્થીઓ તથા યુવાનો માટે શાળાઓ, ગ્રામ પંચાયત તેમજ લોકોને જાગૃત કરવા કુલ ૧૦૦૦થી વધારે જનજાગૃતિ કાર્યક્રમો કરવામાં આવ્યાં છે.

પ્લાસ્ટિક બેગથી થતા નુકસાનને લઈને જાગૃતિ ફેલાવવા માટે ઘણી સંસ્થા, રાજ્ય સરકાર અને પ્રશાસન દ્વારા કાર્યક્રમ ચાલી રહ્યા છે, પરંતુ તે પૂરતું નથી. પ્લાસ્ટિકથી મુક્તિ મેળવવા માટે દરેક વ્યક્તિએ સમજદારીપૂર્વક પ્લાસ્ટિકના ઉપયોગ વિરુદ્ધ સંકલ્પ લેવાની જરૂર છે. સૌએ સાથે મળીને કરેલા આવા પ્રયાસના પરિણામે પર્યાવરણ પર સકારાત્મક અસરો થતી જોઈ શકાશે. તેમાં શંકાને કોઈ સ્થાન નથી.●

# વિશ્વ વસ્તી દિવસ



## ભારતમાં યુવાનોના કૌશલ્યવર્ધનથી આર્થિક સશક્તીકરણ

હર્ષદ રૂપાપરા

સમગ્ર વિશ્વ માટે વસ્તી વિસ્ફોટ જટીલ સમસ્યા બની ગઈ છે. વિશ્વના વિકસિત અને વિકાસશીલ બંને દેશોમાં જે દરે વસ્તી વધારો થઈ રહ્યો છે તે ચિંતાપ્રેરક બાબત છે. પૃથ્વી ઉપરના કુદરતી સંપત્તિના જથ્થામાં વધારો થતો નથી પણ તેના વપરાશકર્તાઓની સંખ્યા પ્રમાણમાં વધી રહી છે. દુનિયાના વિકાસશીલ દેશોમાં બહોળા પ્રમાણમાં વસ્તી વધારો થઇ રહ્યો છે. દર વર્ષે ૧૧ જુલાઈના રોજ વિશ્વ વસ્તી દિવસ ઉજવવામાં આવે છે. અત્યારના સમયમાં વિશ્વમાં વસ્તી-વધારાની સમસ્યા કપરી બની છે. વિશ્વમાં વસ્તી વધારાની સમસ્યા પ્રત્યે લોકોમાં જાગૃતિ આવે તથા વધતી જતી વસ્તી પર અંકુશ લાગી શકે તે માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘના સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમની સંચાલન પરિષદ દ્વારા વર્ષ ૧૯૮૯થી વિશ્વ વસ્તી દિવસ ઉજવવામાં આવે છે

ભારત વિવિધ સંપ્રદાય, સંસ્કૃતિ, ભાષા, પહેરવેશની વિવિધતા ધરાવતો દેશ છે. તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ દ્વારા બહાર પાડવામાં આવેલા સ્ટેટ ઓફ વર્લ્ડ પોપ્યુલેશન રિપોર્ટ અનુસાર ભારત ચીનની વસ્તીની બાબતમાં પાછળ પાડીને વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બન્યો છે. જો કે, ભારતમાં વસ્તી વૃદ્ધિના દરમાં પાછલા વર્ષોની સરખામણીમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. જેથી વસ્તી વધારાનો દર પાછલા દસકોની સરખામણીમાં ધીમા દરે વૃદ્ધિ પામી રહ્યો છે તે રાહતની વાત છે.

સમગ્ર વિશ્વની વસ્તી આઠ અબજને આંબવા જઈ રહી છે. વસ્તી વધારાના કારણે અનેક સમસ્યાઓ સર્જાય છે. આથી જ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૯માં સ્વતંત્રતા પર્વે લાલ કિલ્લા પરથી સમગ્ર દેશને સંબોધન કરતા દેશની ઝડપથી વધી રહેલી વસ્તી અંગે ચિંતા વ્યક્ત કરી હતી. કેન્દ્ર અને રાજ્ય સરકાર બંનેને આ બાબતે ગહન ચિંતન કરીને આ ગંભીર સમસ્યા પ્રત્યે જાગૃત બનવા સાથે તેને પહોંચી વળી શકાય તે માટે વિવિધ પ્રોત્સાહક અને નિયંત્રણાત્મક યોજનાઓનું ઘડતર કરવા માટે અનુરોધ કર્યો હતો.

વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, ભારતને હવે અશિક્ષિત સમાજ પરવડી શકે તેમ નથી. સામાન્ય જનતા બાળકોને જન્મ આપતા પહેલા તે માટેના સંસાધનો પહેલેથી જ ખાતરી કરે તે ખૂબ જ જરૂરી છે. માતાપિતાની આ ગંભીર ફરજ વિશે લોકોને શિક્ષિત થવું જરૂરી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વતંત્રતા દિવસે તેમના સંબોધનમાં વસ્તી વધારા અંગે કરેલી ચિંતાથી આ વિષયની ગંભીરતા સમજી શકાય છે. આથી જ સરકારે વિવિધ નીતિઓ, પ્રકલ્પો દ્વારા વસ્તી વૃદ્ધિના દરને ઘટાડવા અને ડેમોગ્રાફિક ડિવિડન્ડ એટલે કે વસ્તી વિષયક લાભ મળે તેવા પ્રયાસો હાથ ધર્યા છે. સ્ટેટ ઓફ વર્લ્ડ પોપ્યુલેશન રિપોર્ટ -૨૦૨૩ અનુસાર ભારતની ૨૫% વસ્તી ૦-૧૪ વર્ષની વયજૂથની છે. ૧૮ % વસ્તી ૧૦-૧૯ વર્ષની વયજૂથની છે. ૨૬ % વસ્તી ૧૦-૨૪ વર્ષની વયજૂથની છે. ૬૮ % વસ્તી ૧૫-૬૪ વર્ષની વયજૂથની છે અને ૬૫ વર્ષની વયજૂથની વસ્તી ૭% છે.

એ જ રીતે, ભારતનો કુલ પ્રજનન દર ૨.૦ અંદાજવામાં આવ્યો હતો, જે વિશ્વની સરેરાશ ૨.૩ કરતા ઓછો છે. પ્રજનન દર વિકસિત પ્રદેશોમાં ૧.૫, ઓછા વિકસિત પ્રદેશોમાં ૨.૪ અને ઓછા વિકસિત દેશોમાં ૩.૯ હોવાનો અંદાજ છે.

ભારતીય પુરૂષનું સરેરાશ આયુષ્ય ૭૧ વર્ષ અને સ્ત્રીઓનું ૭૪ વર્ષ હોવાનો અંદાજ છે. વિકસિત પ્રદેશો માટે સરેરાશ આયુષ્ય પુરુષો માટે ૭૭ વર્ષ અને સ્ત્રીઓ માટે ૮૩ વર્ષ અંદાજવામાં આવ્યું હતું, જે સૌથી વધુ છે. ઓછા વિકસિત પ્રદેશો માટે, તે પુરુષો માટે ૭૦ વર્ષ અને સ્ત્રીઓ માટે ૭૪ વર્ષ છે, જ્યારે ઓછા વિકસિત દેશોમાં તે પુરુષો માટે ૬૩ વર્ષ અને સ્ત્રીઓ માટે ૬૮ વર્ષ હોવાનો અંદાજ છે.



દેશના કેન્દ્રિય નાણાં મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને સંસદમાં વર્ષ ૨૦૧૮ - ૧૯ની આર્થિક સમીક્ષા રજૂ કરતાં જણાવ્યું હતું કે, આવનારા દસ વર્ષ દરમિયાન દેશની વસ્તીમાં ઘટાડો જોવા મળશે તેમજ વર્ષ ૨૦૩૧ થી ૨૦૪૧ સુધીમાં લગભગ શૂન્ય થઈ જશે. ૦-૧૯ વર્ષના યુવાનોની સંખ્યા વર્ષ ૨૦૧૧ માં ૪૧% હતી, જ્યારે વર્ષ ૨૦૪૧માં ઘટીને ૨૫ % થઇ જશે. વિશ્વની જનસંખ્યામાં પ્રતિ વર્ષ ૮ કરોડ ૩૦ લાખનો વધારો થાય છે.

### ભારતને ડેમોગ્રાફિક ડિવિડન્ડનો લાભ

યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (યુએનએફપીએ) અનુસાર, વસ્તી વિષયક લાભનો અર્થ છે, વસ્તીનાં વય માળખામાં ફેરફારને કારણે આર્થિક વૃદ્ધિની સંભાવના. જેમાં મુખ્યત્વે ૧૫ થી ૬૪ વર્ષની કાર્યક્ષમ વયની વસ્તી વધુ હોય છે. ભારત યુવાનોનો



દેશ છે. વિશ્વમાં સૌથી વધુ યુવાનો ભારતમાં છે. ચીન અને અન્ય વિકસિત દેશોની સરખામણીમાં ભારતની સરેરાશ ઉમર ઘણી ઓછી છે, એટલે કે યુવાન છે. ભારતની ૬૮ ટકા વસ્તી કાર્ય કરી શકે તેવા વયજૂથમાં આવે છે. અન્ય દેશોમાં કાર્યક્ષમ વયજૂથ એટલે કે, યુવાનોની સંખ્યા ઘટી રહી છે. જેના પરિણામે વિશ્વમાં ૫૬ મિલિયન એટલે કે, ૫.૬ કરોડ માનવબળની અછત થવાની સંભાવના છે. આવી સ્થિતિમાં ભારતીય માનવબળ ભારત અને વિદેશમાં આ અછતને પૂરી પાડવાની ક્ષમતા ધરાવે છે. આવી સ્થિતિમાં દેશની વધુ આર્થિક વૃદ્ધિ થવાની સંભાવના છે.

### યુવાશક્તિનું કૌશલ્યવર્ધન

યુવાશક્તિનો લાભ દેશને મળી રહે તે માટે રાજ્ય અને કેન્દ્ર સરકારે વિવિધ યોજનાઓ અમલી બનાવી છે. રાજ્ય અને દેશના યુવાનોમાં કૌશલ્ય વિકાસ થાય તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગુજરાત સરકારે યુવાશક્તિના કૌશલ્યવર્ધન માટે કૌશલ્ય યુનિવર્સિટીની સ્થાપના કરીને દેશને નવી દિશા આપી છે. સાથે યુવાનો માટે વિવિધ યોજનાઓ અમલી બનાવી છે. ગુજરાતમાં 'કૌશલ્યા ધ સ્કિલ યુનિવર્સિટી' ની સ્થાપના કરવામાં આવી છે. જેના દ્વારા કુશળ માનવબળની રચના કરવા પર ભાર આપવામાં આવી રહ્યો છે.

### વિદ્યા કૌશલ યોજના

વિદ્યા કૌશલ એ કૌશલ્ય વિકાસ માટે લોનની જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓ માટેનું વન સ્ટોપ પ્લેટફોર્મ છે. આ પોર્ટલ દ્વારા વિદ્યાર્થીઓને બહુવિધ કૌશલ્ય ધિરાણ પૂરું પાડવામાં આવે છે. માત્ર એક જ ફોર્મ ભરીને વિદ્યાર્થી બહુવિધ નોન-બેંકિંગ ફાઇનાન્સિયલ ઇન્સ્ટિટ્યૂટ (NBFC) દ્વારા ઓફર કરવામાં આવતી સ્કિલ લોન માટે અરજી કરી શકે છે.

### ગ્રામીણ કૌશલ્ય યોજના:

DDU-GKY એ રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (NRLM) નો એક ભાગ છે, જે ગ્રામીણ ગરીબ પરિવારોની આવકમાં વિવિધતા ઉમેરવા અને ગ્રામીણ યુવાનોની કારકિર્દીની આકાંક્ષાઓને પૂર્ણ કરવાના બેવડા ઉદ્દેશ્યો સાથે કામ કરે છે. DDU-GKY ગરીબ પરિવારોના ૧૫ થી ૩૫ વર્ષની વય વચ્ચેના ગ્રામીણ યુવાનો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

### પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના:

આ યોજનાનો ઉદ્દેશ્ય મોટી સંખ્યામાં ભારતીય યુવાનોને ઉદ્યોગ-સંબંધિત કૌશલ્ય તાલીમ આપી સક્ષમ બનાવવાનો છે. જે તેમને વધુ સારી રોજગારી આપવામાં મદદ કરશે. અગાઉના શિક્ષણનો અનુભવ અથવા કૌશલ્ય ધરાવતી વ્યક્તિઓનું પણ મૂલ્યાંકન કરવામાં આવશે અને પ્રાયર લર્નિંગની માન્યતા (RPL) હેઠળ પ્રમાણિત કરવામાં આવશે.

### વિકલાંગ વ્યક્તિઓના કૌશલ્ય પ્રશિક્ષણ માટે નાણાકીય સહાય:

આ યોજના ઉદ્યોગની જરૂરિયાતો અનુસાર વિકલાંગ લોકોના કૌશલ્ય વિકાસને લક્ષ્યાંકિત કરે છે. જે તેમને લાભદાયક રીતે રોજગારી મેળવવામાં અને ભારતના વધતા અર્થતંત્રમાં યોગદાન આપવા માટે મદદ કરી શકે છે. તાલીમાર્થીઓને DA માટે NCSC દ્વારા સ્ટાઈપેન્ડરી સપોર્ટ આપવામાં આવે છે. તે તાલીમ પૂર્ણ કર્યા પછી તાલીમાર્થીઓને પ્રમાણપત્ર આપે છે. જે એક્સપોઝિટરી- NOS સંરેખિત અભ્યાસક્રમ પર આધારિત છે.

### રાષ્ટ્રીય એપ્રેન્ટિસશીપ તાલીમ યોજના:

તે એક વર્ષનો કાર્યક્રમ છે જે ટેકનિકલી લાયકાત ધરાવતા યુવાનોને તેમના કાર્યક્ષેત્રમાં જરૂરી વ્યવહારુ જ્ઞાન અને કૌશલ્યોથી સજ્જ કરે છે. એક વર્ષની તાલીમના અંતે તેઓને ચોક્કસ ક્ષેત્રમાં તેમની તાલીમ અને પ્રાવીણ્યને પ્રમાણિત કરતું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

### નેશનલ એપ્રેન્ટીસશીપ પ્રમોશન સ્કીમ

નેશનલ એપ્રેન્ટીસશીપ પ્રમોશન સ્કીમ (NAPS) એ એપ્રેન્ટીસશીપને પ્રોત્સાહન આપવા માટે ભારત સરકારની નવી યોજના છે. એપ્રેન્ટિસશીપ તાલીમમાં ઉદ્યોગમાં કાર્યસ્થળ પર મૂળભૂત તાલીમ અને નોકરી પરની તાલીમ/વ્યવહારિક તાલીમનો સમાવેશ થાય છે.

### ગ્રીન સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ:

મોટાભાગના વ્યાવસાયિક તાલીમ કાર્યક્રમો 'સોફ્ટ' અથવા 'ગ્રીન' કૌશલ્યોને બદલે યાંત્રિક/તકનીકી કૌશલ્યો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ગ્રીન કૌશલ્યો ટકાઉ ભવિષ્ય માટે પર્યાવરણીય ગુણવત્તાને જાળવવામાં અથવા પુનઃસ્થાપિત કરવામાં ફાળો આપે છે અને તેમાં એવી નોકરીઓ સામેલ છે, જે ઇકોસિસ્ટમ અને જૈવવિવિધતાને સુરક્ષિત કરે છે, ઊર્જા ઘટાડે છે અને કચરો અને પ્રદૂષણ ઘટાડે છે. વડાપ્રધાનશ્રીના સ્કીલ ઈન્ડિયા મિશનને અનુરૂપ, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (MoEF&CC) એ વિશાળ નેટવર્ક અને ENVIS હબ/RPsની કુશળતાનો ઉપયોગ કરીને પર્યાવરણ અને જંગલમાં કૌશલ્ય વિકાસ માટે એક પહેલ હાથ ધરી છે.

આમ, વસ્તીને રોજગારના વિવિધ અવસરો ઉપલબ્ધ કરાવીને દેશના વિકાસમાં ઉપયોગ કરી શકાય તે માટેની રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. જેનો લાભ મોટાપાયે ભવિષ્યમાં દેશને થશે. ●

# રાજ્યના ૧.૫ કરોડ લોકોને રોજગારી પૂરી પાડતું "બ્લ્યૂ રિવોલ્યુશન"

**સુનિલ પટેલ**

ભારતમાં દર વર્ષે તા. ૧૦ મી જુલાઇના રોજ 'રાષ્ટ્રીય મત્સ્યપાલક' એટલે કે 'માછીમાર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણીમાં ટકાઉ જથ્થા અને તંદુરસ્ત નિવસનતંત્રને સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવા કરવામાં આવે છે. તેનો ઉદ્દેશ તમામ માછીમારો, માછલી ઉછેરતા ખેડૂતો અને સંબંધિત હિતધારકો સાથે એકતા દર્શાવવાનો છે. વધુ પડતી માછીમારી, રહેઠાણના વિનાશ અને દરિયાઇ અને તાજાં પાણીનાં સંસાધનોની સ્થિરતા માટેના અન્ય ગંભીર જોખમો તરફ ધ્યાન દોરવાનો પણ તેનો ઉદ્દેશ છે.

માછીમારી એ દેશ અને રાજ્યનો જૂનો વ્યવસાય છે. રાજ્યના ૧.૫ કરોડ લોકો સીધી કે આડકતરી રીતે મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલ છે. દરિયાઇ મત્સ્ય ઉત્પાદન ક્ષેત્રે ગુજરાત ભારતમાં પ્રથમ ક્રમે છે. ગુજરાત રાજ્યમાં દરિયાઈ ક્ષેત્રમાં મત્સ્યોદ્યોગ વિકાસની વિપુલ પ્રમાણમાં તકો ઉપલબ્ધ છે. બોટ મુવમેન્ટ તેમજ ટોકન સિસ્ટમ તથા પેપરલેસ બોટ રજિસ્ટ્રેશન સિસ્ટમ અપનાવવામાં ગુજરાત દેશમાં પ્રથમ છે. રાજ્ય ગુજરાત રાજ્યમાં ડીપ-સી ફિશીંગ વેસલ, મોટોરાઈઝ્ડ નોન-મિકેનિકલ, મોટોરાઈઝ્ડ મિકેનિકલ, નોન-મોટરાઈઝ્ડ બોટો આવેલી છે. હાલ રાજ્યમાં કુલ ૨૭,૫૭૩ બોટો નોંધાયેલી છે. માછીમારોને દરિયાઈ મત્સ્યોદ્યોગ ક્ષેત્રે ડિઝલ વેટ રાહત, જીવનરક્ષક સાધનોની ખરીદી પર સહાય, GPS સાધનોની ખરીદી પર સહાય, પાકિસ્તાન દ્વારા બંધક માછીમારને રૂ. ૩૦૦ દૈનિક સહાય, ડીપ સી ફિશિંગ માટે પ્રોત્સાહન, જમ્બો પ્લાસ્ટિક ક્રેટ, ઈન્સ્યુલેટેડ બોક્ષ, નવા એન્જિન ખરીદી પર સહાય જેવી યોજનાઓનો લાભ માછીમારોને આપીને પ્રોત્સાહન આપવામાં આવે છે.

વિશ્વસ્તરીય માળખાકીય સુવિધાઓ જેવી કે, મત્સ્ય બંદર, મત્સ્ય ઉતરાણ કેન્દ્રો દ્વારા મત્સ્યોદ્યોગની ઉત્પાદકતા, ગુણવત્તા અને નફાકારકતા વધારી અને રાજ્યના મત્સ્ય ઉત્પાદને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મકતા પૂરી પાડવી, ક્ષારયુક્ત પાણીથી ભરાયેલ તદ્દન બિનઉપયોગી જમીન પર મત્સ્ય અથવા ઝીંગા ઉછેરને પ્રોત્સાહન આપવું, આંતરદેશીય મત્સ્ય ઉત્પાદન વધારવા માટે કેજ ફિશિંગ અને ઝીંગા ઉત્પાદનને પ્રોત્સાહન, કેપ્ચર અને કલ્ચર ફિશરીઝ માટે માળખાગત સુવિધાનું નિર્માણ અને આધુનિકીકરણ કરવામાં આવ્યું છે. રાજ્યમાં મત્સ્ય બીજ ઉત્પાદન હેતુ કુલ ૬ મત્સ્ય ઉત્પાદન કેન્દ્ર વિકસિત કરવામાં આવ્યા છે. મત્સ્ય બીજના ઉછેર માટે કુલ ૧૭ નર્સરી, ગ્રો આઉટ અને સ્ટોકિંગ પોન્ડ રાજ્ય સરકાર હસ્તક છે.

ગુજરાત માછલીનું ૬.૨૦ લાખ મેટ્રીક ટન ઉત્પાદન કરે છે. જેમાંથી ૨.૨૮ લાખ મેટ્રીક ટન માછલીની નિકાસ કરીને રૂ. ૪,૨૫૪ કરોડની આવક કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૪-૨૫ સુધીમાં મત્સ્ય ઉત્પાદન વધારવા અને મત્સ્ય ઉત્પાદન માટે માળખાકીય સુવિધા અને સંચાલન પૂરું પાડવા તથા માછીમારોના કલ્યાણ માટે ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (PMMSY) વર્ષ ૨૦૨૦-૨૧માં અમલમાં મૂકવામાં આવી હતી. પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (PMMSY) ભારત સરકારની રૂ. ૨૦,૦૫૦ કરોડની પંચવર્ષીય ફ્લેગશીપ યોજના છે.

દરિયાઈ કાંઠા વિસ્તારમાં પથરાયેલ ૩,૭૬,૦૦૦ હેક્ટર વિસ્તાર ભાંભરા પાણીમાં થતાં જળ-જીવ માટે અનુકૂળ તેવો વિશાળ વિસ્તાર તેમજ મીઠા પાણીનો જળ વિસ્તાર આવેલા છે. પાંચ પ્રમુખ બારમાસી નદી (૧,૧૯૨ કિ.મી.)આશરે ૧૫૦ મધ્યમ અને મોટા જળાશયો સરોવરો (૨,૪૨,૦૦ હેક્ટર) ૫,૨૦૦ સિંચાઈ તળાવો, ગ્રામ તળાવો (૬૪,૫૦૦ હેક્ટર)તેમજ લગભગ ૨૧,૦૦૦ હેક્ટર નદી મુખ પ્રદેશ વિસ્તાર આવેલા છે. આ વિશાળ જળરાશીમાં જુદી-જુદી જાતોની મત્સ્યનો કુદરતી વિકાસ થાય છે.

રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ માછીમારો માટે વર્ષઃ ૨૦૦૭માં સાગરખેડૂ યોજના અમલમાં મૂકી હતી. રાજ્યના ૧૩ જિલ્લાના ૩૮ તાલુકામાં તે અમલી છે. જેમાં મત્સ્યોદ્યોગ સાથે અને સમુદ્રી વ્યવસાય સાથે જોડાયેલા લોકોના આર્થિક કલ્યાણ અને સહાયરૂપ થતી અનેક પેટાયોજના સામેલ કરવામાં આવેલી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા પણ તાજેતરમાં રજૂ કરાયેલા બજેટમાં રૂ. ૨૬૦ કરોડ જેટલી રકમ આ ૧૩ જિલ્લાના દરિયાઇ પટ્ટાના સર્વાંગી વિકાસ માટે નિર્ધારિત કરવામાં આવી છે. રાજ્ય સરકારે બ્લ્યૂ ઈકોનોમીને વેગ આપવા અને આ વ્યવસાય સાથે જોડાયેલા લોકોને આર્થિક પ્રોત્સાહન આપવા અનેક આર્થિક રાહત અને સબસિડી આપવાની જોગવાઇ કરી છે. માછીમારીના વ્યવસાય સાથે સંકળાયેલ લોકોને તાલીમ આપવા અને તેમને ધંધો વ્યવસાય શરૂ કરવા બોટ, નેટ પૂરી પાડવી, મત્સ્ય બીજ સંવર્ધન કરવા સહિતની કામગીરી માટે રાજ્ય સરકાર દ્વારા મદદ પૂરી પાડવામાં આવે છે.રાજ્યમાં માછીમારી વ્યવસાય જેને બ્લ્યૂ ઈકોનોમી તરીકે ઓળખવામાં આવે છે, તેના વિકાસ માટે રાજ્ય સરકારે અનેક પ્રયાસો કર્યા છે. જેના કારણે માછીમારી વ્યવસાય રાજ્ય માટે મહત્વનો વ્યવસાય બની રહ્યો છે. ●



આવો, સૌ સાથે મળી

# મેલેરિયાનું નિર્મૂલન કરીએ.

તાવ હોય તો
આરોગ્ય કાર્યકર પાસે
લોહીની તપાસ મફત કરાવો
અને મેલેરિયા હોય તો,
સંપૂર્ણ સારવાર લો





## મેલેરિયાનો ફેલાવો માદા એનોફીલીસ મચ્છર દ્વારા થાય છે



ઘરની આજુબાજુમાં પાણીનો
ભરાવો થવા ન દો.
ભરાયેલ પાણી વહેવડાવી દો.



પાણીના નાના
ખાડા-ખાબોચિયા પૂરી દો.



પાણીના મોટા ભરાવામાં
પોરાભક્ષક માછલીઓ
અવશ્ય મુકાવો.



મેલેરિયાથી બચવા દવાયુક્ત
મચ્છરદાનીનો ઉપયોગ કરો.

વધુ માહિતી માટે આરોગ્ય કાર્યકર અથવા સરકારી દવાખાનાનો સંપર્ક કરો.

"મેલેરિયા રોગનું પ્રમાણ ઘટાડવા અને
જીવન બચાવવા માટે નવીનત્તમ સંવાદ હાથ ધરીએ"

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા જનહિતમાં પ્રસારીત

G20
भारत 2023 INDIA

# U20
# AHMEDABAD 2023

वसुधैव कुटुम्बकम्

ONE EARTH • ONE FAMILY • ONE FUTURE

**Published on Date : 01-07-2023**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023
• Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages • Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad &
Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦